Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૩૬
તા.૨૧-૦૬-૨૦૧૮, ગુરૂવાર
સંવત ૨૦૭૪ જેઠ સુદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૫ સૂર્યાસ્ત : ૦૭:૨૮

તાપમાન			
ડીસા	૩૯.૯	વડોદરા	૩૮.૭
અમદાવાદ	૪૦.૫	સુરત	૩૫.૪
ગાંધીનગર	૩૯.૬	નલિયા	૩૫.૬

ચાંદી : ૪૧,૦૦૦ સોનું : ૩૨,૪૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

આજે આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી

મોદી દહેરાદુનમાં પહોંચે તે પહેલા તમામ તૈયારી પૂર્ણ કરાઇ : યોગને પ્રોત્સાહન આપવા માટે દુનિયાભરના ૧૭૦થી વધુ દેશોમાં પણ યોગ સાધનાના કાર્યક્રમો થશે : મોદી સરકારના તમામ કેન્દ્રિય મંત્રીઓને જવાબદારી

નવી દિલ્હી

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની આવતીકાલે દેશભરમાં ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવનાર છે. દેશ વિદેશમાં અનેક મોટા કાર્યક્રમો યોજાનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દહેરાદુનથી વિશ્વનું નેતૃત્વ કરશે. મોદીની સાથે ઉત્તરાખંડના મુખ્યપ્રધાન પણ યોગ કાર્યક્રમમાં ભાગ લેનાર છે. ચોથા યોગ દિવસને લઇને યોગી પોતે તૈયારીની સમીક્ષા છેલ્લા કેટલાક દિવસથી કરી રહ્યા હતા. વર્ષ ૨૦૧૪માં એનડીએ સત્તામાં આવ્યા બાદ એનડીએ સરકારના પ્રધાનો સતત જુદા જુદા કાર્યક્રમમાં ભાગ લઇ રહ્યા છે. મોદીની પહેલ પર યોગને વિશ્વ દિવસોમાં સામેલ કરવામાં આવ્યા બાદ દુનિયાભરમાં યોગને પ્રોત્સાહન મળી રહ્યું છે. આ પ્રસંગે દેશ વિદેશના અનેક મોટા કાર્યક્રમો યોજવામાં આવનાર છે. મોદી પોતે દહેરાદુનમાં હાજર રહેશે અને હજારો લોકોની સાથે યોગા કરશે.દેહરાદુનમાં આયોજિત કાર્યક્રમમાં ૨૦,૦૦૦થી વધારે લોકો તેમની સાથે ભાગ લે તેવી શક્યતા દેખાઈ રહી છે. તમામ તૈયારી કરી લેવામાં આવી છે. શહેરમાં ૧૦૦ જુદા જુદા સ્થળો ઉપર પણ ૧૦,૦૦૦થી વધારે લોકો ભાગ લે તેવી શક્યતા છે. આ વખતે યોગ દિવસને મનાવવા માટે ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. યોગને પ્રોત્સાહન આપવા માટે ભારત, અમેરિકા, ચીન, કેનેડા, ઓસ્ટ્રેલિયા સહિતના અનેક દેશોમાં યોગ સાધનાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.ચોથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને મનાવવા માટે વિશેષ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. દુનિયાના ૧૭૦થી વધુ દેશમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અત્રે નોંધનિય છે કે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ બે વર્ષ પહેલા ઐતિહાસિક પ્રસ્તાવના માધ્યમથી ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે મનાવવાની જાહેરાત કરી હતી. સંયુક્ત રાષ્ટ્ર ગુરૂવારના દિવસે ચોથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈને સંપૂર્ણપણે તૈયાર છે અને આ કાર્યક્રમ હેઠળ વિશ્વ સંસ્થાની ઓફિસ પર યોગાસનની પ્રતિમા પણ મુકવામાં આવી છે. બીજી બાજુ બીજા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસંગે કેન્દ્રિય મંત્રી યોગની સાધના કરશે. જુદા જુદા પ્રધાનોને જુદા જુદા રાજ્યોની જવાબદારી સોંપવામાં આવી છે. મોદી દેહરાદુનમાં થનાર કાર્યક્રમમાં ભાગ લેશે. જે પ્રધાનોને જવાબદારી સોંપવામાં આવી છે તેમાં રાજનાથસિંહનો પણ સમાવેશ થાય છે. તમામ મંત્રીઓ સરકાર તરફથી દેશભરમાં આયોજિત કરવામાં આવી રહેલા કાર્યક્રમોનું નેતૃત્વ કરશે. એકલા ઉત્તરપ્રદેશમાં ૧૦ જેટલા પ્રધાનો આ કાર્યક્રમોમાં સામેલ થશે.સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ડિસેમ્બર ૨૦૧૪માં ૨૧ જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે મનાવવાની જાહેરાત કરી હતી. ૪૦ ઈસ્લામિક દેશો સહિત ૧૯૦થી વધુ દેશોએ યોગ માટે એક ખાસ દિવસ રાખવાની પહેલનું સમર્થન કર્યું હતુ.

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલમાં વિશ્વયોગ દિવસની ઉજવણી



વસંત બારોટ

શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ વિદ્યાલય વેડ રોડ સુરત ખાતે 'વિશ્વયોગ દિવસ' ની ઉજવણીના ભાગરૂપે સંસ્થાના મહંત સદ્.પ.પૂ.ધર્મવલ્લભદાસજી સ્વામી અને પ.પૂ. પ્રભુચરણદાસજી સ્વામી તેમજ પૂ.શ્વેતવૈકુંઠદાસજી સ્વામી અને પૂ.સ્વયંપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણા અને માર્ગદર્શનથી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ભારત માતાના નકશાની વિશાળ માનવાકૃતિની રચના કરી હતી. શાળાના અંગ્રેજી-ગુજરાતી માધ્યમમાં ૫૦૦૦ થી વધુ બાળકોએ યોગાસનો કરી વિશ્વયોગ દિનની ઉજવણી કરી હતી. ભારત માતાની વિશાળ માનવાકૃતિમાં કુલ ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ સામેલ થયા હતા જેની લંબાઈ ૩૨ મીટર અને પહોળાઈ ૨૪ મીટર હતી. યોગાસન દ્વારા શ્રી સ્વામિનારાયણ ભગવાનના ઉપદેશેલી અષ્ટાંગ વિદ્યાને ઉજાગર કરી હતી. શાળાના આચાર્ય ઠેસિયા પ્રભાકરે માર્ગદર્શન તેમજ વ્યાયામ શિક્ષકો તેમજ સર્વ શિક્ષક મિત્રોના સહકારથી સમગ્ર કાર્યક્રમ મુજબ પ્રેરણાદાયી અને સફળ બની રહ્યો હતો.

વિચાર વૈભવ...

'મારે ચશ્માં જોઈએ છે'

'સામેના ટેબલ પર બેસી જા'

'કેમ?'

'ચશ્માંના નંબર તો નક્કી કરવા પડશે ને?'

'ચશ્માં મારા માટે નથી જોઈતા'

'તો?'

'શિક્ષક માટે જોઈએ છે'

'કેમ?'

'હું જ્યારે પણ સ્કૂલમાં જાઉં છું અને એમની નજર મારા પર પડે છે ત્યારે એમને મારામાં વાંદરાનાં જ દર્શન થાય છે. મને અમે લાગે છે કે એમને ચશ્માંની જરૂર છે.'

*****

તલવાર અને બંદૂક, મશીનગન અને મિસાઈલ્સ, રાઈફલ અને બૉમ્બ આ બધાં શસ્ત્રો જરૂર છે પણ એ શસ્ત્રોથી જેટલો હાહાકાર આ જગતમાં સર્જાયો છે. કદાચ એમ કહું કે શસ્ત્રોના ઉપયોગ માટે માણસને તૈયાર કરવામાં શબ્દોએ મહત્વનો ભાગ ભજવ્યો છે.

'આંધળાના દીકરા આંધળા જ હોય' દ્રૌપદીના મુખમાંથી નીકળી ગયેલ આ શબ્દોએ દુર્યોધનને મહાભારતના યુદ્ધ માટે સજ્જ કરી દીધો હતો એ હકીકત તો જગજાહેર જ છે ને? એટલું જ કહીશ કે તલવારને મ્યાનમાં જ રખાવવી હોય તો શબ્દોને વિવેકના નિયંત્રણમાં રાખી દો.

શ્રીમદ્ વિજય
રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

સાર સમાચાર...

ભાજપે અમદાવાદ જિલ્લા પંચાયત કોંગ્રેસ પાસેથી આંચકી

અમદાવાદ

કોંગ્રેસ શાસિત અમદાવાદ જિલ્લા પંચાયતમાં અઢી વર્ષ બાદ સત્તા પરિવર્તન થઈને ભાજપનું કમળ ખીલ્યું હતું. જોકે અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખપદની આજની ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા હોર્સ ટ્રેડિંગનો આક્ષેપ મુકાતાં એક તબક્કે રાજકીય વાતાવરણ ગરમાયું હતું. અમદાવાદ જિલ્લા પંચાયતના નવા પ્રમુખ તરીકે જિતેન્દ્રસિંહ ચૌહાણ અને ઉપપ્રમુખ તરીકે ભાવિબહેન પટેલની વરણી કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લા પંચાયતની ચૂંટણી દરમ્યાન કોંગ્રેસના છ સભ્યોએ પાટલી બદલતાં પરિણામો પર તેની અસર પડી હતી. અમદાવાદ જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના ૧૮ સભ્ય અને ભાજપના ૧૩ સભ્ય હોઈ કોંગ્રેસ પાસે બહુમતી હતી.

ચાણસ્મા તાલુકા પંચાયતમાં પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણીમાં ખુરશીઓ ઉછળી

વર્તમાન પ્રમુખની ગેરહાજરીમાં પ્રમુખ-ઉપપ્રમુખ વરણી

ચાણસ્મા

ચાણસ્મા તાલુકા પંચાયતમાં પ્રમુખ/ઉપપ્રમુખની ગતરોજ યોજાયેલી ચુંટણી દરમ્યાન કોંગ્રેસ પક્ષના બે જુથો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ સભામાં ખુરશીઓ ઉછળી હતી. અને જોતજોતામાં મામલો ગંભીર બનતાં વર્તમાન મહિલા પ્રમુખ જુથના અપક્ષ સાથે સાત સભ્યો વોકઆઉટ કરી ગયા હતા. જ્યારે પક્ષના મેન્ડેડ પ્રમાણે સામા જુથના ૧૦ સભ્યો મીટીંગમાં હાજર રહેતાં ચુટણી અધિકારીએ પ્રમુખ/ઉપપ્રમુખને બિનહરીફ જાહેર કર્યા હતા. જો કે વર્તમાન પ્રમુખ જુથની ગેરહાજરી વચ્ચે પરિણામ જાહેર કરતાં આ ચુટણી પ્રક્રિયા સામે કાયદાકીય લડત આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

અનુસંધાન પાના નં.૬

જમ્મુ કાશ્મીર : ત્રાસવાદ સામે ઓપરેશન વધુ તીવ્ર કરાશે

શ્રીનગર

જમ્મુ કાશ્મીરમાં મહેબુબા સરકારનું પતન થયા બાદ આજે રાજ્યપાલ એનએન વોરાએ રાજ્યની જવાબદારી સંભાળી લીધી હતી. કાશ્મીરમાં આની સાથે જ વહીવટી હિલચાલ તીવ્ર બની ગઈ હતી. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના ખાસ રહી ચુકેલા વધારાના મુખ્ય સચિવ (ગૃહ) બીવીઆર સુબ્રમણ્યમને કાશ્મીરમાં લાવવામાં આવ્યા છે. બીજી બાજુ સુરક્ષા દળોએ પણ ત્રાસવાદીઓ સામે કાર્યવાહી તીવ્ર બનાવી દીધી છે. ડીજીપી એસબી વૈદ્યએ આજે પ્રેશર ફ્રી હોવાનો સંકેત આપ્યો હતો.

વેડંચા ગામના માતા-પુત્રી ગૂમ થતાં ચકચાર

પિયર જવાનું કહી નીકળેલા બન્ને ઘરે પરત ન ફરતા પોલીસને જાણ કરાઈ

પાલનપુર

પાલનપુર તાલુકાના વેડંચા ગામની પરિણીતા મંગળવારે પોતાની એક વર્ષની દીકરી સાથે પિયર જવા નીકળી હતી. જે ગૂમ થતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે પાલનપુર તાલુકા પોલીસ મથકે જાણ કરવામાં આવતાં પોલીસે બન્ને માતા- પુત્રીની શોધખોળ હાથ ધરી છે. વેડંચા ગામમાં રહેતા જયેશભાઈ બેચરભાઈ ચૌધરીના પત્નિ જયશ્રીબેન એક વર્ષની પુત્રી દિયાને લઈ મંગળવારે સવારે ૯:૦૦ કલાકે પિયર ગઢ ગામે જવાનું કહી ઘરેથી નીકળ્યા હતા. જોકે, તેઓ પિયર પહોંચ્યા ન હતા. તેમજ ઘરે પણ પરત આવ્યા ન હતા. આ અંગેની જાણ થતાં પરિવારજનો ચિંતિત બની ગયા હતા. અને સગા સબંધીઓ ને ત્યાં શોધખોળ કરી હતી. તેમ છતાં બન્ને માતા- પુત્રીનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આથી જયેશભાઈ ચૌધરીએ આ અંગે પાલનપુર તાલુકા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે શોધખોળ હાથ ધરી છે. જેની વધુ તપાસ આઈએસઆઈ મેઘરાજભાઈ ચલાવી રહ્યા છે.

ખેડૂતોની વ્હારે ચડી ભારતીય કિસાન સંઘે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

બનાસકાંઠાના ૬૮૦૦૦ ખેડૂતોના પાક વીમા માટે વલખાં

ન્યાય નહીં મળે તો લોકસભાની ચૂંટણીમાં પરચો બતાવવાની ચીમકી : ૩૦૦ કરોડના પાક ધિરાણ ટાણે રૂ. ૭.૭૦ કરોડનું પ્રીમિયમ વસુલનારી વીમા કંપનીઓના હવે ઠાગાઠૈયા

સંજય જોષી

પાલનપુર

સરહદી બનાસકાંઠામાં ગત વર્ષે આવેલા પુરમાં ખેડૂતોને પારાવાર નુકશાન થયું હતું. જેમાં બેંકો દ્વારા ખેડૂતોને પાક ધિરાણ આપ્યું ત્યારે ફરજીયાત વિમાનું પ્રીમિયમ કાપવામાં આવ્યું હતું. પરંતુ નુકશાન બાદ ખેડૂતોને પાક વિમો ચૂકવાયો નથી. આ મુદ્દે કિસાન સંઘ ખેડૂતોની વ્હારે આવ્યો છે. કિસાન સંઘે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ન્યાયની ગુહાર લગાવી હતી. અને ન્યાય નહીં મળે તો લોકસભાની ચૂંટણી ટાણે ખેડૂતોની તાકાતનો પરચો બતાવવાની ચીમકી ઉચ્ચારી હતી.

સરહદી બનાસકાંઠામાં સને-૨૦૧૫-૧૭માં આવેલા પુરમાં ખેડૂતોને પારાવાર નુકશાન થયું હતું. જેમાં બેંકો દ્વારા ખેડૂતોને પાક ધિરાણ આપતા સમયે ફરજીયાત વિમાનું પ્રીમિયમ કાપવામાં આવ્યું હતું. પરંતુ નુકશાન બાદ ખેડૂતોને પાક વિમો ચૂકવાયો નથી. આ મુદ્દે કિસાન સંઘ ખેડૂતોની વ્હારે આવ્યો છે. બનાસકાંઠાના ૬૮૦૦૦ ખેડૂતોને ૩૦૦ કરોડનું પાક ધિરાણ આપતી વખતે વીમાના પ્રીમિયમની રૂપિયા ૭.૭૦ કરોડની રકમ કાપી લેવામાં આવી હતી. જોકે, ખેડૂતોને પારાવાર નુકસાન થયું હોવા છતાં વિમાની રકમની એક રાતી પાઈ પણ

અનુસંધાન પાના નં.૬

પરચો બતાવવાની ચીમકી

કિસાન સંઘ દ્વારા હવે વડાપ્રધાન ને પત્રો લખવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જ્યાં સુધી પાક વિમાની રકમ નહિ મળે ત્યાં સુધી પત્રો લખવામાં આવશે. જે બાદ પણ પરિણામ નહિ મળે તો ઉગ્ર આંદોલન કરાશે. અને લોકસભાની ચૂંટણીમાં ખેડૂતો સરકારને પોતાનો પરચો બતાવશે તેવી ચીમકી ખુદ કિસાન સંઘને ઉચ્ચારવાની ફરજ પડી છે. ત્યારે ખેડૂતોનો ખોફ લોકસભાની ચૂંટણી ટાણે ભાજપને ભારે પડે તેવા અણસાર વર્તાઈ રહ્યા છે.

થરાદના મેસરા પાસે ટ્રેલર અને ટેન્કર વચ્ચે અકસ્માતમાં ટેન્કર ચાલકનું મોત

થરાદ

પોલીસસૂત્રોએ જણાવ્યું હતું કે મંદિરસિંગ રૂલદાસિંગ શિખ રહેવાસી લેન્ડેકી તા.જી માંગા (પંજાબ)નો ચાલક મોરબીથી ટાઈલ્સ ભરીને આસામ જવા સારું નીકળ્યો હતો. જે બુધવારની બપોરના અઢી વાગ્યાના સુમારે થરાદ તાલુકાના મેસરા ગામની સીમમાંથી પસાર થતાં સાંચોર તરફથી GJ 12 A Z 8154 નંબરનું ટેન્કર બેફામ આવી રહ્યું હતું. જેના ચાલકનો ટેન્કર પર કાબુ નહી હોવાનું જોતાં જ ટ્રેલર ચાલકે પોતાનું ટેલર રોડની સાઈડમાં ઉતારી દીધું હતું. પરંતુ ટેન્કરના ચાલકે ટ્રેલરના કેબિનના પાછળના ભાગે ટ્રોલીને અથડાવી ટક્કર મારતા ટેન્કરનું કેબિન સંપૂર્ણ ભાગી જવા પામ્યું હતું અને ટેન્કરનો ચાલક નીચે પડી જતાં શરીરે ગંભીર ઈજાઓ થવાથી સ્થળ પર જ તેનું મોત નીપજ્યું હતું.ટ્રેલર ચાલકની ફરીયાદના આધારે પોલીસે ટેન્કર ચાલક સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવથી અરેરાટી મચવા પામી હતી.

ગતકડું....

- દેવન વ્યાસ



આયોજન પંચમાં છો ને ? પક્ષને મજબુત કરવાનું આયોજન કેમ નથી ફાવતું ?

MBBS ABROAD
USA, UK, BELARUS, GEORGIA, ARMENIA, UKRAINE, CHINA, KYRGYZSTAN, RUSSIA, KAZAKHSTAN, GERMANY
૧૨ વર્ષથી વિદ્યાર્થીઓને ભારત તથા વિદેશ માટે એડમિશન માર્ગદર્શન આપતી સંસ્થા
- 22 દેશોની, 23 કોલેજમાં Direct Admission
- 50 વર્ષ જુની Govt. તથા MCI/WHO માન્ય કોલેજો
- સંપૂર્ણ અભ્યાસક્રમ અંગ્રેજીમાં
- વિદેશ જતા પહેલા 15 દિવસની ટ્રેનીંગ
- વિદ્યાર્થીઓનું Monthly Result
- MCI, USMLE, PLAB ની તૈયારી
- ગુજરાતી ભોજન સાથે વાલીઓ માટે Photo on Whatsapp • સંપૂર્ણ સુરક્ષિત હોસ્ટેલ
- લોએસ્ટ પેકેજ • બેંક લોન ઉપલબ્ધ

ડૉ. ઉમેશ ગુર્જર
M.D., DGO, DNHE, CAFE

ડૉક્ટર બનવાનું માર્ગદર્શન ડૉ. ઉમેશ ગુર્જર દ્વારા. | ૧૨ વર્ષમાં ૬ લાખથી વધારે વિદ્યાર્થીઓને માર્ગદર્શન. | ૮૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ મેડિકલમાં પ્રવેશ મેળવ્યો. | ૩૦૦ થી વધુ ગુજરાતી વિદ્યાર્થીઓ વિદેશમાં.

OM EDUCON
વધુ માહિતી માટેઃ Call / Whatsapp:
7069007611 / 12

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

સૂર્યોદય - ૫.૫૫ સૂર્યાસ્ત - ૭.૨૮

તિથિદર્શન

જેઠ સુદ-૯ ગુરૂવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ :નોમ ગુરૂવાર નક્ષત્ર:હસ્ત રાત્રે ૧.૨૯ પછી ચિત્રા યોગ :વરીયાન કરણ : બાલવ આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

પ્રજત્યઘઃ પ્રત્યાતુર્જૈર્નરઃ સ્વૈરેવ ચેષ્ટતિઃ ।
અધઃ કૂપસ્ય ખનકઃ ઉર્ધ્વ પ્રસાદકારકઃ ॥
એક પ્રજાયતે જન્તુરકે એવ પ્રલીયતે ।
એકોનઅનુભૂક્તેમેક એવ ય દુષ્કૃત્યં ॥

માણસ પોતાનાં જ કાર્યો - કર્મથી ઉપર ચઢે છે કે નીચે પડે છે (પતન થાય છે.) દા.ત., જે માણસ કૂવો ખોદવાનું કર્મ કરે છે તે દિવસો દિવસ નીચે જ ઉતરી જાય છે અને મહેલ બનાવનાર દિવસો દિવસ ને ઉપર ચઢતો જાય છે. 'જીવ એકલો જ જન્મે છે, એકલો જ મરે છે અને એકલો જ પોતાનાં સારાં અને માઠાં કર્મોનું ફળ ભોગવે છે. સત્કર્મથી ઉન્નતિ થાય, દાન- પુણ્ય, સત્સંગ અને સત્કાર્યો દ્વારા, માન- અકરામ થાય. આ બધું જ તો જ પ્રાપ્ત થાય જો પૂર્વજન્મના સંચિત કર્મો ફળ આપતા થાય, માટે આ જન્મમાં પણ સત્કાર્ય - પુણ્યકર્મ ચાલુ જ રાખવા જોઈએ. અહીં વ્યાવહારિક ઉદાહરણ આપતાં કહ્યું છે, જેમ કૂવો ખોદનાર ખોદકામ કરતાં નીચે ને નીચે જાય છે. અને બહુમાળી બનાવનાર ઉંચે જ ચઢે છે તેમ દુષ્કૃત્યોથી પતન થાય અને સત્કાર્યોથી ઉન્નતિ. જન્મની સાથે જ સંબંધોનો પણ જન્મ થાય છે. એક અજ્ઞાત જીવ જન્મે ત્યારે મા-બાપ, દાદા- દાદી, નાના- નાની, માસી- માસા, ભાઈ- બહેનના સંબંધો સ્થપાઈ જાય છે. અને તેમની સાથે માયા- મમતા બંધાય છે. સ્વાર્થ લાગણી પ્રેમ જેવાં તત્વો તિરાડ કે બંધન આપે છે. ખરેખર તો જીવ પોતાના કર્મ ભોગવવા કે ચૂકવવા જ આવ્યો છે. જો નિર્લેપ થઈ પોતાનું કર્તવ્ય બજાવે તો જે રીતે એકલો આવ્યો તેમ એકલો જ જવાનો છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) પરિશ્રમનું શ્રેષ્ઠ ફળ મળે. ઉપરી અધિકારીથી લાભ થાય.

વૃષભ : (બ.વ.ઉ.) મિલ્કતના પ્રશ્નો હલ થાય. વ્યર્થ ક્રોધ ટાળવો હિતાવહ..

મિથુન : (ક.છ.ઘ.) સફળતા માટે મહેનત કરવી પડે. નવિન ખરીદી થાય.

કર્ક : (ડ.હ.) કાર્યબોજ વિશેષ રહે. નાણાંભીડ અનુભવાય.

સિંહ : (મ.ટ.) અણધાર્યો ધનલાભ થાય. ભાગીદારથી ચેતતા રહેવું હિતાવહ.

કન્યા : (પ.ઠ.ણ.) મનમાં ચંચળતા રહે. અણધારી આફત આવી પડે.

તુલા : (ર.ત.) જીવનસાથીના આરોગ્ય અંગે સંભાળવું. મનમાં વ્યગ્રતા રહે.

વૃશ્ચિક : (ન.ય.) કાર્યોમાં વિલંબથી સફળતા મળે. પરિવારજનોમાં વાદ-વિવાદ થાય.

ધન : (ભ.ફ.ધ.) ખર્ચ પર કાબુ રાખવો. ચિંતાનો ઉકેલ મળે.

મકર : (ખ.જ.) મનમાં અશાંતિ રહે. મનની મુરાદ બર આવે.

કુંભ : (ગ.શ.સ.) નવિન આયોજનો સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.

મીન : (દ.ચ.જ.થ.) આર્થિક સમસ્યા હળવી બને. અગત્યના કાર્યમાં સફળતા મળે.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

બીરલા-તાતાની હરોળમાં ઊભા રહી શકે તેવા અગ્રણી ઉદ્યોગપતિ શ્રી લક્ષ્મણરાવ કાશીનાથ કિર્લોસ્કરની જન્મ જયંતી છે. એમનો જન્મ તા. ૨૦-૬-૧૮૬૯ ના રોજ થયો હતો. હરિહરમાં 'મ્હેસૂર કિર્લોસ્કર લિ.', પુનામાં 'કિર્લોસ્કર ઓઈલ એજન્સી લિ.', બેંગ્લોરમાં 'કિર્લોસ્કર ઈલેક્ટ્રિક કંપની લિ.' તથા લોનાવાલામાં 'લકાકિ વર્કર્સ લિ.' નામે રંગ અને એનેમલના ધકારખાના શ્રી લ.કા. કિર્લોસ્કરની જીવન સાધનાના પ્રત્યક્ષ ઉદાહરણો છે. તુંગભદ્રાથી મૂળા-મૂઠા નદીના કાંઠા સુધી ખેતીના વિવિધ પ્રત્યક્ષ પ્રયોગો એમણે કરાવ્યા હતા. આ મહાન ઉદ્યોગપતિનું તા. ૨૬-૯-૧૯૫૬ ના રોજ અવસાન થયું

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા સબૂર..... અને વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

તા. ૨૧.૦૬.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!

તા. ૨૦.૦૬.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૭૮૮ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૭૩૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૭૦૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૮૦૮ પોઈન્ટ થી ૧૦૮૧૮ પોઈન્ટ, ૧૦૮૩૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા. ૨૦.૦૬.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૬૧૨ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૭૩૦ પોઈન્ટના પ્રથમ અને ૨૬૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૬૫૭૫ પોઈન્ટ થી ૨૬૫૩૦ પોઈન્ટ, ૨૬૫૦૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

લાર્સન લિમીટેડ (૧૩૧૨) :- કન્સ્ટ્રકશન ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૦૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૨૯૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૨૮ થી રૂ.૧૩૩૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૩૪૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૧૦૧૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૦૦૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૯૯૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૦૨૬ થી રૂ.૧૦૩૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

સેન્ચુરી ટેક્ષટાઇલ (૯૦૨) :- રૂ.૮૮૮ નો પ્રથમ તેમજ રૂ.૮૮૦ ના બીજા સપોર્ટથી ટેક્ષટાઇલ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૯૧૯ થી રૂ.૯૨૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

લ્યુપિન લિમિટેડ (૯૦૨) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૧૪ થી રૂ.૯૨૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૮૮૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

તાતા કેમિકલ (૭૩૦) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૭૦૭ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક કેમિકલ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૭૪૨ થી રૂ.૭૪૭ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

તાતા એલેક્સી (૧૩૨૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૩૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૦૯ થી રૂ.૧૨૯૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

ઇન્ફોસિસ (૧૨૪૦) :- રૂ.૧૨૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૨૨૭ થી રૂ.૧૨૧૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૯૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

અજંતા ફાર્મા (૧૦૬૨) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૮૮ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૦૪૭ થી રૂ.૧૦૪૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

મહિન્દ્રા & મહિન્દ્રા (૯૦૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઓટો સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૧૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૮૬ થી રૂ.૮૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૯૨૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

ઓરબિન્દો ફાર્મા (૬૨૦) :- રૂ.૬૩૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૪૦ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૬૦૯ થી રૂ.૬૦૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૬૪૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

થરાદમાં શ્રીમહાલક્ષ્મી માતાજીનો ૧૩મો પાટોત્સવ યોજાયો

વિષ્ણુ દવે

થરાદ

થરાદની થાણાશેરીમાં આવેલ શ્રીલક્ષ્મીમાતાજીના ૧૩મા પાટોત્સવની મંગળવારે રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી.જેમાં મંગળવારને માતાજીના મંદીર આગળ યજ્ઞ યોજાયો હતો.જેનો લાભ થાણાશેરીના જીવણજી જીતાજી સોની પરિવારે લીધો હતો.જ્યારે માતાજીના મંદીરે શિખર પર ધ્વજા ચડાવવાનો લાભ નગરપાલિકાના સદસ્ય દિપક ઓઝાએ લીધો હતો. થાણાશેરીના કાર્યકર્તાઓ નાગજીભાઈ રાજપુત,મુકેશભાઈ ત્રિવેદી,હરેશભાઈ સોની,હિમતલાલ સોની,પિન્ટુભાઈ ભાટી,રાજુભાઈ ભાટી વિગેરે દ્વારા પાટોત્સવમાં સેવાઓ આપાવામાં આવી હતી.

જલોત્રાના યુવા સામાજીક કાર્યકરને સોશ્યલ સર્વિસ એવોર્ડ અર્પણ કરાયો

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

રોટરી કલબ ડીસા દ્વારા ગત તા.૧૯-૬-૨૦૧૮ના રોજ વડગામના જલોત્રા ગામના યુવા સામાજીક કાર્યકર ઈશ્વરભાઈ ગલબાભાઈ રાવળને સોશ્યલ સર્વિસ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જે પ્રસંગે ડીસાના ડોક્ટરો તેમજ શહેરના નામાકીંત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહંત શ્રી બી.જે. વિદ્યામંદિર પેપળુનું ગૌરવ

પ્રતિ. વડાવળ

શ્રી નકળંગ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મહંત શ્રી બી.જે વિદ્યામંદિર પેપળું, તા.લાખણીની માધ્યમિક શાળાનું ચાલુ વર્ષે માર્ચ ૨૦૧૮ માં લેવાયેલ ધો.૧૦ નું પરિણામ ૭૬.૧૧ ટકા આવેલ છે. તેમાં શાળામાં પ્રથમ ક્રમે ખટાણા સુનિલ એમ. (પેપળું) ૯૨.૪૯, બીજા ક્રમે દેસાઈ અલ્પેશ.બી (વકવાડા) ૯૨.૨૨, ત્રીજા ક્રમે સુથાર ઝલકબેન આર. (પેપળું) ૯૧.૬૭ પર્સન્ટાઈલ રેંક સાથે ઉત્તીર્ણ થયેલ છે.

તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાનું ચાલુ વર્ષે માર્ચ ૨૦૧૮ માં લેવાયેલ ધો.૧૨ નું પરિણામ ૯૭.૫૬ ટકા આવેલ છે. તેમાં શાળામાં તથા લાખણી તાલુકામાં પ્રથમ ક્રમે દેસાઈ અલ્પેશ એમ. (પેપળું) ૯૯.૨૯, શાળામાં બીજા ક્રમે સુથાર વિપુલ.આર. (પેપળું) ૯૯.૧૩, ત્રીજા ક્રમે પ્રજાપતિ નયનાબેન.પી. (ધરણવા) તથા પ્રજાપતિ શિલ્પાબેન.પી. (પેપળું) ૯૭.૩૧ પર્સન્ટાઈલ રેંક સાથે ઉત્તીર્ણ થઈ શાળાનું, ગામનું તેમજ સમાજનું ગૌરવ વધારેલ છે.

પરીક્ષામાં જ્વલંત સિધ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને શ્રી નકળંગ એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખ મહંત બાબુપુરીજી મહારાજ, મંત્રી બાબુભાઈ વી. પાનકુટા તેમજ શાળાનાં આચાર્ય સુરેશભાઈ કે.આલ તથા શાળા પરિવાર અને સંચાલક મંડળે દ્વારા તમામને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યાં હતાં.

વડગામના તા.સહકારી સંઘની ૫૯મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ચર્ચા Group Discussion
પુષ્કર ગૌસ્વામી

તા પ્રતિ. વડગામ

વડગામ તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘની ૫૯ મી વાર્ષિક સાધારણ સભા જિ.સહકારી અગ્રણી, પૂર્વ ચેરમેન કે.પી.ચૌધરીની અધ્યક્ષતામાં ગઈકાલ તારીખ ૨૦ મી જૂન ૨૦૧૮ બુધવાર સવારે યોજાઈ હતી.

ચેરમેન કાંમરાજભાઈ બી.ભટોળે ગત સભાનું પ્રેસિડીંગ વાંચી સંભળાવી સંસ્થાનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. જેને બહાલી આપવામાં આવી હતી. વા.ચેરમેન ભીખાભાઈ યુ.કોરોટ, ડિરેક્ટરમાં માઘજી ભાઈ એફ પટેલ (જલોત્રા), અભરામભાઈ માંકણોજીયા, કેશાભાઈ પટેલ, કેશરભાઈ (નાની ગીડાસણ), ચેલાભાઈ પટેલ, વી.એફ ચૌધરી, ઘેમરભાઈ પટેલ, જશવંતસિંહ રાજપુત, રમેશભાઈ પરમાર, જીતાભાઈ ડેકલીયા, ગલબીબેન પટેલ, સેક્રેટરી માંઘજીભાઈ ધુળીયા, એપીએમસી ડીરેક્ટર ભગવાનસિંહ જી.સોલંકી (વડગામ), પરથીભાઈ લોહ (પસવાદળ) પ્રેમજીભાઈ ભૂતડીયા (અંદરાણા) વગેરે અગ્રણીઓએ પ્રાસંગિક વિચારો વ્યક્ત કર્યા હતા. બેઠકનું સફળ સંચાલન કાંમરાજભાઈ ભટોળે કર્યું હતું.

એસ.એસ.સી. (ગુજરાતી માધ્યમ) ડીસા સેન્ટર ફર્સ્ટ વિદ્યાર્થીનું સન્માન

ડીસા

વરસોથી વ્યસન મુક્તિ માટે કામ કરતા વડીલ મફતભાઈ મોદી, કલા ફાઉન્ડેશનના પ્રણેતા ચંદુભાઈ એ.ટી.ડી. ચિત્ર શિક્ષક નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, ભારત વિકાસ પરિષદ ડીસાના પ્રમુખ પારસભાઈ ત્રિવેદી મહામંત્રી જયેશભાઈ દેસાઈ વગેરે મિત્રોએ એસ.એસ.સી (ગુજરાતી માધ્યમ) ડીસા સેન્ટર ફસ્ટ કરણ વિપુલભાઈ મહેસુરીયા, ધો.૧૨ સાયન્સમાં ૭૫.૫ ટકા ગુણ લાવીને ઉજ્જવળ ભવિષ્યના સપનાં જોતી નિધિ મહેસુરીયાને પુષ્પગુચ્છ, મોમેન્ટો તથા પ્રસારિત પગ અને દિકરી દેવો ભવનું ચિત્ર ભેટ આપીને સન્માનિત કર્યા હતાં.

આ પ્રસંગથી ભાવ વિભોર થઈને વિપુલભાઈ મહેસુરીયા તથા પરિવાર જનોને મહેમાનોનું સ્વાગત કરીને બાળકોને પ્રોત્સાહીત કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

આંતર રાષ્ટ્રિય યોગ દિવસ નિમિત્તે....

બ્રહ્માકુમારીઝ ડીસા સેવાકેન્દ્ર પર આજે વિશેષ સામુહીક યોગાભ્યાસનો કાર્યક્રમ

સાંજે ૭ થી ૮-૩૦ સુધીયોગા અનુભૂતિ કાર્યક્રમ

ડીસા

આંતર રાષ્ટ્રિય અધ્યાત્મ સંસ્થા બ્રહ્માકુમારી વિદ્યાલય દ્વારા વિશ્વ યોગા દિવસ નિમિત્તે ડીસા સેવાકેન્દ્ર પર સામુહિક યોગાભ્યાસનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

બ્રહ્માકુમારીઝ મિડીયાના શશીકાન્ત ત્રિવેદીના જણાવ્યાનુસાર વર્તમાન તનાવ ભર્યા માનવ જીવનમાં સમાજમાં અનેક એવી ઘટનાઓ બને છે જેમાં મનોબળનો અભાવ-ધૈર્યતા-શાંતિનો અભાવ જોવા મળે છે ત્યારે માનવ માત્રને મનથી સશક્ત કરવાના હેતુથી તથા પરમાત્મા સાથે સહજ મનના જોડાણના માર્ગદર્શન માટે બ્રહ્માકુમારીઝ ડીસા સેવાકેન્દ્રના સંચાલિકા બ્રહ્માકુમારી સુરેખાબેનના અધ્યક્ષતામાં સહજ રાજયોગા સમારંભનું આયોજન ૨૧ જૂનને ગુરૂવારના રોજ કરવામાં આવેલ છે સાંજે ૭ થી ૮-૩૦ દરમિયાન સ્થાનિક સેવાકેન્દ્ર સ્પોર્ટકલબ સામે નવજીવન સોસાયટીમાં આવેલ સેવાકેન્દ્ર પર સંગઠીત યોગામાં રાજયોગ વિષયે માહિતિ આપી યોગાની વિશેષ શક્તિ અને ગુણોની અનૂભૂતિ કરાવવામાં આવશે જેમાં ડીસાની ધર્મ-યોગાપ્રેમી જનતાને પધારવા બ્રહ્માકુમારીઝની એક અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

યોગાભ્યાસ મનને એકાગ્ર કરતા અધ્યાત્મ સુંદર સંગીત તથા ગીતો સાથે મનના સંકલનનો પ્રયોગ સામુહિક રીતે બ્રહ્માકુમારી બહેનો દ્વારા કરાવવામાં આવશે.

મેમદપુર પ્રા.શાળાના બાળકોને ચોપડાનું વિતરણ

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

નવા શૈક્ષણિક સત્રને ધ્યાનમાં રાખી ને સલ્ફર મીલ્સ લી.(મુંબઈ) કંપનીમાંથી રમેશભાઈ દેસાઈના નેતૃત્વ હેઠળ વડગામ તાલુકાની મેમદપુર પ્રા. શાળામાં અભ્યાસ કરતા બાળકોની શિક્ષણકાર્યમાં જરુરીયાતને ધ્યાનમાં લઈ સીઆરસી કાર્યક્રમ અંતર્ગત ચોપડા વિતરણ કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે કંપનીમાંથી રમેશભાઈ દેસાઈ, આશિષભાઈ દેસાઈ, માધુરી એગ્રોના દેવજીભાઈ પ્રજાપતિ અને ગામના સરપંચ, અગ્રણીઓ, શાળાના આચાર્ય તથા શાળાનો સ્ટાફ હાજર રહ્યો હતો.

વડગામની પેપોળ શાળામાં વિદ્યાઆરંભ કાર્યક્રમ યોજાયો

તા પ્રતિ. વડગામ

વડગામના પેપોળ પ્રા.શાળા ખાતે તાજેતરમાં અરૂણાબેન પાટીલની અધ્યક્ષતા માં વિદ્યારંભ કાર્યક્રમ યોજાયો હતો. આચાર્ય જીતુભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી મહેમાનોને આવકાર્યા હતા. સી.આર.સી. વર્ષાબેન ચૌધરી, બી.આર.પી. મંદાકિની બેન કાપડીયા, સરપંચ ભરતસિંહ સોલંકી, તા.યુવા. ભાજપ અગ્રણી રાજેશકુમાર બી.જોષી સહિત અગ્રણીઓએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. તથા જોષી પરિવાર પેપોળ દ્વારા ભૂલકાંઓને બુદીનો પ્રસાદ વિતરણ કરાયો હતો. શાળાના શિક્ષકગણે કાર્યક્રમ સફળ બનાવવા જેહમત ઉઠાવી હતી.

ટોકરીયા શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો

તા.પ્રતિ. વડગામ

પાલનપુર તાલુકાની ટોકરીયા પ્રા.શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો. આ પ્રસંગે ર્ડા.ઓ.આર સુણસરા (મેડીકલ ઓફીસર સામઢી) ભરતભાઈ પરમાર પ્રમુખ (અ.જા. મોરચો) પ્રવિણભાઈ સિંહ (તાલુકા ડેલીગેટ) ભીખાભાઈ બેરા (પૂર્વ તાલુકા ડેલીગેટ) જીતેન્દ્રભાઈ પટેલ (સી.આર.સી.કો. ટાકરવાડા) પલ્લવકુમાર રાઠોડ (આચાર્ય) તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા આંગણવાડીના બાળકોને રમકડાં કીટ તથા ધો.૧ માં અને ૮ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. શાળાના નિવૃત્ત શિક્ષિકાબેન કુલસુમબેન કે. શેલીયાએ શાળાના બાળકો માટે વોટરકૂલર તથા નિવૃત્ત શિક્ષિકા શકીનાબેન કુગશીયાએ તિજોરી તથા ટેબલ શાળાને ભેટ આપ્યા. તેમનું સન્માન કર્યુ બાળકોને પર્યાવરણ બચાવો, ઉપર પોતાના વિચારો રજૂ કર્યા. આ કાર્યક્રમને સફળ બનાવવા તમામ શાળા પરિવાર વિદ્યાર્થીઓએ ખૂબ જ મહેનત કરી હતી. આભારવિધિ રામજીભાઈ રોટાતરે કરી હતી.

રોટરેક્ટ કલબ ઓફ પાલનપુર દ્વારા છાસ વિતરણ

ઠંડા મિનરલ પાણીની પરબ
સંજય જોષી

પાલનપુર

પાલનપુર શહેરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ થકી આગવી ઓળખ પ્રાપ્ત કરનાર રોટરેક્ટ કલબ ઓફ પાલનપુર દ્વારા શહેરના ગઠામણગેટ વિસ્તારમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં આસપાસના ગામોમાંથી આવતા અને રાહદારીઓને ગરમીથી રાહત મળી રહે તે આશયથી છેલ્લા ૭ વર્ષથી ઠંડા મિનરલ પાણીની પરબ ચાલુ કરવામાં આવી છે. જેમાં ચાલુ વર્ષે ગરમીની શરૂઆત થતાની સાથે જ પાણીની પરબ શરૂ કરવામાં આવી હતી અને આજે પરબની સમાપ્તિ પ્રસંગે ઠંડી છાસ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અંદાજે ૩૦૦ થી ૩૫૦ લીટર છાસ વિતરણ કરવામાં આવી હતી. આ પ્રસંગે કલબના ઉપપ્રમુખ નિખિલ જોષી, મહામંત્રી અંકિત મોદી, અંદાજ પઢીયાર, મેહુલ જોષી, આકાશ સોલંકી સહિત સભ્યો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ટ્રેનના મુસાફરને બેગ પરત આપી માનવતા મહેકાવી

બરોડા એક્સપ્રેસ ટ્રેનમાં ફાતિમાબેન મુસ્તફાભાઇ મુંબઈથી વડોદરા આવ્યા હતા. અને એસી કોચમાં પોતાની બેગ ભૂલી ગયા હતા. દરમિયાન આરપીએફના હે.કો. અર્જુનસિંહ વોશિંગ લાઇન પર તૈનાત હતા. તેમને આ બેગ મળી હતી. તેની તપાસ દરમિયાન બેગમાં રહેલો મોબાઇલ રણક્યો હતો. અને બેગ ભૂલી જનાર ફાતિમાએ સઘળી વિગતો આપી હતી. તેથી પુરાવા સાથે વડોદરાના પ્રતાપનગર રેલવે સ્ટેશને બોલાવી તેમની બેગ પરત કરી હતી.

આસેડા ગામે શ્રી રસાણીયા હનુમાનનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

પ્રતિનિધિ આસેડા

ડીસા તાલુકાના આસેડા ગામે શ્રી રસાણીયા હનુમાનની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો તેમાં આ આસેડા ગામે તમામ ઠાકોર (સોરાવડા) પરિવાર આસેડા ગામે હનુમાનની આસેડા ગામે યજ્ઞ તેમાં આસેડા ગામે શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા આ આસેડા ગામ ભક્તિમાં રંગાઈ ગયું હતું. આ પ્રસંગે રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર તથા જુગલજી ઠાકોર - ઠાકોર વિકાસ સંઘ તથા પીનલબેન રાજેશજી - જિલ્લા પ્રમુખ તથા રાયકણજી ઠાકોર-ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના (સલાહકાર) તથા આજુબાજુના ગામના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સમસ્ત ગ્રામજનો પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

ચામુંડાનગર કાંટ પ્રાથમિક શાળામાં બાળ મેળાની ઉજવણી

પ્રતિનિધિ રાજપુર

ડીસા તાલુકાના ચામુંડાનગર (કાંટ) પ્રાથમિક શાળામાં બાળ મેળાની બાળકો દ્વારા ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળામાં ભણતા ધોરણ ૧ થી ૫ ના બાળકોએ માટીકામ, કાગળકામ, છાપકામ, રંગપૂરણી, ગીત સંગીત, રમતો જેવી પ્રવૃતિ કરી હર્ષોલ્લાસ સાથે બાળ મેળાની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુખ્ય શિક્ષક સફીરમહંમદ એસ.મેમણે કર્યું હતું.

થરાદ વાવ હાઈવે પર અકસ્માતમાં એકને ઇજા

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ વાવ હાઈવે પર તાલુકાના ચારડા પાસે એક ટ્રક અને ટેંકર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો.જેમાં ટેંકરના ચાલકેને ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયો હતો.જોકે જીવલેણ દુર્ઘટના ટળી હતી. અકસ્માતમાં GJ12 A Z 9719 નંબરના ટેંકરની બોડીને પણ વ્યાપક નુકશાન થવા પામ્યું હતું.આ અંગે સાંજ સુધી કોઈ ફરીયાદ નોંધાઈ ન હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

નડાબેટમાં બી.એસ.એફ.જવાનો અને અંબાજી ચાચર ચોકમાં માઈભક્તો યોગ કરશે

યોગ દિનની ઉજવણીને અનુલક્ષી પાલનપુર મુકામે કલેકટર સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

પાલનપુર

તા.૨૧ જૂન વિશ્વ યોગ દિનની બનાસકાંઠા જિલ્લાગમાં ભવ્ય ઉજવણી કરવામાં આવશે. યોગ દિનની ઉજવણીને અનુલક્ષી પાલનપુર મુકામે કલેકટર સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં કલેકટરએ જણાવ્યું હતું કે તા.૨૧ જુન વિશ્વ યોગ દિનની સમગ્ર દેશમાં અને વિશ્વમાં ભવ્ય ઉજવણી થવાની છે ત્યારે આપણા જિલ્લામાં વિશાળ સંખ્યાગમાં લોકો આ કાર્યક્રમમાં જોડાશે. તેમણે કહ્યુ કે ઉજવણીમાં વિધાર્થીઓ અને વાલીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ, સ્વાતમી વિવેકાનંદ મંડળો, રોટરી અને લાયન્સલ કલબ, એન.સી.સી., એન.એસ.એસ., શાળા, કોલેજો, વિવિધ મંડળોના પ્રતિનિધિઓ અને વિશાળ સંખ્યાકમાં લોકો જોડાશે. કલેકટરએ કહ્યુ કે વિશ્વ યોગ દિવસનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. ઉપરાંત કે.કે. ગોઠી હાઈસ્કુલ, જિલ્લાશ સેવા સદન જોરાવર પેલેસ, સિલ્વર બેલ્સ સ્કુલ અને સ્વાનમી નારાયણ ગુરૂકુલ કેમ્પસ ખાતે યોજાશે. તથા દરેક તાલુકા સ્થળોએ વિવિધ જગ્યાએ અને જિલ્લાની શાળાઓ અને કોલેજોમાં યોગા, પ્રાણાયામ અને મેડીટેશન કરાવવામાં આવશે.

કલેકટર સંદીપ સાગલેએ કહ્યુ કે બનાસકાંઠા જિલ્લામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ઉપરાંત નડાબેટ મંદિર પરિસરમાં અને ભારત-પાકિસ્તાન બોર્ડર પર બી.એસ.એફ.ના જવાનો અને અંબાજી મંદિરના ચાચર ચોકમાં માઈભક્તો, વિધાર્થીઓ યોગ કરશે. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને દાંતીવાડા બી.એસ.એફ. હેડ ક્વાર્ટર તથા એસ.આર.પી.ગ્રુપ ડાંગીયા-મડાણા ખાતે પણ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. યોગાના સ્થળે જરૂરી તમામ વ્યએવસ્થા જાળવવા એક લાયઝન અધિકારીની નિમણુંક કરવામાં આવી છે. યોગા કાર્યક્રમમાં આવનાર દરેક વ્યનકિતઓએ સફેદ ખુલ્લાંત વસ્ત્રો પહેરીને સવારે ૬-૩૦ વાગે યોગા સ્થળે હાજર થવાનું રહેશે. ઉપરાંત દરેક વ્યતકિતઓએ ૪ બાય ૬ ફૂટની શેતરંજી તથા નેપ્કીહન સાથે લાવવાના રહેશે. યોગા સવારે ૭.૦૦ વાગે શરૂ થશે. યોગા સ્થાળે મેડીકલ ટીમ, તથા પીવાનું પાણી અને સેનીટેશનની વ્યિવસ્થાવ કરવામાં આવશે.

કલેકટર સંદીપ સાગલેની સુચના અને માર્ગદર્શન અનુસાર સમગ્ર જિલ્લા માં યોગ દિનની શાનદાર ઉજવણી માટે વ્યાસપક આયોજન કરવામાં આવ્યું છે. બેઠકમાં નિવાસી અધિક કલેકટર એલ.બી.બામણીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક વાળા, નાયબ પોલીસ અધિક્ષક ચાવડા, પ્રાન્તમ અધિકારીઓ, રમત ગમત અધિકારી મુકેશભાઈ ઘોયા સહિત અધિકારીઓ ઉપસ્થિઆત રહ્યા હતા.

આજે તા.૨૧ જૂન- વિશ્વ યોગ દિવસની જીલ્લામાં શાનદાર ઉજવણી કરાશે

પાલનપુર મુકામે કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી અને મંત્રી પરબતભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોગ દિનની ઉજવણી થશે

પાલનપુર

આજે તા.૨૧ જૂન - વિશ્વ યોગ દિનની બનાસકાંઠા જિલ્લારમાં શાનદાર ઉજવણી થશે. સમગ્ર દેશ અને દુનિયામાં યોગ દિનની ભવ્ય ઉજવણી થવાની છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ વિશાળ સંખ્યારમાં લોકો આ કાર્યક્રમમાં જોડાય તે માટે વહીવટીતંત્ર દ્વારા વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા રાજય મંત્રી હરીભાઈ ચૌધરી તથા સિંચાઈ અને પાણી પુરવઠા રાજયમંત્રી પરબતભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોગ દિવસની ઉજવણી થશે.

વિશ્વ યોગ દિનની ઉજવણી પ્રસંગે સમગ્ર બનાસકાંઠા જીલ્લાજમાં હર્ષ અને ઉત્સાહભર્યા માહોલમાં લાખો લોકો જોડાય તે માટે કલેકટર સંદીપ સાગલેના માર્ગદર્શન અને સુચના અનુસાર જીલ્લા વહીવટીતંત્ર દ્વારા સંગીન આયોજન અને જરૂરસ તમામ વ્યઅવસ્થારઓ કરવામાં આવી છે. જીલ્લા કક્ષાનો કાર્યક્રમ પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડવ ખાતે યોજાશે. ઉપરાંત તમામ તાલુકા મથકોએ, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને દાંતીવાડા બી.એસ.એફ. હેડ ક્વાર્ટર તથા એસ.આર.પી.ગ્રુપ ડાંગીયા-મડાણા ખાતે, સુઈગામ તાલુકાના નડાબેટ મંદિર પરિસરમાં બી.એસ.એફ. ના જવાનો, અંબાજી મંદિરના ચાચર ચોકમાં માઈભક્તો, જીલ્લામભરમાં વિધાર્થીઓ અને વાલીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ, સ્વા,મી વિવેકાનંદ મંડળો, રોટરી અને લાયન્સ. કલબ, એન.સી.સી., એન.એસ.એસ., શાળા, કોલેજો, વિવિધ મંડળોના પ્રતિનિધિઓ અને વિશાળ સંખ્યાડમાં લોકો યોગ દિનની ઉજવણીમાં જોડાઈને યોગ કરશે. યોગા સ્થજળે મેડીકલ ટીમ, તથા પીવાનું પાણી અને સેનીટેશનની વ્યઈવસ્થાળ કરવામાં આવી છે.

ઉલ્લેઅખનીય છે કે યોગા અને પ્રાણાયામ કરવાથી શરીરમાં શક્તિનો સંચાર થાય છે. શારિરીક તંદુરસ્તી સાથે માણસને જીવનની સાચી દિશા મળે છે. નિયમીત યોગા અને પ્રાણાયામ કરવાથી ઘણા કેસોમાં રોગોમાં પણ મોટો ફાયદો થાય છે. ટેન્શનનને દુર કરવા યોગા બહુ અસરકારક બની શકે છે. દુનિયાભરના લોકો સુખ-શાંતિ અને સંતોષભર્યુ જીવન મેળવવા માટે ભારતની અમૂલ્યા વિરાસત સમાન યોગમાં રસ લઈ યોગા અને પ્રાણાયામ કરી રહ્યા છે ત્યાૂરે આપણે પણ યોગમાં રસ લઈ તેમાં જોડાઈએ.

પાલનપુરની રાજીબા કન્યા વિદ્યાલયને જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકેનું પારિતોષિક

પાલનપુર

જિલ્લા મથક પાલનપુર ખાતે કાર્યરત રાજીબા કન્યા વિધાલયએ જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકેનું પારિતોષિક મેળવી નગરને ગૌરવ બક્સયુ છે.

બનાસકાંઠાના જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આ શાળાને જિલ્લાની શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ એનાયત કરાયો હતો.બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે લક્ષ્મીપુરામાં કાર્યરત રાજીબા કન્યા વિદ્યાલયના નામે ઓળખાતી શ્રીમતી આર. કે. પટેલ ઉચ્ચત્તર માધ્યમિક કન્યા વિધાલય જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી પામી હોઈ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આ શાળાને એવોર્ડ અપાયો હતો.ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે આ શાળાની પસંદગી કરવામાં આવી છે. ત્યારે શાળામાં યોજાયેલા ખાસ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી એચ. એલ. રાવલ દ્વારા આ શાળાને શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ એનાયત કરાયો હતો. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી રાવલે જણાવ્યું હતુ કે, વર્ષ ૨૦૧૭-૧૮ ના વર્ષ દરમ્યાન શાળાનું વાતાવરણ, પરિણામલક્ષી લોકભાગીદારી, સહ અભ્યાસિક પ્રવૃતિઓ, અસરકારક વર્ગકાર્ય, શાળાની પ્રેરક વિશિષ્ટતાઓ જેવા વિવિધ પાસાઓને ધ્યાને લઈ શિક્ષણક્ષેત્રે આ શાળાએ કરેલી પ્રશંસનીય લોકસેવાના સન્માન અર્થે આ શાળા જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી પામી છે. આ એવોર્ડ અર્પણ સમારોહમાં પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ, અમૃતભાઈ પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતીના ચેરમેન લક્ષ્મીબેન કરેણ,ઉમેશભાઈ પટેલ, શાળાનાં આચાર્યા શારદાબેન પટેલ, ટ્રસ્ટના મંત્રી ઉજમભાઈ પટેલ સહિત શાળા પરિવારે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શાળાની આ સિદ્ધિ બદલ ગર્વની લાગણી વ્યક્ત કરી હતી.ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા સાર્વજનિક કેળવણી ટ્રસ્ટનો ઉદભવ ૧૯૮૧ના વર્ષમાં થયો હતો.

અનુસંધાન પાના નં.૬

ક્રેડીટ સોસાયટી ફેડરેશનના પ્રમુખપદે વરણી

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

ધી બનાસકાંઠા જીલ્લા કો.ઓ.ક્રેડીટ સોસાયટી ફેડરેશનની એક બેઠક ચડોતર મુકામે મહાવીર ધામ મધ્યે યોજાયેલ.જેનું મહા નુભાવોના હસ્તે પ્રારંભ કરવામાં આવેલ. બનાસકાંઠા જીલ્લામાં ચાલતી ક્રેડીટ નાગરીક શરાફી મંડળીઓના ફેડરેશનની આજરોજ યોજાયેલ બેઠકમાં તમામ ડીરેક્ટરો બિનહરિફ થયા બાદ પ્રમુખપદે ડીસા મર્કેન્ટાઈલ મંડળીના ચેરમેન મહેન્દ્રભાઈ દોશી બ.કાં.જીલ્લા ફેડરેશનના પ્રમુખ પદે પૂનઃ વરણી પામેલ. ફેડરેશનના ઉપ પ્રમુખ અને ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલનું બહુમાન કરવામાં આવેલ. તેમજ મહેન્દ્રભાઈનું પણ ફુલહારથી સન્માન કરવામાં આવેલ. ફેડરેશન દ્વારા મંડળીઓને લગતા ઉપયોગી કાર્યક્રમો કરવા સુચનો થયેલ. મંત્રી શાંતિલાલ ત્રવેદીએ કાર્યક્રમનું સંચાલન કરેલ. ફેડરેશનમાં સભ્ય સંખ્યા વધારવા ભાર મુકવામાં આવેલ. ભીલડી મંડળીના ચેરમેન માનસુંગભાઈ પટેલે સૌને આવકારેલ. અશોકભાઈ ચૌધરી એ અભારવિધી કરેલ. સૌ સાથે ભોજન લઈ છુટા પડેલ.

ખેંટવા દૂધ મંડળી દ્વારા બાળકોને ગણવેશ અપાયા

પ્રતિ. ભીલડી

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ડીસા તાલુકાના ખેંટવા પ્રા.શાળામાં ધો.૧ માં પ્રવેશ લેનાર બાળકોને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલના જોઈન્ટ સેક્રેટરી ડી.આર.પટેલ ના હસ્તે બાળકોને ધો-૧ માં પ્રવેશ અપાયો હતો ખેંટવા પ્રા.શાળા અને ઈન્દિરા નગર પ્રા.શાળાનો સંયુક્ત પ્રવેશોત્સવ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગામના સરપંચ-ગ્રામજનો વાલીગણ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. જે પ્રસંગે ખેંટવા પ્રા.શાળામાં ધો.૧ થી ૮ ના ૩૨૦ વિદ્યાર્થી ભાઈ બહેનોને ખેંટવા દુધ ઉત્પાદક સરકારી મંડળી દ્વારા ગણવેશ આપવામાં આવ્યા હતા જે કામગીરીને

કંચનજી ઠાકોર

વખાણી ડી.આર.પટેલે મંડળીના મંત્રી રાણાભાઈ દેસાઈને અભિનંદન પાઠવ્યા હતા અને મંત્રી રાણાભાઈ દેસાઈનું સનમાન કરવામાં આવ્યું હતું અંતમાં આભારવિધી શાળાના આચાર્ય મહેશભાઈ નાઈએ કરી હતી.

દીઓદર ખાતે યોગ દિવસ નિમિતે મીટીંગ યોજાઈ

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

૨૧ જુન ના દિવસે વિશ્વ યોગ દિન નિમિત્તે દિયોદરમાં શાનદાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. ત્યારે દીઓદર ના.કલેક્ટર કચેરી ખાતે દીઓદર મામલતદાર પી.એસ.પંચાલ ના અધ્યક્ષ સ્થાને મીટીંગ મળી હતી જેમાં ૨૧ જુને યોજાનાર યોગ દિનની તૈયારી અંગેની ચર્ચા કરવામાં આવેલ. દીઓદર વી.કે.વાઘેલા હાઈસ્કુલ અને સરકારી માધ્યમીક વિજ્ઞાનશાળા સહીત બે સ્કુલોમાં યોગનો કાર્યક્રમની તૈયારીઓ કરવામાં આવી રહી છે. શાળામાં યોજનાર યોગ વિશે શિક્ષકોને ખાસ પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ યોગદિને તમામ બાળકો, યુવકો, યુવતીઓ, વડીલો, વગેરેને વૈશ્વિક મહા અભિયાનમા સામેલ થવા દિયોદર વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

ધાનેરામાં ૧૦૮ મોબાઈલ એપની જનજાગૃતિ

એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે ૧૦૮ ના કર્મચારી ઈ.એમ.ટી. મુકેશભાઈ પરમાર તથા પાયલોટ રજનીકાન્ત રાવલ દ્વારા ધાનેરા નગરમાં લોકોને ૧૦૮ ની એપ્લીકેશન ડાઉનલોડ કરી આપી વિસ્તૃત સમજ આપી હતી. જેમાં ગુરૂકૃપા ટાયર્સ તથા કૈલાસ ઓર્થોપેડી સ્ટાફ વિગેરેએ એપ્લીકેશન ડાઉનલોડ કરવાની ગમે તે સમયે તમો આ એપ્લીકેશનનો ઉપયોગ કરી જનતાની સેવા કરી શકશો.

દીઓદર તાલુકા નાગરીક શરાફી મંડળી દ્વારા સભાસદના વારસદારને વિમો ચુકવાયો

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર શહેરમાં છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત ધી દીઓદર તાલુકા નાગરીક શરાફી સહકારી મંડળી લી. દીઓદર દ્વારા તેના તમામ સભાસદોને રૂા ૧લાખનો અકસ્માત વિમો લેવામાં આવે છે. જે અંતર્ગત મંડળીના સભાસદ સોની જગદીશકુમાર હિરાલાલનું માર્ગ અકસ્માતમાં મુત્યુ થયેલ. મંડળી દ્વારા યોગ્ય કાર્યવાહી કરી જે વીમો મંજુર થતાં આજરોજ મંડળીના ડીરેકટરોના હસ્તે રૂા.૧ લાખ નો ચેક મૃતકના વારસદાર સોની ભમરીબેન જગદીશકુમારને અર્પણ કરવામાં આવેલ. આ પ્રસંગે મંડળીના ચેરમેન અશોકભાઈ બી.શેઠ, વા.ચેરમેન આર.ડી.પટેલ, મે.ડીરેક્ટર વસંતભાઈ શાહ, સુરેશભાઈ શાહ, રમેશભાઈ સોની, મેનેજર પ્રકાશભાઈ શાહ, કાન્તીભાઈ જોષી તથા સ્ટાફગણ આદિ ઉપસ્થિત રહેલ.

ડીસા કોલેજના પ્રિન્સિપાલ ડો.અમૃતભાઈ પટેલની

હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સીટીના સિન્ડિકેટ સભ્ય તરીકે વરણી

ડીસા

ડીસા કોલેજના પ્રિન્સિપાલ ડો.અમૃતભાઈ પટેલની હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સીટીના સિન્ડિકેટ સભ્ય તરીકે વરણી થતા આજે ડીસા કોલેજ ખાતે તેમનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં કોલેજના સ્ટાફ ગણ દ્વારા ડો.અમૃતભાઈ પટેલને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ડીસા કોલેજમાં છેલ્લા ઘણા વર્ષોથી આચાર્ય તરીકે પ્રશંસનીય સેવા આપી રહેલા ડો.અમૃતભાઈ પટેલની હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય તરીકે નિમણુંક થઈ છે.

અનુસંધાન પાના નં.૬

દાંતીવાડા કૃષિ યુનિ. ખાતે કૃષિ વિષયક વર્કશોપ યોજાયો

પાલનપુર

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિ.ની એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ કોલેજ, ચી. પ. મહાવિધાલય અને કાઉન્સે લીંગ એન્ડલ પ્લેટસમેન્ટલ સેલ દ્વારા તા. ૪ અને ૫ જૂનના રોજ સીઝીંગ એન્ડા ઓપોરચ્યુ નિટીઝ ઈન એગ્રીકલ્ચોરલ ડોમેન-વર્કશોપ યોજાયો હતો. જેનુ ઉદઘાટન ઉપકુલપતિ ડો. અશોક પટેલના હસ્તે કરવામાં આવ્યુંર હતું. આ પ્રસંગે એગ્રીકલ્ચિર કોલેજના આચાર્ય ડો. એમ. આર. પ્રજાપતિ, નિયામક વિધાર્થી કલ્યાણ ડો. વી. આર. પટેલએ વિધાર્થીઓ ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે તે માટે આત્મવિશ્વાસ, જ્ઞાન અને આયોજનપૂર્વક આગળ વધવા ઉપયોગી માર્ગદર્શન અને વિસ્તૃત સમજ આપી હતી.

આ પ્રસંગે ડો. પી. પી. ઝવેરી, એમ. ડી., બાયોજીન પ્રા. લિ. કંપની, રાજેન્દ્રર અખાણી, બાયર-મુંબઈ, ડો. મેહુલ ઠક્કર, નવસારી કૃષિ યુનિ. નવસારી, બ્રિજેશ પટેલ સ્પીપા અમદાવાદ, યુવરાજ એગ્રી કેરીયર દિલ્હીર દ્વારા બીજ, ખાતર, પેસ્ટીસાઈડઝ, સિંચાઈ, ઈન્ટ રવ્યુ ટેકનીકસ તથા કૃષિ સંલગ્નન અભ્યાોસ થકી દેશ અને વિદેશમાં રહેલ વિવિધ ઉધોગ સાહસીકતાની તકો, વ્યલક્તિત્વય વિકાસ જેવા વિષયો ઉપર વિધાર્થીઓને સરસ જ્ઞાન અને માહિતી પુરી પાડવામાં આવી હતી.આ વર્કશોપમાં ૩૯૫ વિધાર્થીઓ જોડાયા હતા.

શ્રી જૈન સંઘ દ્વારા

નેસડામાં ધો.૧ થી ૧૦ સુધીમાં અભ્યાસ કરતા ૯૪૨ બાળકોને ચોપડા વિતરણ કરાયું

કંચનજી ઠાકોર

પ્રતિ. ભીલડી

ડીસા તાલુકાના જુના નેસડા ગામે શેઠ શાંતાબેન બાબુલાલ પરિવાર દ્વારા નેસડા ગામના ધો.૧ થી ૧૦ માં ભણતા તમામ ૯૪૨ વિદ્યાર્થી ભાઈ-બહેનોને મફત ચોપડા અને કંપાસ પેટી અને બોલપેન તેમજ બિસ્કીટનું મફત વિતરણ કરવામાં આવ્યું હતું.

મુળ જુના નેસડાના વતની અને ધંધાર્થે સુરત સ્થાઈ થયેલ શેઠ દિનેશભાઈ દ્વારા છેલ્લા ત્રણ વર્ષની તેમનાં ગામનું ઋણ સુકવવા નેસડા ગામનાં ભણતા તમામ બાળકોને છેલ્લા ત્રણ વરસથી ધો.૧ થી ૧૦ માં ભણતા તમામ બાળકોને ચોપડા અને કંપાસપેટી, પેન વિગેર આપવામાં આવે છે અને જે વિદ્યાર્થી ૧ થી ૫ નંબરે ઉર્તીણ થાય તેને શાલથી અને રોકડ ઈનામ આપી સન્માન કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં જાણીતા પર્યાવરણ ર્ડા.નવીનકાકાની હાજરીમા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું નેસડા રસાણીયા હનુમાન યુવક મંડળ દ્વારા શેઠ દિનેશભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમમાં બનાસબેંકના ડીરેક્ટર બાબુભાઈ પાનકુટા, માર્કેટયાર્ડ ડીરેક્ટર દશરથભાઈ પટેલ, રમેશભાઈ ઠક્કર દિનેશભાઈ ત્રીવેદી, અતુલ વિરવાડીયા ગુજરાત પ્રદેશના આમ આદમીના ભેમાભાઈ ચૌધરી જાણીતા વકીલ રમેશભાઈ નાભાણી વિગેરે મહાનુભાવો તેમજ શાળાના આચાર્ય દિનેશભાઈ ઠાકોર દ્વારા દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

મેડિકલમાં પ્રવેશ માટે નીટનું મેરિટ લિસ્ટ ૨૬ જૂને જાહેર થશે

અમદાવાદ

અમદાવાદ સહિતની રાજ્યભરની મેડિકલ કોલેજોમાં એડમિશન માટેની પ્રક્રિયા તા.૧૫મી જૂનથી શરૂ થઈ ચૂકી છે. આગામી તા.૨૫ જૂન સુધી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલશે. ત્યાર પછીનું સ્ટેટ લેવલનું નીટ યુજી ૨૦૧૮નું કાઉન્સેલિંગનું શિડ્યુલ જાહેર કરાયું છે. રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓનું સ્ટેટ મેરિટ લિસ્ટ તા.૨૬ જૂને જાહેર થશે અને તા.૨૭ જૂનથી ચોઈસ ફિલિંગ, ચોઈસ લોકિંગ શરૂ થશે, જે તા.૩૦ જૂન સુધી ચાલશે. પહેલા રાઉન્ડની સીટ એલોટમેન્ટની પ્રક્રિયા તા.૪ જુલાઈથી હાથ ધરાશે. ત્યારબાદ તા.૫ થી ૧૨ જુલાઈ સુધી ડોક્યુમેન્ટ્સ વેરિફિકેશન સાથે એડમિશન પ્રક્રિયા હાથ ધરાશે અને તા.૫ થી ૨૧ જુલાઈ સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કોલેજ લેવલથી થશે. અમદાવાદની વીએસ હોસ્પિટલ ખાતેની એનએચએલ મ્યુનિસિપલ કોલેજની ૨૫૦ સીટ, મણિનગરની એલજી કોલેજની ૧૫૦ સીટ સહિત રાજકોટ, ભાવનગર, જામનગર, વડોદરા, સુરત એમ કુલ ૧૨૫૦ સીટ પર એડમિશન અપાશે, જ્યારે સરકારી-કોર્પોરેશન હસ્તકની, પીપીપી અને સેલ્ફ ફાઈનાન્સની ૨૫થી વધારે મેડિકલ કોલેજોની ૩,૦૦૦થી વધુ સીટ પર એડમિશન અપાશે. આ વર્ષે નીટ ૨૦૧૮માં ગત વર્ષની તુલનાએ કટ ઓફ ઘટ્યું છે.

અનુસંધાન પાના નં.૬

થરાદની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં

વિશ્વ યોગની દિવસની પૂર્વ તૈયારી કરાઇ

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

તાઃ૧૫,૧૬,૧૭,૧૮ અને ૨૦ જૂન,૨૦૧૮ ના રોજ સેમ-૩,સેમ-૫ ના વિદ્યાર્થીઓ અને કોલેજના અધ્યાપકશ્રીઓ અને વહીવટી સ્ટાફને બાયસેગ પરથી પ્રસારિત યોગથી થતા ફાયદા અને યોગ વિશે માર્ગદર્શન મળ્યું હતું. ત્યાર બાદ વિશ્વ યોગ દિવસની પૂર્વ તૈયારી રૂપે કોલેજના અધ્યાપક ડો.બિપિનચૌધરીએ કોમન યોગ પોટલરને આધારે યોગાસનોનું નિદર્શન કરી કોલેજના પ્રસિપાલ ર્ક્ષા ભરતભાઈ કણજારીયા સહિત શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તેમજ તમામ વિદ્યાર્થી ભાઈ બહેનોને યોગાસનો શીખવ્યા હતા.આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડો. બિપિન ચૌધરીને કર્યું હતું.

બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

બનાસ ડેરી, પો.બો.નં.૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

જા.નં.બનાસ/વહી/૨૨૬૧ આર.પી.એ.ડી. તા. ૨૦-૬-૨૦૧૮

સાધારણ સભાની નોટીસ

આથી સંઘ સંયોજિત સભાસદ દૂધ મંડળીઓને જણાવવામાં આવે છે કે, સંઘની ૫૦ મી વાર્ષિક સાધારણ સભા તા. ૪-૭-૨૦૧૮ ને બુધવારના રોજ સવારના ૧૦-૩૦ કલાકે બનાસ ડેરી સંચાલિત બનાસ ઓઈલ યુનિટ, ડીસા હાઈવે, બાદરપુરા ખાતે નીચેની કાર્યવાહી હાથ ધરવા સારૂં રાખવામાં આવેલ છે. તો આ પ્રસંગે સભામાં હાજરી આપવા સભ્ય સભાસદ મંડળીએ તેમના પ્રતિનિધિશ્રીને મોકલવા વિનંતી છે.

કાર્યસૂચિઃ-

(૧) ગત તા. ૧૪-૭-૨૦૧૭ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને બહાલ રાખવા બાબત.

(૨) નિયામક મંડળની તા. ૨૦-૬-૨૦૧૮ ની બેઠકમાં મંજૂર કરેલ તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું સંઘનું વેપાર તેમજ નફા-તોટા ખાતું તથા સરવૈયું રજૂ કરી તેની નોંધ લેવા તથા સને ૨૦૧૭-૨૦૧૮ માં સંઘે કરેલ નફાની વહેંચણી અંગે નિયામક મંડળે કરેલ ભલામણ મંજૂર કરવા બાબત.

(૩) સને ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષ માટેનું આવક/ખર્ચનું અંદાજપત્રક મંજૂર કરવા તેમજ સને ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ દરમ્યાન અંદાજ કરતાં થયેલ વધારાનો ખર્ચ મંજૂર કરવા નિયામક મંડળે કરેલ ભલામણ મંજૂર કરવા બાબત.

(૪) સંઘના પેટા કાયદાની કલમ-૫ મુજબ મર્યાદામાં રહી સંઘે લેવાના કર્જ અને ઉછીના નાણાંની સતા નક્કી કરવા બાબત.

(૫) વૈધાનિક ઓડિટરશ્રી તરફથી મળેલ વર્ષ ૨૦૧૭-૧૮ નો ઓડિટ રીપોર્ટ તેમજ સંઘે તૈયાર કરેલ વર્ષ ૨૦૧૬-૨૦૧૭ નો દુરસ્તી અહેવાલ મંજૂર રાખવા બાબત.

(૬) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરના પરિપત્ર જા.નં.ક્રમાંકઃ વહટ/ ૬૧૩/ કાસુ/ ક/ ૪૧૭/૦૭ તા. ૨૨-૫-૨૦૦૭ અન્વયે નિયામક મંડળના સભ્યોને ભેટ આપવા બાબત.

(૭) મેરઠ (યુપી) ખાતે ૧૦ લાખ લીટરનો નવિન ડેરી પ્લાન્ટ બનાવવા નિર્ણય કરવા બાબત.

(૮) ગલબાભાઈ નાનજીભા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટને સંઘે લોન આપવા કરેલ નિર્ણય બહાલ રાખવા તેમજ દૂધ ઉત્પાદક સભાસદો/મંડળીઓ તરફથી ફાળો આપવા અંગે નિર્ણય કરવા બાબત.

(૯) પ્રમુખશ્રી તરફથી અગર તેમની મંજૂરીથી રજૂ થાય તે ઉપર વિચારણા કરવા બાબત.

પાલનપુર
તા. ૨૦-૬-૨૦૧૮

કામરાજ આર. ચૌધરી
ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર
નિયામક મંડળની સુચનાથી

તંત્રી સ્થાનેથી ...

મનુષ્યને બાદ કરતા બીજા કોઈપણ પ્રાણી ઈચ્છાશક્તિ નથી ધરાવતા

હવે મોદીને કહો ચઢાવે બાણ

આતંકીઓને શરમ નથી ને આપણને તેમના હુમલાઓથી ધરવા નથી (?) ધાર્મિક લોકોની ભાવના માટે પવિત્ર રમજાન માસમાં સરકારે ઓપરેશન ઓલઆઉટ સ્થગિત કરવામાં આવ્યું હતું. સરહદ પર પણ સિઝફાયર કરવામાં આવ્યું હતું. અલબત તે છતાં થઈ રહેલા દરેક હુમલાઓનો સેના જવાબ આપતી હતી. પરંતુ આતંકીઓ સામેનું ઓપરેશન બંધ રહેતાં આતંકીઓ ફાવી ગયા હતા. અચાનક હુમલા કરીને વળતો જવાબ મળે તે પહેલાં ભાગી જવાની તક રહેતી હતી. ઓપરેશન ઓલઆઉટ બંધ હોવાથી તેઓ પોતાના છૂપાઈ રહેવાના સ્થાનેથી આસાની બહાર આવી હરી ફરી શકતા હતા. તેકના માટે પોતાના સાથીઓનો સંપર્ક કરવો પ્રમાણમાં સરળ જઇ ગય હતો.

આતંકીઓને ઠેકાણે પાડવા માટે ૨૦૧૭માં સુરક્ષા દળોએ ભારત સરકારના આદેશથી ઓપરેશન ઓલઆઉટ શરૂ કર્યું હતું. આ ઓપરેશન એક પ્રકારે આતંકીવાદીઓ પર સંયુક્ત હુમલો હતો. એમાં સેના, સીઆરપીએફ, રાજ્ય પોલીસ, બીએસએફ અને આઈબી જોડાયા હતા લશ્કરે-એ-તોયબા, જેસ-એ-મોહમદ, હિજબુલ મુજાહિદીન અને અલ બદ્ર સહિતના આતંકી જુથો વિરૂદ્ધ આ ઓપરેશન શરૂ કરાયું હતું. આતંકીવાદનો અંત ન આવે ત્યાં સુધી આતંકીઓના છૂપાવાના સ્થળો શોધી તેમને ઘેરીને ખતમ કરવા માટેના આ ઓપરેશનને સારી એવી સફળતા મળી રહી હતી. તે દરમિયાન રમજાન માસ આવતાં કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફતીએ પવિત્ર માસની આમ જનતા શાંતિપૂર્વક ઉજવણી કરી શકે તે હેતુ બતાવીને રમજાન પુરતું સિઝફાયર કરવા કેન્દ્ર સરકારને અપીલ કરી હતી. આતંકીઓને રમજાનની પવિત્રતાની કોઈ પડી નહોતી. તેમના મતે તો ધર્મનો આ મહિનો જેહાદ (ધર્મયુદ્ધ) માટે વધુ મહત્વનો હતો. વાસ્તવમાં રમજાન તો ખુદા અને ઈન્સાન વચ્ચે સીધા સંપર્ક સાધવાનો મહિનો છે. આ મહિનામાં ઈન્સાન અને ખુદા વચ્ચે કોઇ ન આવી શકે એવી માન્યતા છે. પરંતુ સુરક્ષા દળોએ કેન્દ્ર સરકારના આદેશથી સિઝ ફાયર કર્યું. પણ આતંકીઓ રાજ્યની અંદર અને આતંકીસ્તાનીઓ (પાકિસ્તાનીઓ) સરહદ પર સખણા ન રહ્યા. રમજાન પુરો થવા આવ્યો છે. આજે ઈદ છે. કાલથી સિઝફાયરને સિઝ કરી દેવાય એવી સંભાવના છે. સરકારે આ અંગે વિચારી લીધાના અહેવાલો છે.

દરમિયાન ગુરૂવારે આતંકવાદીઓએ કાશ્મીરના વરિષ્ઠ પત્રકાર અને ‘હાઈઝિંગ કાશ્મીર’ના તંત્રી સુજાત બુખારીની હત્યા કરીને ભારત દ્વારા જાહેર કરાયેલા સિઝફાયરની હાંસી ઉડાવી છે. દુઃખની વાત એ છે કે સુજાત ઈફતાર પાર્ટીમાં જઈ રહ્યા હતા ત્યારે તેમની હત્યા થઈ છે. ઈફતાર પાર્ટી રોજા છોડવા માટે રાખવામાં આવે છે. આતંકીઓએ પોતાના જ સધાર્મિકને રોજા છોડવા પણ નથી દીધા. સુજાત જીવતા ન રહી જાય એ માટે બેરહેમ આતંકીઓએ તેમના પર ૧૫ જેટલી ગોઈીઓ નજીકથી છોડી હતી. રમજાનના છેલ્લા દિવસોમાં આતંકીઓએ રજા પર રહેલા એક જવાન ઔરંગઝેબનું અપહરણ કરીને તેની કમકમાટીભરી હત્યા કરી છે. ઈસ્લામના નામે લડતા આ આતંકીઓએ ઈસ્લામના નામે એક મુસ્લિમ જવાનને તેનું માથું પથ્થરથી છૂંદી નાખીને નિર્મમ હત્યા કરી છે. થોડા સપ્તાહ પહેલાં રાષ્ટ્રીય રાઈફલ્સની એક ટુકડી દ્વારા હાથ ધરાયેલા એન્કાઉન્ટરમાં મુજાહિદીનના સમીર ટ્રાઈગર સહિત બે ખતરનાક આતંકીઓને આ જવાન ઓરંગઝેબે ઠાર માર્યા હતા. તેના ખાર રાખીને આતંકીઓએ તેની હત્યા કરી છે. એજ દિવસે અન્ય ત્રણ નિર્દોષ નાગરિકોની હત્યા થઇ છે. સમાચાર માધ્યમો પર સુજાતના પ્રકરણ પાછળ આ ત્રણ હત્યાની ઘટનાઓ છૂપાઇ ગઇ છે.

સરકારે કાશ્મીરના મુસ્લીમોના ધાર્મિક અધિકાર માટે, તેઓ શાંતિપૂર્વક રમજાન મનાવી શકે, સમયસર બિંધાસ્ત નમાજ પઢવા મસ્જીદ સુધી જઈ શકે એ માટે ઓપરેશન ઓલઆઉટ બંધ રાખ્યું અને આતંકીઓએ રમજાનની પવિત્રતાને અભડાવતી ઘટનામાંએક દેશભક્ત મુસલમાનની કરપીણ હત્યા કરી ! રમજાન દરમિયાન પથ્થરબાજો પણ અટક્યા નથી. રમજાન કોના માટે છે ? આ મુસ્લિમો માટે સુરક્ષા દળો માટે ? પથ્થરબાજો અને આતંકીઓને તો રમજાન ક્યાંય આડે નથી આવી ! આ આતંકીઓ દયાને પાત્ર નથી. જો પવિત્ર માસ તેમને ધર્મયુદ્ધ (જેહાદ) માટે ઉત્તમ લાગતતું હોય તો સરકારને પણ ધર્મયુદ્ધનો જવાબ ધર્મયુદ્ધથી આપવા હવે તૈયાર થવું જોઈએ. મહેબૂબા મુફતીના મનમાં શું છે તે સમજવું લોકો માટે અઘરૂં નથી. કેન્દ્ર સરકાર માટે મહેબૂબા એક મજબૂરી હશે પણ દેશ હિતને હવે વધુ સમય તેમની પાસે અડાણે મૂકવી જોઈએ નહી. આતંકી મુસ્લિમોએ પવિત્ર રમજાનમાં લોહીની હોળી ખેલી બતાવી છે. એની પાછળ પાકિસ્તાની મેલી ચાલ છે તે ઉલ્લેખવાની જરૂર નથી. આતંકીઓ અને તેના આકા પાકિસ્તાનને પાઠ ભણાવવાનો સમય હવે આવી ગયો છે. આતંકીઓ ખૂનની હોળી ખેલી રહ્યા હતા. ત્યારે જ પાકિસ્તાન યુનોના માનવ અધિકાર પંચ પાસેથી ભારત વિરૂદ્ધ અહેવાલ બહાર પડાવી શક્યું છે

એ આપણી કમનશીબી છે. આપણા માટે આ ચિંતાનો વિષય છે. આ અહેવાલમાં દાવો કરાયો છે કે ‘કાશ્મરમાં સેના દ્વારા માનવ અધિકારોનું ઉલ્લંઘન કરીને નાગરિકોની કત્લેઆમ કરાવાઈ રહી છે.’ અલબત, યુનોના આ પંચે પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીરમાં પણ એવું જ થઈ રહ્યાનો દાવો કર્યો છે. પણ પાકિસ્તાનને એની કોઈ શરમ નથી. ભારત વિશ્વમતનું હમેશા સન્માન કરે છે. પરંતુ આતંકીઓએ હવે ભારતની ઉશ્કેરણી કરવાની પરાકાષ્ટા વટાવી દીધી છે ત્યારે ભારત કોઈ કડક કાર્યવાહી કરવા ન પ્રેરાય તેવા બદઈરાદાથી જ ભારત પર દબાણ લાવવા યુનાના પંચે આ ઉપજાવી કાઢેલો અહેવાલ બહાર પાડ્યો છે. પંચે એ તરફ ધ્યાન જ નથી આપ્યું કે આતંકીઓ નિર્દોષો પર કેવા અત્યાચાર કરી રહ્યા છે ? પંચે એ પણ લક્ષમાં નથી લીધું કે પાકિસ્તાની સેના સરહદ પારથી નાગરિક વસ્તીને નિશાન બનાવીને સતત હુમલા કરી રહી છે. શું એમ માનવ અધિકારોનું ઉલ્લંઘન નથી થતું ?

દેશની જનતામાં છેલ્લે બનેલી આ ઘટનાઓથી ખૂબ આક્રોશ છે. જનતા હવે ધીરજ સહન કરી શકે તેમ નથી. ભારતન હિત વિરૂદ્ધ વિશ્વમત જતો હોય તો તેને પણ જવાબ આપવાની જરૂર દેશવાસીઓ અનુભવી રહ્યા છે. પાકિસ્તાનનો અંત આણ્યા વિના આતંકવાદથી ન ભારત મુક્ત થઈ શકશે કે ન બાકીની દુનિયા. ભારતની જ નહીં સમગ્ર વિશ્વની શાંતિના હિતમાં લોકો કહી રહ્યા છે કે ‘હવે મોદીને કોઈ કહો કે ચઢાવે બાણ, હવે તો યુદ્ધથી જ થશે કલ્યાણ. ’પાકિસ્તાન સાથે યુદ્ધો આપણે ઘણા કર્યા. પણ દરેક યુદ્ધના મેદાનમાં લોહી રેડીને જીતેલી જમીન તેને ટેબલ પર પાછી આપી દીધી છે. ૯૨ હજારથી વધુ યુદ્ધ કેદીઓ જીવતા અને સલામત પાછા આપ્યા છે. પણ હવે પાકિસ્તાનની હરકતોની હદ આવી ગઈ છે.

આત્મચિંતન

આંતરાષ્ટ્રીય યોગ દિવસ વિશેષ ધ્યાન-યોગ-પ્રાણાયામ

સ્વસ્થ સુખી જીવન મનુષ્યની મુખ્ય આવશ્યકતા છે. સમાજના કોઈપણ સ્તરમાં રહેવાવાળો વ્યક્તિ સ્વસ્થ સુખી જીવનની આવશ્યકતા અનુભવ કરે છે.સ્વાસ્થ્ય માત્ર શારીરિક જ નહિ માનસિક અને આત્મિક પણ હોય છે. જે લોકો માત્ર શરીરને સ્વસ્થ રાખીને અને સુખી જીવનનો લાભ લેવા ઈચ્છે છે તેઓ સુખી થઈ શકતા નથી. ભારતીય જીવન પધ્ધતિ તો હંમેશા શારીરિક, માનસિક, આત્મિક સ્વસ્થ્યનું મહત્વ દર્શાવતી રહે છે. આજના ચિકિત્સા વિજ્ઞાનીઓ પણ રોગોના કારણ શરીર સિવય મનમાં શોધવા લાગ્યા છે.સમગ્ર સ્વાસ્થ્ય માટે યોગ યુક્ત જીવન પદ્ધતિનો વિકાસ ઋષિઓએ કર્યો છે. યોગ યુક્ત જીવન પદ્ધતિમાં પોતાની ઈચ્છાઓ, કામનાઓ, વિચાર, શારિરીક ચેષ્ટાઓ, આહાર-વિહાર, વિશ્રામ અને શ્રમ આ બધુ સામેલ છે. આજકાલ યોગાના નામ પર જે પ્રચલન ચાલ્યું છે તેમાં લોકો માત્ર શારીરિક વ્યાયામ સુધી જ યોગને સમીતી માની બેઠા છે. તેથી સમગ્ર જીવનને સ્વસ્થ અને સુખી બનાવવાનો પ્રયાસ એટલો સફળ નથી થતો જેટલો થવો જોઈએ.યોગ યુક્ત આહાર, વિહાર, ચેષ્ટા, કર્મ, સુવું જાગવું આ બધાનો સંયોગ જીવનમાં આવનાર દુઃખોનો નાશ કરે છે. સ્વસ્થ અને સુખી જીવનના ઈચ્છુકોએ પોતાના જીવનની આ બધી જ ધારાઓને અનુશાસિત અને વ્યવસ્થિત બનાવવી પડશે.

- ગાયત્રી શક્તિપીઠ,ડીસા

‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

અમદાવાદમાં ફરીથી યોજાશે ૩ દિવસીય,"હાઈ લાઈફ" એક્ઝિબિશન

અમદાવાદ ફેશનનો નવો અંદાજ માણશે

અમદાવાદ હોટે કોચર, પર્સનલ સ્ટાઈલ, હોમ ડેકોર અને લક્ઝરી પ્રોડક્ટ્સનું એક્સ્લુઝિવ શોકેસ હાઈ લાઈફ એક્ઝિબિશના અમદાવાદમાં આવી રહ્યું છે. હૈદરાબાદ, બેંગલુરુ, મુંબઈ, ચેન્નઈ, પૂણે, કોચીન, જયપુર, સુરત, લખનૌ, કોઈમ્બતુર, કોઝીકોડે અને આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રીલંકામાં સફળતા પ્રાપ્ત કર્યા પછી હાઈ લાઈફ નિઃશંકપણે લક્ઝરી લિવિંગ કન્સેપ્ટનું પ્રતીક બન્યું છે.

હાઈ લાઈફ ખાતે ભારતનાં ડિઝાઈનર્સ (૧૫૦) દ્વારા સૌથી સુંદર કેટલાક વર્ક રજૂ કરવામાં આવી રહ્યા છે. બ્રાઈડલ વેર, ડિઝાઈનર વસ્ત્રો અને જ્વેલરીથી લઈને ફેશન એક્સેસરીઝ, હોમ એક્સેસરીઝથી લઈને ફર્નિશીગ કન્સેપ્ટ્સ, સ્ટેશનરીથી લઈને ગિફટીંગ આઈડિયાઝ અને ટેસ્ટફુલ આર્ટફેક્ટ્સ અને ડેકોરથી લઈને એવન્ટ ગાર્ડે આર્ટ સુધી અહીં પ્રદર્શિત થશે. જ્યારે તમારી પાસે પસંદગીઓ અનેક હોય ત્યારે ચોક્કસપણે તમે તેના રોમાંચથી દૂર ન રહી શકો.હાઈ લાઈફ એક્ઝિબિશન ૨૦, ૨૧ અને ૨૨ જૂન, ૨૦૧૮ના રોજ કર્ણાવતી કલબ ખાતે ખાતે યોજાશે જે શહેરમાં તેના આકર્ષક કલેક્શન સાથે નવો રોમાંચ સર્જશે.એબી પી ડોમિનીક દ્વારા સ્થાપિત કે જે ભારત અને વિદેશોમાં હાઈ એન્ડ લાઈફસ્ટાઈલ એક્ઝિબિશન કરવાનો અનુભવ ધરાવે છે, તેના દ્વારા આ આયોજન થયુ છે. હાઈ લાઈફ એક્ઝિબિશન્સ દેશમાં સૌથી ઉત્તમ ફાઈવ સ્ટાર હોટેલ્સમાં યોજાયા છે અને સમાજના અગ્રિમ હરોળના લોકોમાં તેણે આકર્ષણ સર્જ્યુ છે.હાઈ લાઈફ એક્ઝિબિનનિ રજૂઆતમા ભંવર રાઠોડ ડિઝાઈન સ્ટુડિયોના પ્રોફેશનલ ફેશન ડિઝાઈનરસ સ્ટુડન્ટે પણ ભાગ લીધો હતો. ફેશન ચાહકો માટે હાઈ લાઈફ એક્ઝિબિશન વન-સ્ટોપ શોપ અધત્તન અને તેમની પસંદગીની ફેશન અને ટ્રેન્ડી સ્ટાઈલ અંગે પસંદગી કરવાની તક મેળવશે.

&TVના હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરમાં જ્યુરી તરીકે સલમાન યુસુફ ખાન જોડાયો

&TVનો ડાન્સ રિયાલિટી શો હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરે ઈદની ખુશીના પર્વ પર નવા જજ માટે તેનાં દ્વાર ખોલી નાખ્યાં છે. આ તહેવાર નિશ્ચિત જ ઘણા બધા લોકોના જીવનમાં ખુશી લાવે છે ત્યારે બોલીવૂડના ડાન્સિંગ સ્ટાર તરીકે ઓળખાતા કોઈક માટે લકી ચાર્મ પણ સાબિત થયો છે. કોરિયોગ્રાફરમાંથી અભિનેતા બનેલો સલમાન યુસુફ ખાન તેના ચમત્કારી ડાન્સ પરફોર્મન્સ સાથે દર્શકોને મોહિત કરવા માટે ઓળખાય છે અને ખુદ રિયાલિટી સ્ટાર હોઈ શોમાં હવે લારા દત્તાની જગ્યા લેવાનો છે. લારા સ્પર્ધક જોડીઓ માટે મેન્ટર અને ફ્રેન્ડની ભૂમિકા સાથે અસલ મનોરંજનકાર પણ સાબિત થઈ હતી.શોના ગયા એપિસોડમાં અમુક અંગત કટોકટીઓ અને કટિબદ્ધતાઓને લીધે જજની ખુરશી પરથી લારા દત્તાએ પોતે રજા લેવા માગે છે એવી જાહેરાત કરી ત્યારે સૌકોઈ ભાવનાત્મક બન્યા હતા અને અનેકની આંખો અશ્રૂઓથી છલકાઈ ગઈ હતી. તે અત્યંત ઉત્તમ મેન્ટર રહી હોવાથી તેની વિદાય વેળા સ્પર્ધકોએ તેનાં ગીતો પર ફ્લેશ મોબ સાથે તેને સરપ્રાઈઝ આપવાનું નક્કી કર્યું હતું. લારાએ સહ જજો ઈશા ગુપ્તા અને અહમદ ખાન માટે પણ હૃદયસ્પર્શી સંદેશ છોડ્યો હતો. તે કહે છે, ૧૪ સપ્તાહ કઈ રીતે વીતી ગયા તેનો ખ્યાલ જ નહીં રહ્યો.. સલમાન હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરમાં જજ તરીકે જોવા મળશે, ૨૩ જૂનથી, દરેક શનિવાર અને રવિવાર, રાત્રે ૯, ફક્ત&TV પર.

ડુકાટી ભારતમાં રજૂ કરે છે Multistrada 1260 અને ૧૨૬૦ જી

ડુકાટી ઈન્ડિયા આજે ભારતમાં રજૂ કરે છે Multistrada 1260 અને ૧૨૬૦ જી અને તેની રજૂઆતી કિંમત ૧૫,૯૯,૦૦૦ અને ૧૮,૦૬,૦૦૦ એકંદરે રાખેલ છે. Multistrada ૧૨૬૦ અને ૧૨૬૦ જી પ્રવાસની ઉચ્ચતમ શ્રેણીનો અનુભવ પુરો પાડે છે, સાથે મોટરસાઈક્લીગં દુનિયામાં ફરી એકવાર ક્રાંતિ લાવે છે જે તેની વૈવિધ્યતા, સૌંદર્ય શાસ્ત્ર અને તેને ચલાવવાની સહેલાઈને આભારી છે. Multistrada 1260 પરિવારના વ્યાખ્યાત્મક લક્ષણો જાળવી રાખે છે– જેમાં સ્વચ્છ સપાટી, ગીચ લાઈન્સ અને અલગપડતી આગળની બાજુ અને પાછળનો દેખાવ – અને ગુણવત્તા અને ફીનીસીંગ ની અભૂતપૂર્વ સ્તર સુધી પહોંચાડે છે. નવું .Multistrada ૧૨૬૦ ડુકાટીના વજન અને કામગીરીના મહત્તમ સંતુલન સાથે વિગતવાર ધ્યાન દોરે છે, અર્ગનોમિક્સ પ્રાયોગિક સ્વીચગિયર અને એક સારી રીતે સુધારેલા ઈન્ટરફેસ ધરાવે છે.તેની વધતી ડિસ્પ્લેસમેન્ટ સાથે, હવે ૧૨૬૨ સીસી, ડુકાટી ટેસ્ટસ્ટ્રેટ્ટા ડીવીટી (ડીસોમોડ્રોમિક વેરિયેબલ ટાઈમિંગ) એન્જિન સવારીક્ષમતા અને પ્રભાવ માટે નવા બેન્ચમાર્ક સુયોજિત કરે છે.યુરો ૪ મંજૂર એન્જિન તેના વર્ગમાં ૪,૦૦૦ આરપીએમ પર સૌથી વધુ ટોર્ક આઉટપુટ આપે છે, એટલે કે મોટા ભાગના વારંવાર વપરાતા આરપીએમ રેન્જમાં - ૩,૫૦૦ આરપીએમ હેઠળ ઉપલબ્ધ ટોર્કના ૮૫% સાથે, ૫,૫૦૦ આરપીએમ પર ડિલિવરી પુરોગામી મોડલની તુલનામાં ૧૮% વધારે છે..Multistrada ૧૨૬૦માં બધું કાર્યદક્ષતા અને અસરકારકતા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. ડીવીટી સિસ્ટમની પુનરાવર્તિતતા ઓછી-થી-મધ્ય રેન્જ ટોર્ક ડિલિવરીને વધારવા માટે કરવામાં આવી છે, જે મહત્તમ ઉત્પાદનને ૯ ૭૫૦ આરપીએમ પર ૧૫૮ એચપી અને મહત્તમ ટોર્કને ૭,૫૦૦ આરપીએમ પર ૧૩.૨ જેટલી લાવે..Multistrada ૧૨૬૦ અને .Multistrada ૧૨૬૦ એસ માટે બુકિંગ હવે ખુલ્લી છે અને દિલ્હી - એનસીઆર, મુંબઈ, પૂણે, અમદાવાદ, બેંગલુરુ, કોચી, કોલકાતા અને ચેન્નઈમાં તમામ ડુકાટી ડિલરશીપમાં જૂન ૨૦૧૮ સુધીમાં ડિલિવરી શરૂ થશે.

મોન્સુનમાં તૈયાર રહો સ્ટાઈલિશ સ્કાયબેગ્સ સાથે

કલ્પના કરો કે, લુશ ગ્રીન એવન્યુસ, સ્પાર્કલિંગ વોટરફોલ્સ અને પિક્ચર્સક્યુ લેન્ડસ્કેપ્સ અમને આકર્ષિત કરતાં લાગણીઓની અસંખ્ય લાગણી અનુભવે છે જે આપણે ક્યારેય કરી અનુભવાયા નથી, મોન્સુન ટ્રેકિંગમાં તમે તમારી આત્માની સાથે વાસ્તવિક આંતરિક સ્વરૂપે કનેક્ટ રહો.

સંપૂર્ણ ફિંટિગ સ્પેશ્યલ રેઈન કવર, સ્કાયબેગ્સ બેકપેક્સથી સજ્જ કરવામાં આવે છે જેથી કરીને ખાતરી થઈ શકે કે રેઈન તમારી યોજનાને અટકાવતો નથી. આ ઉબેર-ડ્યુરેબલ બેગ રેઈન તમારા બેકપેક્સ પ્રોટેક્ટ; તમને મુક્ત રાઈડ કરવા માટે સક્ષમ બનાવે છે. સ્કાયબેગ્સ સ્પેશ્યલ રેઈન કવર તેના વીકએન્ડર. ક્રુ, ટેક્કી, ગ્રીક, રાઈડર અને પિક્સલ એક્સ્ટ્રા કલેક્શન સાથે ઉપલબ્ધ છે. બેકપેક્સની રેન્જ રૂ.૧૬૯૦થી રૂ.૪૦૯૦ સુધીની છે.

"મને ખબર નથી કે ઝિંગત પર કથક આટલી સરસ રીતે કરી શકાય": શશાંક ખૈતાન

કલર્સની નવી પ્રસ્તુતિ ડાન્સ દીવાને પોતાના ઝળહળતા પરફોર્મન્સિસ, આકર્ષક જયુરી ત્રિપુટી – માધુરી દિક્ષિત નેને, શશાંક ખૈતાન અને તુષાર કાલિયા વચ્ચેની કેમેસ્ટ્રી તથા અર્જુનની અતુલ્ય હોસ્ટિંગ કુશળતાઓ વડે દરેકજણના હૈયાં મોહી રહેલ છે. અનોખો ડાન્સ રિઆલિટી શો એક કોમન મંચ પર આવીને એકબીજાની સામે પરફોર્મ કરવા જીવનના વિભિન્ન ખૂણેથી આવતી ૩ પેઢીઓને પ્રસ્તુત કરે છે. વિજેતાને ભારતના અલ્ટીમેટ ડાન્સ દીવાનાના બિરૂદનો તાજ પહેરાવવામાં આવે છે.ઝિનગાટ મૂવી સૈરાત પરથી છે અને શશાંક ખૈતાને આના અધિકૃત હિન્દી અવતરણ–ધડકને ડાયરેકટ કરેલ છે.તાજેતરના એપિસોડમાં ૩ પ્રતિભાશાળી પ્રતિસ્પર્ધીઓ લલિતા, માનસી અને સિઝાએ ઓલ–ટાઈમ ચાર્ટ બસ્ટર ઝિનગાટ પર અદ્દભુત પરફોર્મન્સ આપ્યું. આ એકટમાં અલગ હતું તે એ કે આ પેપ્પી નંબર પર એક અજોડ કથક કોરિયોગ્રાફી હતી જેણે દરેકે–દરેક જણને અવાક કરી મૂકયાં. વધુ અદ્દભુત પરફોર્મન્સિસને ઝડપી પાડવા દર શનિવાર અને રવિવાર રાત્રે ૯.૦૦ કલાકે ડાન્સ દીવાને સાથે જોડાયેલા રહો અને જુઓ ફક્ત કલર્સ પર

આંતરરાષ્ટ્રીય યોગા દિવસ અંગે કલાકારો

ભાભી જીની સૌમ્યા ટંડન ઉર્ફે અનિતા ભાભી માટે યોગા જીવનની રીત છે

સેલિબ્રિટીઓ અને યોગા હંમેશાં એકબીજાના હાથ ઝાલીને ચાલે છે અને અમુક આપણી ફેવરીટ સેલિબ્રિટીઓએ તો આ અસરકારક અને ધ્યાનના સ્વરૂપને અવિભાજ્ય અંગ બનાવી દીધું છે. આવી જ એક સેલિબ્રિટી સૌમ્યા ટંડન છે, જે શ્ર્ફ પર ભાભીજી ઘર પર હૈમાં અનિતા ભાભી તરીકે લોકપ્રિય છે. તે માને છે કે યોગા જીવનની રીત છે અને ફક્ત કસરતનું સ્વરૂપ નથી, પરંતુ શારીરિક કસરતના કોઈ પણ અન્ય સ્વરૂપની પાર લાભો આપે છે. તેની ઘાટીલા અને સુંદર શરીરના આકારનું શ્રેય પણ તેણે રોજ યોગા કરે છે તેને આપ્યું હતું. શૂટિંગના વ્યસ્ત સમયપત્રક છતાં યોગાની કસરતો તે ક્યારેય છોડતી નથી.સૌમ્યા નાની હતી ત્યારે તેની માતાએ તેને નિત્યક્રમમાં પ્રાણાયમને હિસ્સો બનાવવાની સલાહ આપી હતી, પરંતુ તેને તે સમયે કંટાળો આવતો હતો. જોકે વર્ષોનાં વહાણાં વીતવા સાથે સૌમ્યાને ખ્યાલ આવ્યો કે શરીરને વજનની માવજત કરવાની તાલીમ ઉપરાંત વધુ જરૂર છે. વિશ્વ યોગા દિવસની ઉજવણી કરતાં આ લોકપ્રિય ટેલિવિઝન અભિનેત્રીએ યોગા તેના જીવનનું અવિભાજ્ય અંગ કઈ રીતે બની ગયું છે તે વિશે મજેદાર વાત કરી. તે કહે છે, યોગા ફક્ત ફિટ રહેવા માટે નથી, પરંતુ તે ધ્યાન, એકાગ્રતા, સ્ટ્રેચિંગ છે અને તેમાં હજુ ઘણું બધું છે. તમે તમારા સામાન્ય જિમના નિત્યક્રમમાં પણ અમુક પ્રાણાયામનો ઉમેરો કરી શકો છો.

&TV પર સિદ્ધિવિનાયકના નીતિન ગોસ્વામી ઉર્ફે વિન માટે યોગા તાણ દૂર કરનાર છે

યોગા લાક્ષણિત રીતે સ્ત્રીઓ માટેની કસરત છે એવું ઘણા બધા લોકો માને છે. આ જૂની ઘરેડને તોડી પાડતાં &TV પર સિદ્ધિવિનાયકનો વિન ઉર્ફે વિનાયક તરીકે લોકપ્રિય નીતિન ગોસ્વામી માને છે કે પુરુષોને પણ યોગામાંથી ઘણા બધા લાભો મળી શકે છે. પુરુષોમાં યોગા લવચીકતા વધારે છે, મન સ્થાપિત કરે છે અને એથ્લેટિક કામગીરી સુધારે છે. આંતરરાષ્ટ્રીય યોગા દિવસ પર તે કહે છે, હું માનું છું કે યોગા દરેક માટે છે. તમારી ઉંમર કે ફિટનેસનો સ્તર ગમે તેવો હોય તો પણ યોગા અપનાવવા જોઈએ. યોગા નિયમિત કરવાથી મારું વર્કઆઉટ રેજિમ્સ મહત્તમ બન્યું છે. તે મને વધુ ઊર્જા આપે છે. મને થાક લાગતો નથી. આખો દિવસ શૂટ કરવા છતાં તાજગી જળવાઈ રહે છે.

વધારે મોટા અને શ્રેષ્ઠ પ્રીમિયમ ટેલીવિઝનની રેન્જ સાથે ભારતમાં ટીવી બજારમાં ‘પરિવર્તનનો પવન ફૂંકતી’ સેમસંગ

SAMSUNG
QLED TV

અમદાવાદ ભારતની સૌથી વધુ વિશ્વસનિય કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ અને સતત ૧૩ વર્ષથી ટેલીવિઝન કેટેગરીમાં લીડર સેમસંગે આજે વર્ષ ૨૦૧૮ માટે સંપૂર્ણપણે નવી અને ટેલીવિઝનની રોમાંચક રેન્જની જાહેરાત કરી હતી, જેમાં ફ્લેગશિપ ક્યુએલઈડી, મિડ-રેન્જ યુએચડી અને મેક ફોર ઈન્ડિયા ‘કન્સર્ટ’ સીરિઝ સામેલ છે. સેમસંગે ભારતીય બજારનાં તમામ સેગમેન્ટમાં પરિવર્તનનો પવન ફૂંકે એવા ઉત્પાદનો પ્રસ્તુત કર્યા છે. બ્રાન્ડ એલઈડી ટીવી, સ્માર્ટ ટીવી, કર્વ્ડ ટીવી, કર્વ્ડ યુએચડી ટીવી તથા હવે ક્યુએલઈડી ટીવી અને ધ ફ્રેમ જેવા નવીન ઉત્પાદનો બજારમાં સૌપ્રથમ વાર પ્રસ્તુત કરીને સ્પર્ધામાં હંમેશા મોખરે રહી છે. અમે કન્સર્ટ સીરિઝ વિકસાવી છે, જેની ડિઝાઈન વિશિષ્ટ અવાજ પ્રદાન કરવા માટે બનાવવામાં આવી છે. તે જ રીતે યુએચડી સીરિઝ ઘણી નવીનતાઓ અને વિશિષ્ટ ખાસિયતો પ્રસ્તુત કરે છે.”

માનવજાતની સલામતી માટે પ્લાસ્ટિક મુક્ત જીવન આપણે ક્યારે બનાવીશું....?

દેશમાં જ્યારે પ્લાસ્ટીકનો પ્રવેશ થયો ત્યારે લોકોમાં કુતુહલતા સાથે ખુશી વ્યાપી ગઈ હતી પરંતુ આ પ્લાસ્ટિક માનવજાત સાથે જીવનસૃષ્ટિ અને પર્યાવરણ માટે કેટલું ખતરનાક છે તે અંગે સરકાર સહિતની કોઈ પણ સંશોધન લેબોરેટરીએ ધ્યાન આપ્યું ન હતું પરંતુ હવે પ્લાસ્ટિકથી જે નુકસાન થયું છે અને થઈ રહ્યું છે તેના પડઘા સમગ્ર વિશ્વમાં પડ્યા છે અને હવે પ્લાસ્ટિક ઉપયોગ ન કરવા માટે જંગના બ્યુગલ વગાડવાનું શરુ કર્યું છે. ત્યારે ‘૫ જૂનને પર્યાવરણ દિવસ’ પર જ પ્લાસ્ટિક ઉપયોગ સામે વિરોધ શરુ થયો છે અને પ્લાસ્ટિક ન વાપરવા અંગે અભિયાન શરુ કરવામાં આવ્યું છે. તેમાંય વિશ્વ સ્તરે વિશ્વ પર્યાવરણ દિવનસી થીમ પ્લાસ્ટિક પ્રદૂષણ પર અંકુશ મેળવીએ જાહેર થય્ છએ. અને પર્યાવરણ દિન-૨૦૧૮ની વૈશ્વિક ઉજવણીનું યજમાન પદ ભારતને મળ્યું છે જેને કારણે ભારતમાં પર્યાવરણીય પ્રશ્નો ઉકેલવા થઈ રહેલ પ્રયાસોની ભૂમિકાને પરત્વે સૌ કોઈનું ધ્યાન દોરાશે. આ બધુ પ્લાસ્ટિકના ઉપયોગને લઈને થતાં ભયંકર નુકસાન છતાં તેના ઉત્પાદન પર પ્રતિબંધ મૂકવાથી દરેક દેશો દૂર રહ્યા છે. જે નોંધનીય અગત્યનું પાસુ છે.

એક સમયે ભારતમાં લોકો કપડાની કે શણની થેલી લઈને સામાન ખરીદવા જતાં હતા પરંતુ પ્લાસ્ટિક આવ્યા બાદ લોકો કપડાની થેલી ભૂલી ગયા છે. અને દુકાનદાર પ્લાસ્ટિક થેલીમાં જ ચીજવસ્તુ પેક કરી આપે છે કે ભરી દે છે. ત્યારે દેશભરમાં હવે સરકારે નુકસાન કરતાં પ્લાસ્ટિક ઉત્પાદનો પર પ્રતિબંધ મૂકી કાપડની કે પછી કાગળની થેલીનો ઉપયોગ ફરજીયાત કરી દેવો જરૂરી છે. અને તો જ લાંબે ગાળે પ્લાસ્ટિક બોટલ કે ગ્લાસ કે અન્ય પ્લાસ્ટિક વસ્તુ દ્વારા પીવાતા પાણી પ્રવાહી દવાથી થતાં માનવ જાતને કેન્સર જેવા રોગોથી બચાવી શકશે તો નદીઓ-તળાવોને પ્લાસ્ટિક ચીજ વસ્તુઓથી મુક્ત કરી શકાશે. ફળદ્રુપ જમીન બચાવી શકાશે,નદીઓમાં તળાવોમાં સ્વચ્છ પાણી મળી રહેશે.

આ બધુ છતાં પ્લાસ્ટિક બનાવટો પર પ્રતિબંધ જ એક માત્ર વિકલ્પ નથી. લોકોની પણ જવાબદારી છે. લોકોએ પોતે અને પરિવાર તેમજ આવનાર પેઢી માટે જાગૃત થવું જરૂરી છે નહોતો કુંટુંબનો-પરિવારનો વેલો કેન્સર જેવા રોગમાં ખતમ થઈ જશે અને વેલો અટકી જશે. તો પ્લાસ્ટિક તેમજ અન્ય કચરો ધાર્મિક ક્રિયાને નામે નદી-નાળાં તળાવ કે દરિયામાં ન નાંખવાની પ્રતિજ્ઞા લેવી અતિ જરૂરી છે અને આમ કરવાથી નદી-તળાવ-દરિયાના પેટાળની જીવ સૃષ્ટિ સલામત રહેશે નહિ તો તેની સાથે માનવજાત પણ ખતમ થઈ જશે. અરે એ તો ઠીક પ્લાસ્ટિક થેલી કે બેગમાં ખાવાનું કે ફળ-ફૂલ વગેરે રસ્તા પર ફેંકવાથી જેને આપણે ગાયમાતા માનીએ છે કહીએ છીએ તે પ્લાસ્ટિક બેગ સાથે ખાઈ જાય છે પરિણામે તેના શરીરમાં કેન્સર જીવાણુ પેદા થાય છે જે દૂધ દ્વારા માનવી સુધી પહોંચે છે. જો કે લોકો પણ પ્લાસ્ટિકથી ઉખાઈ ગયા છે એક સમયે સારુ લાગતુ પ્લાસ્ટિક હવે માનવજાત અને જીવસૃષ્ટિ માટે ઘાતિક બની ગયું છે.

એ હકીકત છે કે પ્લાસ્ટિક કચરો-ભંગાર માનવ જીવન ખતમ કરી નાંખે તે પહેલાં તેનાથી બચવાના ઉપાયગ શરુ થઈ ગયા છે. ત્યારે આપણે ત્યાંથી જ ઘરે-ઘરેથી પ્લાસ્ટિકના ઉપયોગથી બચાવ શરુ કરવો જોઈએ કપડાની થેલીનો ઉપયોગ શરુ કરો,પ્લાસ્ટિક બેગમાં સામાન ન ખરીદો તેવો આગ્રહ હોવો જરૂરી છે. તો પ્લાસ્ટિક બોટલ કે પાઉચમાં મળતું પીવાનું પાણી કે ઠંડા પીણા,સહિત બંધ કરીને માત્ર ધાતુમાં ખાસ તો સ્ટીલ સહિતની ધાતુથી બનેલ ચીજવસ્તુનો જ ઉપયોગ કરો અને તેમાં શરમ ન રાખો. સરકાર પણ આ માટે અગત્યના આકરા પગલાં લઈ માનવજાતને વિશેષ સહાય કરી શકે છે. સરકાર પોતે પણ પ્લાસ્ટિક ફાઈલો,ગ્લાસ,ડીશ,ચમચીનો ઉપયોગ બંધ કરે.

જે-તે સરકારો પર્યાવરણ અંગે વધુ જાગૃતિ અને એ પણ કાયમ માટે બતાવે. માત્ર વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે એક દિવસ કાર્યક્રમો કરીને અટકી ન જાય ઊંઘી ન જાય કે પર્યાવરણ બચાવવાનું કાર્ય ભૂલી ન જાય એ પણ આવશ્યક છે તો આ બાબતે આકરા કદમ ઉઠાવવા પણ જરૂરી છે. જરૂર લાગે તો કાયદામાં પણ સુધાર કરવો જોઈએ. ટૂંકમાં માનવજાત અને જીવસૃષ્ટિ માટે ઘાયક પ્લાસ્ટિક ઉપયોગ ન કરવા માત્ર સરકાર જ નહીં લોકોએ પણ જાગૃત થઈ લડત આપવી પડશે જો તેમાં આળસ કે ઢીલી નીતિ દાખવશે તો આવનાર પેઢી આપણને માફ નહિં કરે. આપણે આવનાર પેઢીને પ્રદૂષણ મુક્ત જીવન આપવાનો સંકલ્પ કરીએ. આપણે જીવનમાં પ્લાસ્ટિકની આદત બનાવી દીધી છે તે છોડવી પડશે જ.**(જી.એન.એસ)**

અંતર્દષ્ટિ-કલ્પનાની શક્તિ

આખો સંસાર સુંદરતાનાં આભૂષણ પહેરી રહ્યો છે. નવીન કલાઓની જે શોધ થઈ રહી છે તે તમામ કલ્પનાનો સંસાર છે અને કલ્પનાનો નિશ્ચયાત્મક બોધ જ સંકલ્પ છે. જો તમે સંસારના તમામ દાર્શનિકોને મળશો તો જોશો કે તેઓ કલ્પનાથી જ શબ્દોનો શ્રૃંગાર કરે છે. જો તમે સંસારના તમામ વૈજ્ઞાનિકોને મળશો તો ખબર પડશે કે તેમની શોધ પાછળ ભાવ શરીરની કલ્પના છે અને જો તમે સંસારના તમામ પ્રેમી-પ્રેમિકાઓને મળશો તો ખબર પડશે કે તેમના પ્રેમમાં તિરાડનું કારણ કલ્પના જ છે. આજ ક્રમમા ં કલાકારો, લેખકો-કવિઓ, વાસ્તુકારો, ચિત્રકારો વગેરેની રચનાઓમાં પણ કલ્પના જ હોય છે. તમે માનો કે ન માનો, કેટલીક કલ્પનાઓ તો યુગ બદલી નાખે છે અને કેટલીક કલ્પનાઓ જીવનને બદલી નાખે છે.

કલ્પનામાં ઘૃણા પણ છે. કલ્પનામાં પ્રેમ પણ છે. કલ્પનામાં નિર્માણ પણ છે. કલ્પનામાં વિનાશનાં સૂત્ર પણ છે અને કલ્પનાઓને જાગૃત કરવી મનુષ્યનું કર્તવ્ય પણ છે અને ધર્મ પણ છે. તેથી દરેક શરીર એકબીજા પર આશ્રિત છે અને દરેક શરીરનું એક આવર્તન છે, એક ચક્ર છે. દરેક શરીરની એક આવૃત્તિ છે. એ આવર્તક ચક્રને છોડતાં જ તેના પર બીજા શરીરનો પ્રભાવ આવી જાય છે. ઈન્દ્રિયોના માધ્યમથી દરેક શરીર એકબીજા સાથે જોડાયેલું છે. અસલમાં ઈન્દ્રિયો જ સાતેય શરીરોને એકબીજા સાથે જોડે છે અને આ બધાની સક્રિયતા પાછળ પ્રાણ ઊર્જાની રશ્મિઓ છે. આ રશ્મિઓનો વિદ્યુત પ્રભાવ જ તેનો જીવ છે. જીવન છે, ગતિ છે અને તેનાથી જ મનુષ્યનો જન્મ મહાન છે, કારણ કે મનુષ્ય યોગી છે,

વૈજ્ઞાનિક છે અને શું-શું નથી, કારણ કે મનુષ્યનું મન તમામ ઈન્દ્રિયોની ગતિવિધિઓ પર નજર રાખે છે. મન જ ભયને અભય અને ઘૃણાને પ્રેમમાં બદલે છે. એ મન જ છે જે ક્રોધને ક્ષમા અને હિંસાને અહિંસામાં બદલે છે. મન જ ઉઠતી કલ્પનાની લહેરોને સંતુલિત કરે છે, કારણ કે જળ સાગર આ શરીરની અંદર જ છે, જેમાં ચંદ્રમાની વધ-ઘટની સાથે લહેરોમાં ઉતાર-ચડાવ થતો રહે છે. ભાવ સાગર છે અને

કલ્પના લહેર છે. ઈચ્છાઓની પૂર્તિના પ્રયાસમાં તેના સ્વરૂપને રૂપ આપવું પણ કલ્પના જગતનું જ કામ છે. મનુષ્ય કર્મને નિભાવવા નથી માંગતો. તે મોટાભાગે સૂઈ રહે છે કે પછી ખોટી કલ્પનાઓની દુનિયામાં પડ્યો રહે છે. જો દરેકની અંદર દૃષ્ટા ભાવ વિકસિત કરી દેવામાં આવે તો ફક્ત માનવું જીવન જ સ્વર્ગ નહીં બને, બલ્કે આખું વિશ્વ સ્વર્ગ બની જશે.

ખેલફલક
જેમાં ક્રિકેટથી
માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

સ્મૃતિ મંધાના ઈંગ્લેન્ડની ટી-૨૦ લીગમાં રમનારી પ્રથમ ભારતીય મહિલા બનશે

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સલામી બલ્લેબાજ સ્મૃતિ મંધાના ૨૨ જુલાઈથી શરૂ થઇ રહેલી ઈંગ્લેન્ડની કિયા સુપર ટી-૨૦ લીગમાં રમનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બનશે. સ્મૃતિએ ૬ ટીમોની લીગમાં વેસ્ટર્ન સ્ટ્રોમ સાથે કરાર કર્યો છે. તેણે અત્યારે સુધી ૪૦ ટી-૨૦ મેચમાં ૮૨૬ રન બનાવ્યા છે. આ સિવાય તેણે ૪૧ વનડે મેચમાં ૩૭.૫૭ની સરેરાશથી ૧૪૪૬ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે ૩ સદી અને ૧૧ અડધી સદી ફટકારી છે. ટી-૨૦માં તેનો સર્વોચ્ચ સ્કોર ૭૬ રન છે. સ્મૃતિ મંધાના બીજી વિદેશી મહિલા ખેલાડી છે જેને સ્ટોર્મે તેની સાથે જોડી છે.સ્મૃતિ મંધાના ઑસ્ટ્રેલિયામાં મહિલાઓની બિગ બેશ લીગમાં બ્રિસબેન હિટ માટે રમી ચુકી છે. સ્મૃતિએ આ નવી પડકાર વિશે કહ્યું કે, ‘‘આ ટૂર્નામેન્ટમાં રમનારી પ્રથમ ભારતીય મહિલા બનવા પર મને ગર્વ છે. આશા છે કે હું સારું પ્રદર્શન કરી શકીશ.’’વેસ્ટર્ન સ્ટ્રોમનાં કૉચ ગ્રેફિને કહ્યું કે, ‘‘અમે સ્મૃતિ મંધાનાનાં જોડાવાથી ઘણા જ ઉત્સાહિત છીએ. તે અત્યારે દુનિયાની સૌથી સારી ખેલાડીઓમાંથી એક છે.

હું પંડ્યાને મારી ટીમમાં બોલર તરીકે પણ ના લઉં : કોમેન્ટેટર આકાશ ચોપડા

Happy Birthday
AAKASH CHOPRA

ભારતીય ટીમ અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ પછી ઈંગ્લેન્ડનાં પ્રવાસે જશે. ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ મેચમાં ભારતીય ટીમની અગ્નિ પરીક્ષા થશે. ટેસ્ટ સીરીઝ પહેલા ભારતીય ટીમ આયરલેન્ડ સામે ૨ ટી-૨૦ મેચ રમશે. ત્યારબાદ ભારત ઈંગ્લેન્ડ સામે ત્રણ મેચની ટી-૨૦ અને ૩ મેચની વનડે સીરીઝ રમશે. ત્યારબાદ ભારત ઈંગ્લેન્ડ સામે ૫ મેચની ટેસ્ટ સીરીઝ રમશે.જો કે ભારતીય ટીમની પસંદગીને લઈને ઘણા સવાલો ઉભા થયા છે. પૂર્વ ભારતીય ખેલાડી અને હાલમાં કોમેન્ટેટરની ભૂમિકા નીભાવી રહેલા આકાશ ચોપડાનું માનવું છે કે હાર્દિક પંડ્યાને ટીમમાં સમાવવો યોગ્ય નથી. આકાશ ચોપડાએ કહ્યું કે જો આફ્રિકાનાં પ્રવાસને ધ્યાનમાં લેવામાં આવે તો પંડ્યાએ એક મેચમાં જ સારું પ્રદર્શન કર્યું હતુ, જેમાં તેણે ૯૩ રન ફટકાર્યા હતા. આ સિવાય તે પોતાને ઓલરાઉન્ડર તરીકે સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયો છે.

આકાશ ચોપડાએ કહ્યું કે, “મારી ટીમમાં હાર્દિક પંડ્યાની જગ્યા નથી. તેણે ખાસ પ્રદર્શન કર્યું નથી. બોલર તરીકે પણ હું તેની પાસે ૧૭-૧૮ ઓવર ના કરાવું. આ કારણે તે ત્રણ મુખ્ય બોલરમાં પણ ના આવી શકે. ભુવી, શમી, બુમરાહ, ઉમેશ અને ઈશાંત હોવાથી હાર્દિકને બોલર તરીકે પણ હું સામેલ ના કરું. હું પંડ્યાની જગ્યાએ એક સ્પિનરને સામેલ કરીશ.”

શિખર ધવન પ્રથમ સત્રમાં સદી ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી

ટીમ સ્પીરીટ

ભારતીય ઓપનર બેટસમેન શિખર ધવન ટેસ્ટ મેચના પહેલા સત્રમાં સદી કરનાર પહેલો ભારતીય બેટસમેન બની ગયો છે.બેંગ્લુરૂમાં અફગાનિસ્તાનની વિરૂધ્ધ જારી ટેસ્ટ મેચ પહેલા દિવસે તેમણે આ સિધ્ધિ હાંસલ કરી છે.

ધવને રાશિદ ખાનની બોલીંગ પર ચોક્કો મારી પોતાની ટેસ્ટ કેરિયરની સાતમી સદી પુરૂ કરી હતી પોતાની સદી માટે ધવને ૮૭ બોલનો સામનો કર્યો હતો અને ૧૮ ચોક્કા અને ત્રણ સિકસર મારી હતી. ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધી છ બેટસમેન એવા છે જેમણે ટેસ્ટ મેચના પહેલા સત્રમાં આ સિધ્ધિ હાંસલ કરી હોય. ઓસ્ટ્રેલિયાના વિકટર ટ્રમ્પર ૧૦૩ રન પહેલો બેટસમેન હતા જેમણે ટેસ્ટ મેચના પહેલા દિવસ પહેલા સત્રમાં જ સદી પુરી કરી હોય.તેમણે ૧૯૦૨માં ઈંગ્લેન્ડની વિરૂધ્ધ આ સિધ્ધિ હાંસલ કરી હતી.

ત્યારબાદ ઓસ્ટ્રેલિયાના જ ચાર્લી માર્કટની ૧૧૨એ ૧૯૨૬માં ઈંગ્લેન્ડની વિરૂધ્ધ સદી ફટકારી હતી.ડોન બ્રેડમેન ૧૦૫ રન ત્રીજો બેટસમેન હતા જેમણે આ યાદીમાં પોતાનું નામ દાખલ કરાવ્યું હતું. તેમણે લીડ્સમાં ઈંગ્લેન્ડની વિરૂધ્ધ મેચ પહેલા જ સત્રમાં સદી ફટકારી હતી. પાકિસ્તાનના માજિદ ખાન ૧૦૮ પહેલા એશિયાઈ બેટસમેન હતાં જેમણે ટેસ્ટ મેચના પહેલા દિવસે પહેલા જ સત્રમાં સદી ફટકારી હતી.

તેમણે ૧૯૭૬-૭૭માં ન્યુઝીલેન્ડની વિરૂધ્ધ કરાંચી ટેસ્ટમાં સદી ફટકારી હતી. ત્યારબાદ આગામી ૪૦ વર્ષ સુધી કોઈ બેટસમેન આ યાદીમાં સામેલ થયુ નથી

ઓસ્ટ્રેલિયાના ડેવિડ વોર્નર ૧૦૦એ પાકિસ્તાનની વિરૂધ્ધ ૨૦૧૬-૧૭માં સ ડિની ટેસ્ટના પહેલા દિવસે પહેલા સત્રમાં સદી ફટકારી હતી.

ભારત તરફથી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે પહેલા સત્રમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ વીરેન્દ્ર સહેવાગના નામે હતો સહેવાગે વેસ્ટ ઈન્ડિઝની વિરૂધ્ધ ૨૦૦૬માં લંચ પહેલા ૯૯ રન બનાવ્યા હતાં.

સ્પોર્ટ્સ ક્વીઝ ડો.પી.ડી.શર્મા

સવાલ :

૧. હાલમાં જ ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપ માટેની ટ્રોફી કયા ખેલાડીએ લોંચ કરી હતી ?

૨. હાલમાં ભારતીય ફુટબોલ ટીમના કેપ્ટન કોણ છે ?

૩. હાલમાં ફોર્બ્સ પ્રમાણે સૌથી વધુ કમાણી કરતાં વિશ્વના ટોચના ૧૦૦ ખેલાડીઓમાં એક માત્ર ભારતીય ખેલાડી કોણ છે ?

૪.હાલમાં ફોર્બ્સ પ્રમાણે સૌથી વધુ કમાણી કરતાં વિશ્વના ટોપ ૧૦૦ માં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડી કોણ છે ?

૫.હાલમાં ફોર્બ્સ પ્રમાણે સૌથી વધુ કમાણી કરતાં વિશ્વના ટોપ ૧૦૦ માં સૌથી વધુ ૪૦ ખેલાડીઓ કરતાં કઈ રમતની લીગ ટીમના છે ?

૬. હાલમાં ફોર્બ્સ પ્રમાણે સૌથી વધુ કમાણી કરતાં વિશ્વના ટોપ ૧૦૦ માં પ્રથમ દસમા સ્થાન પામનાર એક માત્ર ટેનીસ ખેલાડી કોણ ?

૭. આ વર્ષે ફ્રેન્ચ ઓપનમાં કઈ મહિલા ખેલાડીએ રશિયાની ગ્લેમર ગર્લ મારીયા શારાપોવાને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો ?

૮. આ વર્ષે ફ્રેન્ચ ઓપનમાં કયા ખેલાડીએ સર્બિયાના નોવાક યોકોવિચને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો ?

૯. હાલમાં ફોર્બ્સ પ્રમાણે સૌથી વધુ કમાણી કરતો ફુટબોલનો ખેલાડી કોણ છે ?

૧૦. હાલમાં ફોર્બ્સ પ્રમાણે સૌથી વધુ કમાણી કરતો બાસ્કેટ બોલનો ખેલાડી કોણ છે ?

૧૧. હાલમાં જ બીસીસીઆઈ દ્વારા કયા ખેલાડીની પસંદગી પોલી ઉમરીગર એવોર્ડ માટે કરી હતી ?

૧૨. ટી-૨૦ માં ૨,૦૦૦ રન પુરા કરનારી સૌ પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર કોણ ?

૧૩. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં પહેલી વખત ફુટબોલ વર્લ્ડકપમાં રમનાર ટીમ કઈ હતી ?

જવાબ:

૧. હાલમાં જ ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપ માટેની ટ્રોફી જર્મનીના લેજન્ડરી ફુટબોલર લોથર મેથ્યુએ નામના ખેલાડીએ લોંચ કરી હતી.

૨. હાલમાં ભારતીય ફુટબોલ ટીમના કેપ્ટન સુનીલ છેત્રી છે.

૩. હાલમાં ફોર્બ્સ પ્રમાણે સૌથી વધુ કમાણી કરતાં વિશ્વના ટોચના ૧૦૦ ખેલાડીઓમાં એક માત્ર ભારતીય ખેલાડી વિરાટ કોહલી વાર્ષિક કમાણી ૧૬૧ કરોડ રૂપિયાની છે.

૪.હાલમાં ફોર્બ્સ પ્રમાણે સૌથી વધુ કમાણી કરતાં વિશ્વના ટોપ ૧૦૦ માં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડી અમેરીકાના બોકસર ફ્લોઈડ મેવેધર વાર્ષિક ૧૯૦૭.૧૫ કરોડ રૂપિયા છે.

૫.હાલમાં ફોર્બ્સ પ્રમાણે સૌથી વધુ કમાણી કરતાં વિશ્વના ટોપ ૧૦૦ માં સૌથી વધુ ૪૦ ખેલાડીઓ કરતાં અમેરીકાની ભારે લોકપ્રિયતા ધરાવતી બાસ્કેટ બોલ લીગ એનબીએની રમતની લીગ ટીમના છે.

૬. હાલમાં ફોર્બ્સ પ્રમાણે સૌથી વધુ કમાણી કરતાં વિશ્વના ટોપ ૧૦૦ માં પ્રથમ દસમા સ્થાન પામનાર એક માત્ર ટેનીસ ખેલાડી સ્વિત્ઝરલેન્ડના રોજર ફેડરર છે.

૭. આ વર્ષે ફ્રેન્ચ ઓપનમાં સ્પેનની ગાર્બિન મુગુરૂઝાએ નામની મહિલા ખેલાડીએ રશિયાની ગ્લેમર ગર્લ મારીયા શારાપોવાને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો.

૮. આ વર્ષે ફ્રેન્ચ ઓપનમાં ઈટાલીના બીનક્રમાંકીત ખેલાડી માર્કો સેચીનાટોએ નામના ખેલાડીએ સર્બિયાના નોવાક યોકોવિચને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો.

૯. હાલમાં ફોર્બ્સ પ્રમાણે સૌથી વધુ કમાણી કરતો ફુટબોલનો ખેલાડી આર્જેન્ટીનાના લીયોનલ મેસી છે.

૧૦. હાલમાં ફોર્બ્સ પ્રમાણે સૌથી વધુ કમાણી કરતો બાસ્કેટ બોલનો ખેલાડી અમેરીકાના લેબ્રોન છે.

૧૧. હાલમાં જ બીસીસીઆઈ દ્વારા વિરાટ કોહલી નામના ખેલાડીની પસંદગી પોલી ઉમરીગર એવોર્ડ માટે કરી હતી.

૧૨. ટી-૨૦ માં ૨,૦૦૦ રન પુરા કરનારી સૌ પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર મીતાલી રાજ છે.

૧૩. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં પહેલી વખત ફુટબોલ વર્લ્ડકપમાં રમનાર ટીમ પનામા દેશની હતી.

-ડો.પી.ડી.શર્મા
(અમદાવાદ)

વન-ડે ક્રિકેટમાં બોલની દ્રષ્ટીએ સૌથી ઝડપી બેવડી સદી

ખેલના મેદાનમાંથી કમલેશ કંસારા

વન-ડે ક્રિકેટમાં બેવડી સદી નોંધાવવી એ પણ એક વિશિષ્ટ ઘટના કહેવાય છે. વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં સૌ પ્રથમ બેવડી સદી ભારતના સચીન તેંડુલકરે બનાવી હતી. સચીને ૨૦૧૦ માં દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ ૨૪-૨-૧૦ ના રોજ ગ્વાલીયર ખાતે વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં અણનમ ૨૦૦ રન નોંધાવ્યા હતા. જેમાં ૨૦૦ રન ૧૪૭ બોલમાં ૨૫ ચોગ્ગા અને ૩ સિકસર સાથે પુરા કર્યા હતા. વન-ડે ના ઈતિહાસમાં આ સૌ પ્રથમ બેવડી સદીનો રેકોર્ડ સ્થાપિત થયો હતો.

બોલની દ્રષ્ટીએ સૌથી ઝડપી બેવડી સદી નોંધાવવાનો રેકોર્ડ વેસ્ટ ઈન્ડિઝના માસ્ટર બ્લાસ્ટર બેટસમેન ક્રીસગેઈલ પાસે છે. ગેઈલે ૨૦૧૫ માં ઝીમ્બાબ્વે સામે કેનબરા ખાતેની વન-ડે મેચમાં ૧૪૭ બોલમાં ૨૧૫ રન નોંધાવ્યા હતા.જેમાં ૧૦ ચોગ્ગા અને ૧૬ સિકસરનો સમાવેશ થાય છે. ગેઈલ પોતાના ૨૦૦ રન માત્ર ૧૩૮ બોલમાં પુરા કર્યા હતા. વન-ડે ના ઈતિહાસમાં એક ઈનીંગ્સમાં એક બેટસમેન દ્વારા ૧૬ સિકસરનો એક અનોખો રેકોર્ડ નોંધાયો હતો.

ભારતના રોહીત શર્માએ પણ પોતાની ૨૦૯ રનની ઈનીંગ્સમાં ૧૬ સિકસર લગાવીને ગેઈલના રેકોર્ડની બરોબરી કરી હતી. રોહીત શર્માએ ૨૦૧૩ માં બેંગલુરૂ ખાતે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ વન-ડે મેચમાં ૧૫૮ બોલમાં ૧૨ ચોગ્ગા અને ૧૬ સિકસર લગાવીને ૨૦૯ રન નોંધાવ્યા હતા. રોહીત શર્માએ પોતાની બેવડી સદી ૧૫૬ બોલમાં પુરી કરી હતી.

ત્યારબાદ ફરી એકવાર રોહીત શર્માએ ૨૦૧૪ માં શ્રીલંકા વિરૂદ્ધ કોલકત્તા ખાતેની વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં વન-ડે ના ઈતિહાસનો સર્વોચ્ચ જુમલો ૨૬૪ રન બનાવીને વિશ્વ રેકોર્ડ સ્થાપ્યો હતો. જેમાં ૩૩ ચોગ્ગા અને ૯ સિકસર લગાવી હતી. રોશીત શર્માએ પોતાની બેવડી સદી ૧૭૩ બોલમાં પુરી કરી હતી. ફરી એકવાર રોહીત શર્માના બેટમાંથી બેવડી સદી નીકળી ૨૦૧૭ માં શ્રીલંકા વિરૂદ્ધ મોહાલી ખાતેની વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં અણનમ ૨૦૮ રન લગાવ્યા હતા. ૧૫૩ બોલમાં ૧૩ ચોગ્ગા અને ૧૨ સિકસર લગાવી હતી. જેમાં રોહીતે પોતાની બેવડી સદી ૧૫૧ બોલમાં પુરી કરી હતી. આમવન-ડે ઈન્ટરનેશનલ ક્રીકેટના ઈતિહાસમાં ત્રણ બેવડી સદી બનાવનાર એક માત્ર રોહીત શર્મા જ રેકોર્ડ ધરાવે છે.

ભારતના વિરેન્દ્ર સહેવાગે ૨૦૧૧ ની વેસ્ટ ઈન્ડિઝ સામે ઈન્દોર ખાતેની વન-ડે ઈન્ટરનેશનલ ક્રીકેટમાં ૨૧૯ રન નોંધાવ્યા હતા. વન-ડે ના ઈતિહાસમાં સચીન તેંડુલકર બાદ સહેવાગ વિશ્વનો બીજો બેટસમેન બન્યો હતો. જેણે વન-ડે માં સર્વોચ્ચ જુમલો નોંધાવ્યો હતો. સહેવાગે ૨૧૯ રન ૧૪૯ બોલમાં ૨૫ ચોગ્ગા અને ૭ સિકસર સાથે પુરા કર્યા હતા. જેમાં બેવડી સદી ૧૪૦ બોલમાં પૂર્ણ કરી હતી.

ન્યુઝીલેન્ડ તરફથી એક માત્ર બેટસમેને વન-ડે ના ક્રીકેટમાં ડબલ સદી લગાવી છે. ન્યુઝીલેન્ડ તરફથી માર્ટીન ગુપ્ટીલે ૨૦૧૫ માં વેસ્ટ ઈન્ડીઝ વિરૂદ્ધ રમાયેલ વેલીંગ્ટન ખાતેની વન-ડે ઈન્ટરનેશનલ ક્રીકેટમાં અણનમ રહીને ૨૩૭ રન કર્યા હતા. ગુપ્ટીલે અણનમ ૨૩૭ રન ૧૬૩ બોલમાં ૨૪ ચોગ્ગા અને ૧૧ સિકસર લગાવીને પુરા કર્યા હતા. ગુપ્ટીલે બેવડી સદી ૧૫૨ બોલમાં પુરી કરી હતી.

અત્યાર સુધી વન ડેના ઈતિહાસમાં કુલ સાત ડબલ સદી નોંધાઈ છે. જેમાં ભારત તરફથી ત્રણ બેટસમેનો દ્વારા પાંચ બેવડી સદી નોંધાવી છે. જયારે વેસ્ટ ઈન્ડિઝ અને ન્યુઝીલેન્ડ તરફથી એક એક બેટસમેનો દ્વારા બેવડી સદી નોંધાઈ છે. -**કમલેશ કંસારા**

કેપ્ટન આંદ્રેસની જીતમાં નિર્ણાયક ભૂમિકા

ફિફા કપ : દક્ષિણ કોરિયા પર સ્વિડનનો ૧-૦થી વિજય થયો

નિજની મેદાન પર રમાયેલી ફિફા વર્લ્ડકપ ૨૦૧૮ની ગ્રુપ એફની એક મેચમાં દક્ષિણ કોરિયા ઉપર સ્વિડને ૧-૦થી જીત મેળવી લીધી હતી. પહેલા હાફમાં કોઈ ગોલ થઈ શક્યા ન હતા જયારે બીજા હાફમાં ૬૫મી મિનિટમાં સ્વિડનના કેપ્ટન આંદ્રેસે ગોલ ફટકાર્યો હતો. પેનલ્ટી મળ્યા બાદ આ ગોલ ફટકારવામાં આવ્યો હતો. નિજનીના મેદાન પર રમાયેલી આ મેચમાં બંને ટીમોએ જોરદાર રમત રમી હતી. સ્વિડનની ટક્કર હવે ૨૩મી જૂનના દિવસે જર્મની સાથે થશે. જર્મનીની પ્રથમ મેચમાં મેક્સિકો સામે હાર થઈ હતી. આ જીત સાથે સ્વિડન પોતાના ગ્રુપમાં મેક્સિકો સાથે ટોપ ઉપર છે. સ્વિડન સામે જર્મનીને શાનદાર રમત રમવી પડશે. અગાઉ રવિવારના દિવસે ફિફા વર્લ્ડ કપમાં ગઈકાલે રવિવારના દિવસે ચાર મેચો રમાઇ હતી. પરંતુ પરિણામોને લઈને ફુટબોલ ચાહકો આશ્ચર્યચકિત થઇ ગયા હતા. કારણ કે એકબાજુ વર્તમાન ચેમ્પિયન અને ફીફા વર્લ્ડ કપ માટે સૌથી પ્રબળ દાવેદાર જર્મનીની તેની પ્રથમ મેચમાં મેક્સિકોની સામે હાર થઈ હતી. મેક્સિકોએ ૧-૦થી જીત મેળવી લીધી હતી. જયારે રોસ્તોવ ઓલ ડોન ખાતે રમાયેલી મેચમાં પાંચ વખતની ચેમ્પિયન બ્રાઝિલની સ્વીત્ઝર્લેન્ડની સામે તેની મેચ ૧-૧થી ડ્રો રહી રહી હતી. બ્રાઝિલના સ્ટાર ખેલાડી નેમારનો ફ્લોપ શો રહ્યો હતો. બ્રાઝિલ માટે એકમાત્ર ગોલ ૨૦મી મિનિટમાં કોલિન્હોહ દ્વારા કરવામાં આવ્યો હતો. જયારે સ્વીસ તરફથી એકમાત્ર ગોલ સ્ટીવન જુબર દ્વારા કરવામાં આવ્યો હતો. છેલ્લી ઘડીએ નેમારને પણ ફ્રી કિક મળી હતી પરંતુ તે ગોલમાં ફેરવી દેવામાં સફળ રહ્યો ન હતો. વિશ્વ કપમાં વર્ષ ૧૯૭૮ બાદ પ્રથમ વખત બ્રાઝિલની ટીમ તેની પ્રથમ મેચ જીતવામાં સફળ રહી નથી.

ફિફા કપમાં કોલંબિયા ઉપર જાપાનની ૨-૧થી ભવ્ય જીત

ટર્નીંગ પોઈન્ટ

ફિફા વર્લ્ડકપ ૨૦૧૮માં ગ્રુપ એચની એક મેચમાં જાપાને આજે કોલંબિયા ઉપર ૨-૧થી જીત મેળવી હતી. આની સાથે જ જાપાને બ્રાઝિલ વર્લ્ડકપમાં મળેલી ૪-૧થી મળેલી હારનો બદલો પણ લઈ લીધો હતો. જાપાન તરફથી પ્રથમ ગોલ કગાવાએ પેનલ્ટી મળ્યા બાદ કર્યો હતો. જ્યારે બીજો ગોલ ૭૩મી મિનિટમાં ઓસોકોએ કર્યો હતો. કોલંબિયા તરફથી એકમાત્ર ગોલ ક્વિન્ટેરોએ કર્યો હતો. જો કે, સ્ટાર ખેલાડી રોડ્રીગેજ કોઈ ગોલ કરી શક્યો ન હતો જેથી ચાહકોમાં નિરાશા રહી હતી. જેમ્સ રોડ્રીગેજને કેટલીક તક મળી હતી પરંતુ તે પણ અસરકારક ફોર્મમાં દેખાયો ન હતો. મેચ જોવા માટે કોલંબિયાના ૧૦ હજારથી પણ વધુ ચાહકો મેદાનમાં ઉપસ્થિત રહ્યા હતા પરંતુ તેમનામાં નિરાશા જોવા મળી હતી. એક દિવસ પહેલા નિજની મેદાન પર રમાયેલી ફિફા વર્લ્ડકપ ૨૦૧૮ની ગ્રુપ એફની એક મેચમાં દક્ષિણ કોરિયા ઉપર સ્વિડને ૧-૦થી જીત મેળવી લીધી હતી. પહેલા હાફમાં કોઈ ગોલ થઈ શક્યા ન હતા જ્યારે બીજા હાફમાં ૬૫મી મિનિટમાં સ્વિડનના કેપ્ટન આંદ્રેસે ગોલ ફટકાર્યો હતો. પેનલ્ટી મળ્યા બાદ આ ગોલ ફટકારવામાં આવ્યો હતો. નિજનીના મેદાન પર રમાયેલી આ મેચમાં બંને ટીમોએ જોરદાર રમત રમી હતી. સ્વિડનની ટક્કર હવે ૨૩મી જૂનના દિવસે જર્મની સાથે થશે. જર્મનીની પ્રથમ મેચમાં મેક્સિકો સામે હાર થઈ હતી.

આ જીત સાથે સ્વિડન પોતાના ગ્રુપમાં મેક્સિકો સાથે ટોપ ઉપર છે. સ્વિડન સામે જર્મનીને શાનદાર રમત રમવી પડશે. અગાઉ રવિવારના દિવસે ફિફા વર્લ્ડ કપમાં ગઈકાલે રવિવારના દિવસે ચાર મેચો રમાઈ હતી. પરંતુ પરિણામોને લઈને ફુટબોલ ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

ઓસોકો-કગાવા જાપાન માટે છવાયા
સ્ટાર ફુટબોલર જેમ્સ રોડ્રીગેજ ગોલ કરવામાં નિષ્ફળ

છેલ્લી ઘડીએ ગોલ કરીને ઈજિપ્ત પર ઉરુગ્વેની જીત

એકાતોરિનાબાર્ગ એરિનામાં રમાયેલી ફિફા વર્લ્ડકપની બીજી મેચમાં ઉરુગ્વેએ ઈજિપ્ત ઉપર ૧-૦થી જીત મેળવી હતી. આ જીતની સાતે ઉરુગ્વેએ ટુર્નામેન્ટમાં જોરદાર શરૂઆત કરી હતી. વિજેતા ટીમ માટે એકમાત્ર ગોલ ગિમેનેજે ૮૯મી મિનિટમાં કર્યો હતો. આ મેચમાં ઈજિપ્તની ટીમે સ્ટાર ખેલાડી મોહમ્મદ સલાહની અછત દેખાઈ હતી. સલાહ ઈજાગ્રસ્ત હોવાથી આજની મેચ રમ્યો ન હતો. એક વખતે એવું લાગી રહ્યું હતું કે, ઈજિપ્ત આ મેચને સરળતાથી ડ્રો કરાવી લેશે પરંતુ બીજા હાફના અંતિમ સમયમાં ડિફેન્ડર ગિમેનેજે જોરદાર કિક મારફતે ગોલ ફટકાર્યો હતો. જો કે ત્યારબાદ ઈજિપ્તે મેચને બરોબરી પર લાવવાના તમામ પ્રયાસો કર્યા હતા. બીજી બાજુ સ્ટાર ખેલાડી સુઆરેજે ગોલ કરવાની એક સરળ તક ગુમાવી દીધી હતી. ફીફા વર્લ્ડ કપમાં કુલ ૬૪ મેચો રમાનાર છે.જે ૧૧ શહેરોના ૧૨ સ્ટેડિયમ ખાતે રમાનાર છે.

ફાઈનલ મેચ મોસ્કોમાં લુઝીનિકી સ્ટેડિયમ ખાતે ૧૫મી જુલાઈના દિવસે રમાશે. વર્લ્ડ કપમાં વિજેતા ટીમ સીધી રીતે ૨૦૨૧માં ક્વાલિફાઈગ કરશે.વર્લ્ડ કપને લઈને કરોડો ચાહકો ભારે ઉત્સુક છે. આ વખતે આઈસલેન્ડ અને પનામા પ્રથમ વખત ક્વાલીફાઈ થયા છે. ત્રણ ટુર્નામેન્ટના ગાળા બાદ પરત ફરેલી ટીમમાં ઈજિપ્ત, મોરોક્કો અને પેરુનો સમાવેશ થાય છે. એકબાજુ ઈજિપ્ત ૧૯૯૦ બાદ પ્રથમ વખત ૨૮ વર્ષ પછી વર્લ્ડકપમાં રમનાર છે જ્યારે મોરોક્કો ૧૯૯૮ બાદ પ્રથમ વખત રમશે. પેરુ ૩૬ વર્ષ બાદ પરત ફર્યું છે. ચાર અરબ દેશો ઈજિપ્ત, મોરોક્કો, સાઉદી અરેબિયા વર્લ્ડકપ માટે ક્વાલીફાઈ થયા છે.

જે શક્તિશાળી ટીમો ક્વાલીફાઈ થઈ શકી નથી તેમાં ૧૯૫૮ બાદ પ્રથમ વખત ચાર વખતની વિજેતા ટીમ ઈટાલી નિષ્ફળ છે. આવી જ રીતે ત્રણ વખતના રનર્સઅપ રહી ચુકેલા નેધરલેન્ડને પણ તક મળી નથી.

જોસ ગિમેનેજે ૮૯મી મિનિટમાં ગોલ ફટકાર્યો
મેચ પુરી થવામાં એક મિનિટ બાકી હતી ત્યારે ગોલ થયો

ઉત્તરાખંડની ટીમ ૧૮ વર્ષ પછી રણજી ટ્રોફીમાં રમશે

૧૮ વર્ષની રાહ જોયા બાદ આખરે ઉત્તરાખંડની ટીમ રણજી ટ્રોફીમાં રમશે. બીસીસીઆઇએ આગામી સત્રમાં રાજ્યનાં ઘરેલૂ ક્રિકેટ કાર્યક્રમમાં પદાર્પણ પર નજર રાખવા માટે ૯ સભ્યોની ‘સામંજસ્ય સમિતિ’નું ગઠન કરવાનો નિર્ણય લીધો છે. બેઠક બાદ સમિતિનાં અધ્યક્ષ વિનોદ રાયે કહ્યું કે ઉત્તરાખંડ રણજી ટ્રોફીમાં પદાર્પણ કરશે.

નવ સભ્યોની સામંજસ્ય સમિતિમાં રાજ્યનાં વિભિન્ન ક્રિકેટ સંઘોનાં સદસ્યો અને ઉત્તરાખંડ સરકારનાં નિમણૂક કરાયેલા એક સભ્ય હશે. આ સિવાય તાજેતરમાં જ રિટાયર્ડ થયેલા પ્રોફેસર રત્નાકર શેટ્ટી સહિત બીસીસીઆઇનાં ૨ પ્રતિનિધિ પણ હશે.

રાયે કહ્યું કે, ” રાજ્યની ટીમ રણજી ટ્રોફીમાં પોતાની ભાગીદારી નિશ્ચિત કરી શકે તે માટે ઉત્તરાખંડનાં વિરોધી સંઘોએ પારસ્પરિક મતભેદ ભૂલાવી દીધા છે. એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું છે, જેમાં બીસીસીઆઇનાં પ્રતિનિધિ હશે. આ આવતા સપ્તાહે કામ કરશે.” બીસીસીઆઇની ટીમે બિહાર અને પૂર્વોત્તરની ટીમને પણ આગામી ઘરેલૂ સત્રમાં સામેલ કરવાનો નિર્ણય કર્યો જેથી રણજી ટ્રોફીમાં કુલ ટીમોની સંખ્યા ૩૬ થઇ જશે.

ચાણસ્મા તાલુકા...

પાના નં.૧ ચાલુ

ચાણસ્મા તા.પંચાયતમાં ૧૮ બેઠકો પૈકી કોંગ્રેસ પાસે ૧૫ સભ્યો સાથે સ્પષ્ટ બહુમતિ હોવા છતાં આંતરિક કલહને કારણે પક્ષ બે ભાગમાં વિભાજીત થઈ ગયો હતો. અને બીજી ટર્મ માટે બંને જુથો દ્વારા સત્તા કબજે કરવા રાજકીય દાવપેચ ખેલવામાં આવ્યા હતાં. પક્ષ દ્વારા પ્રમુખ પદ માટે રબારી ગેમરભાઈ ઓંધારભાઈ (પીંપળ) અને ઉપપ્રમુખ માટે સરલાબેન સોવનજી ઠાકોર (સેંધા) ને મેન્ડેડ આપવામાં આવ્યો હતો. તેમ છતાં વર્તમાન પ્રમુખના જુથ દ્વારા પ્રમુખ/ઉપપ્રમુખનુ ઉમેદવારી પત્રક ભરવામાં આવ્યું હતું જેથી રાજકીય વાતાવરણ તંત્ર બની ગયુ હતુ

ગતરોજ ચાણસ્મા ખાતે ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવતાં બંને જુથના સભ્યો વચ્ચે બોલાચાલી થતાં મામલો ગરમાયો હતો. અને પોલીસની હાજરીમાં જ બંને જુથના ટેકેદારો સામસામે આવતાં ખુરશીઓ ઉછળી હતી. અને પોલીસની દરમ્યાનગીરી વચ્ચે મામલો થાળે પડ્યો હતો. ત્યારબાદ ચુંટણી અધિકારી દ્વારા ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેની સામે વર્તમાન પ્રમુખ જુથના સભ્યોએ વિરોધ નોંધાવી ચુંટણીનો બહિષ્કાર કરી વોકઆઉટ કર્યો હતો અંતે ચુંટણી અધિકારીએ પ્રમુખ તરીકે ગેમરભાઈ રબારી જ્યારે ઉપપ્રમુખ તરીકે સરલાબેન ઠાકોરને વિજેતા જાહેર કરતાં નારાજ વર્તમાન પ્રમુખના જુથે ચુંટણી પ્રક્રિયાને કાયદાકીય રીતે પડકારવાનો નિર્ણય કયો હતો. અગાઉ મહિલા પ્રમુખ વિરૂધ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવનાર સભ્યોને જ પ્રમુખ/ઉપપ્રમુખનો મેન્ડેડ આપવામાં આવતાં કોંગ્રેસ પક્ષ બે જુથમાં વહેંચાઈ જતાં બળવો થવા પામ્યો હતો.

ધાનેરાની...

પાના નં.૧ ચાલુ

સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૭૪ મુજબ વ્ય.કમીટીમાં સભ્યોની વરણીમાં અનામત સીટો, મહીલા સભ્યો તથા ૧૧ સભ્યોની કમીટી પૈકી ૫ સભ્યોને એજન્ડા બજાવતા ન હોઈ તથા ફક્ત છ સભ્યો વહીવટ ચલાવી. કોઈને એજન્ડાની નકલપણ રજુ કરેલ ન હોઈ તા.૨૮/૬/૨૦૧૭ ની વાર્ષિક સાધારણ સભામાં ગત સભાની કાર્યવાહીની બહાલી આપતો ઠરાવ નં.૧૧ (૧) થી કમીટીની પ્રમુખ સ્થાનેથી વરણી કરવામાં આવેલ છે તેને બહાલી આપેલ નથી જેમાં રેકર્ડ સાથે છેક છાક કરી શંકાને સ્થાન ઉભુ કરેલ છે અને પ્રમુખ સ્થાનેથી થયેલ ઠરાવ નં.૮ (૧) માં જણાવ્યા મુજબ મંડળીમાં વહીવટદારની નિમણુંક કરી કાર્યવાહી કરવી. તેવું ઠરાવવમાં આવેલ હોવા છતાં તેનો અમલ કરેલ નથી અને આ ઠરાવને બોર્ડ ઓફ નોમીનીઝમાં કોર્ટમાં પડકારવામાં આવેલ પરંતુ સદર લવાદી દાવા અરજી નામંજુર કરવામાં આવેલ જેનાથી નારાજ થઈ તા.૨૪/૪/૨૦૧૮ ના હુકમથી રીવીઝન સુનાવણી સમયે અરજદારો કે અરજદારોના વકીલો હાજર ન રહેતા તેઓની સતત ગેરહાજરીના કારણે રેગ્યુલેશન - ૧૫ હેઠળ રીવીઝન અરજી રદ કરતાં હુકમ કરવામાં આવેલ છે. જેથી એચ.બી.રાણા જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ પાલનપુરે મોટા મેડા દુધ ઉત્પાદક સહકારી મંડળીનો વહીવટ ચલાવવા કે.પી.ગોળ (પેનલ પરના કસ્ટોડીયન) છ માસ માટે કસ્ટોડીયન તરીકે નિમણુંક કરવાનો હુકમ કરેલ છે પરંતુ તેઓ ચાર્જ લે તે પહેલા મંડળીના લોકોએ નવુ રેકર્ડ ઉભુ કરી નવી વ્ય. કમીટી બનાવી હોવાનું જાણવા મળેલ છે.

બનાસકાંઠાના...

પાના નં.૧ ચાલુ

ચૂકવવામાં આવી ન હોવાનું બનાસકાંઠા જિલ્લા ભારતીય કિસાન સંઘના પ્રમુખ ભીખાભાઈ ભુટકાએ જણાવ્યું હતું. બનાસકાંઠા જીલ્લા કલેકટર સંદીપ સાંગલે પણ આ મામલે ગંભીરતા દાખવી રહ્યા છે. કલેક્ટરે પ્રીમીયમ કાપ્યા બાદ ખેડૂતોને પાક વીમાના નાણાં નહી આપનારી વીમા કંપનીઓ સામે સરકારમાં રીપોર્ટ કરી આ વીમા કંપનીઓને બ્લેક લીસ્ટ કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

હેમચંદ્રાચાર્ય નોર્થ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ડીસા કોલેજના આચાર્યની સિન્ડિકેટ સભ્ય તરીકે નિમણુંક થવા બદલ સમગ્ર ડીસાના ગૌરવમાં વધારો થયો છે. ત્યારે આજે ડીસા કોલેજના સ્ટાફ ગણ દ્વારા ડીસા કોલેજ ખાતે જ ડો.અમૃતભાઈ પટેલનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડીસા કોલેજના તમામ અધ્યાપકોએ ઉપસ્થિત રહી શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે ડીસા કોલેજના પ્રાધ્યાપક વંદનાબેન સીસોદીયા, કે.એમ.પટેલ, ડો. તેજસ આઝાદ, ડો.આર.ડી.ચૌધરી, દિવ્યા પિલ્લાઈ સહિત તમામ પ્રાધ્યાપકો હાજર રહ્યા હતા.

પાલનપુરની રાજીબા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

શિક્ષણપ્રેમી સ્વર્ગસ્થ ભાયચંદભાઇ મેઘાભાઇ કરણાવતના વિચારોને મૂર્તિમંત બનાવવા અમૃતભાઇ કાળીદાસ પટેલે ગામના અગિયાર સભાસદોને લઇ ટ્રસ્ટની રચના કર્યા બાદ શિક્ષણપ્રેમીઓની ઉમદા સખાવતથી કન્યા કેળવણીના દાતા રાજીબાએ પોતાના નામકરણ દ્વારા આ શિક્ષણ યજ્ઞનો પ્રારંભ કરાવ્યો હતો. આજે વિશાળ વટવૃક્ષ બની ગયેલી આ શાળામાં કે. વી. પટેલ પ્રાથમિક કન્યા વિધાલય અને કન્યા બાળ મંદિરમાં આજે આજુબાજુના વીસ કિલોમીટરના ગ્રામિણ વિસ્તારમાંથી ૬૦ ટકા દીકરીઓ અભ્યાસ અર્થે આવે છે.ત્યારે આ શાળા શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી પામતા સંસ્થાના પ્રમુખ એ.કે.પટેલે ગૌરવની લાગણી વ્યક્ત કરી શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

મેડિકલમાં પ્રવેશ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સામાન્ય વર્ગના ઉમેદવારો માટે કટ ઓફ ૧૧૯, દિવ્યાંગો માટે ૧૦૭ અને અનામત માટે ૯૬ રહ્યું છે. બે રાઉન્ડ પછી મોક અપ રાઉન્ડ તા.૫ ઓગસ્ટથી શરૂ થશે, જેમાં ખાલી બેઠકની જાણ કરાશે. તા.૫ અને ૬ ઓગસ્ટે ચોઈસ ફિલિંગ અને લોકિંગ બાદ તા.૯ ઓગસ્ટે લીસ્ટ જાહેર કરાશે. કોલેજ લેવલ એડમિશન ઓગસ્ટમાં સ્ટેટ વેકન્સી રાઉન્ડ દ્વારા થશે, જે તા.૧૩ થી ૧૮ ઓગસ્ટ રહેશે. જયારે તા.૩૦ જુલાઈએ બીજા રાઉન્ડની સીટો એલોટ થશે, જેના માટે તા.૩ ઓગસ્ટ સુધી વિદ્યાર્થીઓએ મેડિકલ અને ડેન્ટલમાં રિપોર્ટ કરવાનો રહેશે.

બનાસકાંઠામાં ...

પાના નં.૮ ચાલુ

વીડિયો વાઈરલ થતાં પુર હોનારત જેવી ઘટનામાં પણ ગેરરીતિ ચાલતી હોવાની વાતને સમર્થન મળી રહ્યું છે. લાખણી તાલુકાના ચેકરા ગામ ના સરપંચ અમીચંદભાઈ ઠાકોર વર્ષ ૨૦૧૭ માં આવેલ પુર હોનારત બાદ જમીન ધોવાણ માં સર્વે ઓપિનિયનમાં સરપંચનો અભિપ્રાય આપવા લાભાર્થી દીઠ રૂપિયા દસ હજાર રોકડા લીધા હોવાનો વિડીયો વાયરલ થયો છે. જેમાં સરપંચને એક વ્યક્તિ ૧૦૦૦૦ રૂપિયા રોકડા ગણીને આપી રહ્યા છે. જ્યારે બીજા બે વ્યક્તિના પૈસા તેમના હાથમાં છે.સરપંચે ત્રણ લાભાર્થી પાસે રોકડા નાણા લીધા હોવાનું વીડિયોના આધારે ચર્ચાઈ રહ્યું છે.

જ્યારે અન્ય કેટલા લોકો પાસેથી નાણાં ઉઘરાવ્યા હશે અને આની અંદર કોણ-કોણ ભાગીદાર હશે કે કોઈ સરકારી અધિકારીઓની પણ સંડોવણી હશે તે યોગ્ય તપાસ થાય તો બહાર આવે તેમ છે. તેમજ ભ્રષ્ટાચાર બાબતે વાયરલ થયેલા વિડીયો થી સમગ્ર પંથક માં ચકચાર મચી જવા પામી હતી. આ બાબતે લાખણી તાલુકા વિકાસ અધિકારી પી.ડી.સેનમા એ જણાવ્યું હતું કે વિડીયો બાબત ની મને કોઈ જાણ નથી પરંતુ જો આવું થયું હશે તો તે બાબતે યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરવામાં આવશે.

ડીસાની ઝવેરીનગર...

પાના નં.૮ ચાલુ

હોય છે જેનાં કારણે વિદ્યાધામ બદનામ સાથે શાળા મા ભણતા બાળકો નાં માનસિકતા પર અસર કરે છે ત્યાંરે બનાસકાંઠાની ડીસા પાસે આવેલ ઝવેરીનગર પ્રાથમિક શાળા તો જાણે અસામાજિક તત્વો નો અડ્ડો બની ગઇ છે શાળામા દારૂનાં પાઉચ અને બોટલ તો રોજ મળે છે પણ આજે શાળા ના રૂમ તાળાં ને સંડાસ લગાવી દેતા વિધાર્થીઓને શાળાની બહાર બેસવું પડયું હતુ અને આખરે શાળા નાં આચાર્ય એ પોલીસ ને જાણ કરી અસામાજિક તત્વો સામે પોલીસ ફરીયાદ આપી છે. આ શાળામા ભણતા બાળકો ને રોજ સવારે શાળામા કંઇક નવું અને અજુગતું જોવા મળે સવારે શાળા મા આવતાં જ વિધાર્થીઓ ને દારૂનાં પાઉચ,દારુની બોટલો અને ફૂટેલી બોટલો ભેગી કરવી પડે અને ક્યારેક તો બાળકો ને ફૂટલી બોટલનાં કાચ પણ લાગતા હોય છે આ શાળાએ ભણવા આવતાં બાળકો ભણવા આવે છે કે પછી આવા અસામજીક તત્વો દ્વારા કરવામાં આવતું ગંદકી સફાઇ કરવા આવે છે તેં ખબર પડતી નથી.તો શાળા મા શિક્ષિકા બહેનો પણ શાળા મા ચાલતી આ પ્રવુતિ ાી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

શાળા એ વિદ્યાનું ધામ છે અને આ ધામમા ચાલતી અસામાજિક પ્રર્વુતિ એ કલંક સમાન છે ત્યાંરે સરકારે હવે શાળા છુટ્યા બાદ આવી પ્રર્વુતિને અટકાવવા માટે યોગ્ય વિચાર કરવાની જરુર છે.

ધાનેરાના...

પાના નં.૮ ચાલુ

રાખી નાકાબંધી કરેલ જે દરમ્યાન બાતમીવાળી બોલેરો ગાડી નં.જી.જે.સી.ડી.૧૦૪૨ ને રોકાવા જતાં ગાડીચાલક પોલીસને જોઈ ગાડી મુકી ભાગી છુટયો હતો. ત્યારબાદ ગાડીમાં ચેક કરતાં વિદેશી દારૂ બીયરની પેટી નં. ૧૮ બોટલ નં.૬૮૪ કિં.રૂા.૬૮,૪૦૦ તથા બોલેરો ગાડીની કિંમત રૂા. બે લાખ સાથે રૂા.૨,૬૮,૪૦૦ નો વિદેશી દારૂ અને ગાડી કબજે લઈ ગાડીચાલક ભાગી છૂટેલ હોઈ તેની શોધખોળ ચાલી રહેલ છે.

કાંકરેજ તાલુકાના ...

પાના નં.૮ ચાલુ

હોસ્પિટલ ખાતે ખસેડયા હતા થરા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી હતી તમેજ ઈજાગ્રસ્તો ને વધુ સારવાર માટે પાટણ ખસેડાયા હતા જયાં ગંભીર ઈજાને કારણે મહેસાણા રીફર કરતાં જે પૈકી વિક્રમજી એ.ઠાકોર(રહે.કુણઘેર તા.પાટણ)તથા સુમિત્રાબેન ગાંડાજી ઠાકોર(જીગી),નું સારવાર દરમિયાન મોત થયાનું જાણવા મળેલ છે.નરેશજી ગાંડાજી ઠાકોરની સારવાર ચાલી રહી છે.

દિલ્હી લાલ...

પાના નં.૮ ચાલુ

જોડાશે અને સમાજમાં બાળકો યુવા-વૃધ્ધોને કોઈપણ ઉંમરે યોગાભ્યાસની જબરજસ્ત પ્રેરણા દાદાજી આપી અને આશિર્વચન આપશે. દિલ્હીમાં ૬ વિશાળ યોગા કાર્યક્રમો સહિત ભારતના મુખ્ય શહેરોમાં પણ મેગા મેડીશન કેમ્પ પણ આજથી ૩ દિવસ માટે ચાલુ કરવામાં આવેલ છે જેમાં કરોડો લોકોને પોતાના શારીરિક માનસિક સ્વાસ્થ્ય માટે પ્રેરિત કરવામાં આવશે ઉત્તર ગુજરાતના તમામ સેવાકેન્દ્રો પર યોગાના વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

લીલી...

પાના નં.૮ ચાલુ

નવુ વાવેતર હજુ વરસાદ થાય તેના પછી થશે એટલે હજુ શાકભાજીના ભાવમાં વધારો થઈ શકે છે. માર્કેટયાર્ડોમાં લીલી શાકભાજીની ખુબ માંગ રહે છે પણ પુરતો માલ આવતો નથી. જેથી વેપારી સહિત ગ્રાહકોને પણ જોઈએ તેવી શાકભાજી મળી રહેતી નથી. જેથી શાકભાજીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે.

ધાનેરાની...

પાના નં.૮ ચાલુ

બહાલી આપતો ઠરાવ નં.૧૧ (૧) થી કમીટીની પ્રમુખ સ્થાનેથી વરણી કરવામાં આવેલ છે તેને બહાલી આપેલ નથી જેમાં રેકર્ડ સાથે છેક છાક કરી શંકાને સ્થાન ઉભુ કરેલ છે અને પ્રમુખ સ્થાનેથી થયેલ ઠરાવ નં.૮ (૧) માં જણાવ્યા મુજબ મંડળીમાં વહીવટદારની નિમણુંક કરી કાર્યવાહી કરવી. તેવું ઠરાવવમાં આવેલ હોવા છતાં તેનો અમલ કરેલ નથી અને આ ઠરાવને બોર્ડ ઓફ નોમીનીઝમાં કોર્ટમાં પડકારવામાં આવેલ પરંતુ સદર લવાદી દાવા અરજી નામંજુર કરવામાં આવેલ જેનાથી નારાજ થઈ તા.૨૪/૪/૨૦૧૮ ના હુકમથી રીવીઝન સુનાવણી સમયે અરજદારો કે અરજદારોના વકીલો હાજર ન રહેતા તેઓની સતત ગેરહાજરીના કારણે રેગ્યુલેશન - ૧૫ હેઠળ રીવીઝન અરજી રદ કરતાં હુકમ કરવામાં આવેલ છે. જેથી એચ.બી.રાણા જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ પાલનપુરે મોટા મેડા દુધ ઉત્પાદક સહકારી મંડળીનો વહીવટ ચલાવવા કે.પી.ગોળ (પેનલ પરના કસ્ટોડીયન) છ માસ માટે કસ્ટોડીયન તરીકે નિમણુંક કરવાનો હુકમ કરેલ છે પરંતુ તેઓ ચાર્જ લે તે પહેલા મંડળીના લોકોએ નવુ રેકર્ડ ઉભુ કરી નવી વ્ય. કમીટી બનાવી હોવાનું જાણવા મળેલ છે.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)	
ચાંદી ચોરસા	**૩૯૫૦૦-૪૦૦૦૦**
રૂપુ કાચું	**૩૯૫૦૦-૪૦૦૦૦**
સોનુ તોલો	૩૦૫૦૦-૩૧૮૦૦
તેલ બજાર	
રાધે પામોલીન	**૧૨૧૦**
પામોલીન	૧૨૦૦
સોયા રીફાઈન	૧૪૪૦
રાયડાતેલ ૧૫કી.	૧૧૨૦-૧૨૪૦
સીંગતેલ૧૫ કી.	**૧૪૭૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.	૧૩૮૦
સીગતેલ ૫ લી.	**૪૫૦-૪૬૨**
તિરૂપતી કપા.	૧૩૫૦
૫ લીટર	૪૬૦
વનસ્પતિ ઘી	૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો	૩૩૦૦
૫ કે. કોપરેલ	૧૧૫૦
પલી. અંકુર સીંગતેલ	૪૬૫
૧૫ લીટર સનફલાય	**૧૩૧૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી.	૧૩૦૦
૫ લી.	૪૦૫
૨ લી.	૧૬૭
ચોખા-દાળ બજાર	
(૧૦૦ કીલોના ભાવ)	
કીચન ચેમ્પીયન કલાસીક	૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર	૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર	૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર	૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના	૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર	૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર	૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા	૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા	૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન	૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક	૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક	૯૫૦૦
દાવત સ્પેસીયલ	૭૮૦૦
દાવત	૭૭૦૦
દાવત તીબાર	૭૭૦૦
દાવત દિલખુશ	૭૮૦૦
દાવત રોજાના	૬૮૦૦
દાવત મોગરા	૪૮૦૦
દાવત મીની મોગરા	૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.	૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.	૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.	૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.	૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.	૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.	૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.	૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.	૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.	૮૦૦૦
દુન પ્રીમીયમ	૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.	૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.	૭૨૦૦
નર્મદા મગ પોલીસ	૫૯૫૦
મગદાળ નર્મદા સુપર	૬૦૦૦
નર્મદા મગ મોગર	૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી	૬૯૦૦
નર્મદા અડદદાળ	૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના	૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો	૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી	૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા	૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા	૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫	૯૦૦૦
તુવરદાળ ખીડીયાર	૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક	૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ	૮૦૦૦
લાલ કીલ્લો તીબાર	૭૦૦૦
લાલ કિલ્લો દુબાર	૫૫૦૦
લાલ કિલ્લો મોગરો	૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ	૯૦૦૦
હેરીટેજ તીબાર	૮૦૦૦
હેરીટેજ દુબાર	૬૨૦૦
હેરીટેજ મીની દુબા	૫૦૦૦
કાયનાત પોપુલર	૬૪૦૦
કાયનાત સુપર	૮૧૦૦
કાયનાત	૬૮૦૦
કાયનાત પ્રીમીયમ	૮૮૦૦
રાજા બાસમતી	૪૦૦૦
કુરૂક્ષેત્ર	૫૮૦૦
પરી નં.૧	૯૨૦૦
પરી નં. ૭ તીબાર	૮૨૦૦
પરી સુપર દુબાર	૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ	૭૨૦૦
એપ્પલ પ્રીમીય	૪૮૦૦
ઓરેન્જ	૬૦૦૦
દાવત અપ્સરા	૫૦૦૦
જીરાસર ચંદન	૩૮૦૦
ચણાદાળ ૪૪૪	૭૧૦૦
મગદાળ સમરદીપ	૭૨૦૦
મગમોગર રીયલ	૮૦૦૦
અડદદાળ અક્ષર	૮૩૦૦૦
મગ	૫૭૦૦
અંગુર તુવેરદાળ	૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી	૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ	૬૦૦૦
કિસાન તુવેરદાળ	૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ	૬૦૦૦
પરખ સ્પેશીયલ	૫૨૦૦
લાલપરી તીબાર જુના	૪૨૦૦
લાલપરી દુબાર જુના	૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા	૪૪૦૦
લાલપરી દુબાર નવા	૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી	૪૦૦૦
લાલમંદિર બાસમતી	૩૬૦૦
ખાંડ બજાર	
(બોરીના ભાવ)	
ખાંડ એસ.	**૩૪૫૦-૩૫૦૦**
ખાંડ એમ.	**૩૫૫૦**
ખાંડએલ.	૩૬૦૦
ચા-બજાર	
સુરજ છાપ ચા	૩૦૦
હરણ છાપ ચા	૨૨૦
આખા મરચાં-હળદર	
હળદર આખી રાજાપુરી	૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા	૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ	૯૦
હળદર તળેલી સાંગલી	૮૦
મરચા વન્ડર હાટ	૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ	૧૭૦૦
મરચા તેજા	૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ	૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો	૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ	૧૯૦૦
કાશ્મીરી	૯૦
કાશ્મીરી મમરી	૯૦
સુપર પટની	૧૦૫
સુપર રજવાડી	૧૯૦
મરચા ડેડીકટ	૧૨૫
મરચાં	૫૮૦૦
ગોળ બજાર	
વડેચા ગોલ્ડ ૧૦ કે	૪૪૦૦
વડેચા રજી ૧૦ કે.	૪૬૦૦
વડેચા ૫ કી.	૪૮૦૦
વડેચા ૧ કી.	૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ	૫૦૦૦
સાંગલી ૧૦ કે.	૪૩૦૦
ખોળ બજાર	**૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.	૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ	૧૦૫૦-૧૪૦૦
જીરાળુ	૧૫૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા.	૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા.	૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.	૫૭૦
પરચુરણ	
સોજી	૮૦૦
મેંદો	૭૮૦
શ્રીફળ એમ.	૧૪૨૫
નિરમા સાબ	૫૨૫
મેદી	૬૦-૧૦૦
અજમો	૧૪૦-૧૭૦
સાકરીયા	૩૨૦૦
ખાંડ બુરૂ	૩૫૦૦
કોકમ ફુલ	૧૫૦
એલચી	૯૦૦-૧૦૦૦
મોરૈયો	૬૫-૮૦
તલ	૯૦-૧૦૦
ખસ-ખસ	૩૫૦-૫૮૦
સીંગદાણા	૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)	
દુધી	૧૦૦-૨૪૦
સુકી ડુંગળી	૧૮૦-૨૪૦
લસણ	૫૦૦-૬૦૦
ધાણા	૫૦૦-૧૦૦૦
મરચાં	૫૦૦-૬૦૦
લીંબુ	૭૦૦-૮૦૦
અડવી પત્તા	૨૦૦-૩૦૦
આદુ	૮૫-૯૦
રીંગણ	૩૦૦-૪૦૦
ટામેટા	૬૦૦
ભીંડા	**૩૦૦-૪૦૦**
કોબી	૧૪૦-૧૬૦
વટાણા	૧૦૦૦-૧૪૦૦
ટીંડસા	૮૦૦-૧૦૦૦
ગવાર	૬૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા	૩૪૦-૪૦૦
સાંગા બટાકા	**૨૪૦- ૨૬૦**

કબ્બડ્ડી માસ્ટર્સ ટૂર્નામેન્ટમાં ભારત-પાકિસ્તાન ૨૨ અને ૨૫ જુને ટકરાશે

ભારત અને પાકિસ્તાનની ટીમો દુબઈનાં અલ વસ્લ સ્પોર્ટ્સ ક્લબમાં ૨૨થી ૩૦ જૂન સુધી ૬ દેશો વચ્ચે થનારી કબ્બડ્ડી માસ્ટર્સ ટૂર્નામેન્ટમાં ટકરાશે. ભારતને ગ્રુપ એમાં પોતાના કટ્ટર હરિફ પાકિસ્તાન અને કેન્યા સાથા રાખવામાં આવ્યું છે. જ્યારે ગ્રુપ બીમાં ઈરાન, કોરિયાઈ ગણરાજ્ય અને આર્જેન્ટિનાની ટીમ છે. સેમિફાઈનલ માટે બંને ટીમોમાંથી બે-બે ટીમો ક્વોલિફાઈ કરશે. ટૂર્નામેન્ટમાં ભારતને કોરિયા અને ઈરાનથી પડકાર મળી શકે છે. કોરિયાએ ૨૦૧૬નાં કબ્બડી વિશ્વકપનાં શરૂઆતનાં મુકાબલામાં ભારતને હરાવ્યું હતુ. ભારત અને પાકિસ્તાનની ટીમ ગ્રુપ મેચમાં બેવાર ૨૨ અને ૨૫ જૂનનાં રોજ ટકરાશે. બંને ગ્રુપમાં દરેક ટીમ એકબીજા સાથે બે-બેવાર ટકરાશે અને ટોચની બે-બે ટીમો સેમી ફાઈનલમાં પહોંચશે. ભારતીય ટીમનાં કોચ શ્રીનિવાસ રેડ્ડીનું કહેવું છે કે, “કબ્બડ્ડી માસ્ટર્સ દુબઈ ૨૦૧૮માં અમને સર્વશ્રેષ્ઠ ટીમોનો સામનો કરવાની તક મળશે અને અમે ખિતાબ માટે સંપૂર્ણ જોર લગાવશુ.”

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ....જ.તા. ....ઉ.વ.
પરિચય: ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

ભારતની અંડર–૧૯ ક્રિકેટ ટીમમાં ભરૂચના આકાશ પાંડેની પસંદગી

ભરૂચમાં જિલ્લા ક્રિકેટ એસોસીએશન શરૂ કરાયા બાદ તેમાંથી તાલીમ લઈને ઘણા ક્રિકેટરો રાજય અને રાષ્ટ્રિય કક્ષાએ ઝળકી રહ્યા છે. તાજેતરમાં જ વધુ એક યુવાન ક્રિકેટર આકાશ પાંડેએ ભારતીય ક્રિકેટની અંડર–૧૯ની ટીમમાં પસંદગી પામી ભરૂચને ગૌરવ અપાવ્યું છે. આકાશ એ અંકલેશ્વરમાં ટેક્સટાઇલ કંપનીમાં ફરજ બજાવતા અંગદ પાંડેનો પુત્ર છે. ૧૧ વર્ષની વયમાંજ જ ક્રિકેટનું ઘેલુ લાગતા તેણે અંકલેશ્વરના કોચ નાઝીમભાઇ પાસેથી ક્રિકેટની પ્રથમિક તાલીમ લેવાનું શરૂ કર્યું હતું. ૧૪ વર્ષની ઉંમરે તેણે ભરૂચ જીલ્લા ક્રિકેટ એસોસીએશન દ્વારા અંકલેશ્વર ખાતે ચાલતી ક્રિકેટ એકેડમીમાં પ્રવેશ મેળવ્યો હતો. જયાં તેણે ક્રિકેટની વધુ તાલીમ મેળવી હતી.

અંડર–૧૪ અને અંડર–૧૬માં સારો દેખાવ કરતા તાજેતરમાં જ ફાસ્ટ બોલર તરીકે તે ભારતીય ક્રિકેટની અંડર–૧૯ની ટીમમાં પસંદગી પામ્યો છે. આ ટીમમાં ફાસ્ટ બોલર તરીકે સચીન તેન્દુલકરના પુત્ર અર્જુન તેન્દુલકરની પણ પસંદગી થઇ છે. આજરોજ ભરૂચ ખાતે પત્રકારોની સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે તેના પિતાજી પણ સારા બેટસમેન હતા, તેમણે જ એમને ક્રિકેટ માટે પ્રોત્સાહન આપ્યું હતું. ધો.૬ સુધી પોતે એક સ્કોલર સ્ટુડન્ટ હતો. પરંતુ ત્યારબાદ ક્રિકેટમાં વધુ ધ્યાન રહેતા તેની અસર તેના શિક્ષણ ઉપર પડી હતી. હાલ તે અંકલેશ્વરની પી.પી. સવાણી સ્કૂલમાં ધો.૧૨ કોમર્સમાં અભ્યાસ કરે છે. ફાસ્ટ બોલર આકાશ પાંડેએ જુલાઇના પહેલા વીકમાં બેંગ્લોર સાથે કેમ્પ હોઇ ત્યાં જશે અને ત્યાંથી ૧૧ જુલાઇના રોજ તેમની ટીમ શ્રીલંકાના પ્રવાસ માટે રવાના થશે. જયાં તેઓ વન–ડે અને ટેસ્ટ રમશે.

૭૩૬ ખેલાડીઓ પૈકી સરેરાશ વય ૨૮ વર્ષ

નાઈજિરિયા સુપર ઈગલ્સ વર્લ્ડ કપની સૌથી યુવા ટીમ

વિશ્વ કપ ફુટબોલમાં મેદાનમાં ઉતરેલી ટીમોની વાત કરવામાં આવે તો સૌથી યુવા ટીમ નાઈજિરિયાની છે. નાઈજિરિયાની સુપર ઈગલ્સની ટીમના ખેલાડીઓની સરેરાશ વય ૨૫.૯ની છે. ત્યારબાદ બીજા સ્થાને ફ્રાન્સ અને ઈંગ્લેન્ડ છે. આ બન્ને ટીમના ખેલાડીઓની સરેરાશ વય ૨૬ વર્ષની છે. બીજી બાજુ પનામા અને કોસ્ટા રિકાના ખેલાડીઓની વય ૨૯.૬ વર્ષની છે. રશિયામાં રમી રહેલા ખેલાડીઓની વાત કરવામાં આવે તો ઓસ્ટ્રેલિયાના વિન્ગર ડેનિયલ અરઝાની ૧૯ વર્ષ અને પાંચ મહિનાનો છે. જે સૌથી યુવા ખેલાડી છે. આવી જ રીતે ઈંગ્લેન્ડ તરફથી રમનાર એલેક્સઝાન્ડર આર્નોલ્ડ ૧૯ વર્ષ અને આઠ મહિનાનો છે. આવી જ રીતે મોરક્કોના હકીમીની વય ૧૯ વર્ષ અને સાત મહિનાની છે. ઈંગ્લેન્ડ કેપ્ટન હેરી કેન રશિયામાં રમી રહેલા ખેલાડી પૈકી સૌથી વધુ વજન ધરાવનાર ખેલાડી છે. ફીફા વર્લ્ડ કપમાં ખેલાડીઓની વય અને વજન સાથે વધારે કોઇ લેવા દેવા નથી. રેકોર્ડ પુરતી આ બાબત વધારે મહત્વની છે. ઈજિપ્ત આ વખતે વર્લ્ડ કપમાં રમનાર છે. મોહમ્મદ સલાહ પર તમામની નજર છે પરંતુ ઈજિપ્તની ચર્ચા તેના ૪૫ વર્ષીય ગોલકિપરના કારણે પણ છે. ઈજિપ્તનો આ સ્ટાર મોટી વયનો ખેલાડી હોવા છતાં તે સતત જોરદાર દેખાવ કરી રહ્યો છે. અલ હેડરી હવે કોલંબિયાના મોનડ્રાગનના રેકોર્ડને તોડી શકે છે. પનામા અને કોસ્ટા રિકાના ખેલાડીઓની વય ૨૯.૬ વર્ષની છે. આવી જ રીતે રાફેલ મારગુરેઝની હાલની વય ૩૯ વર્ષની છે. તે સ્ટાર ખેલાડી પૈકી એક છે. રશિયામાં રમનાર ૭૩૬ ખેલાડીઓની સરેરાશ વય ૨૮ વર્ષની છે.

નાની ઉંમરે ન્યૂઝીલેન્ડની મહિલા ક્રિકેટરે વનડેમાં બેવડી સદી ફટકારી ઈતિહાસ રચ્યો

ન્યૂઝીલેન્ડની મહિલા ટીમે આયરલેન્ડ સામે વનડે સીરીઝની ત્રીજી મેચમાં રનનો ઢગલો ખડકી દીધો હતો. આ ટીમે સતત ત્રણ વાર ૪૦૦ રન ફટકારવાનાં કારનામાં સાથે તેમની મહિલા ખેલાડી એમેલિયા કેરે પણ ઈતિહાસ રચી દીધો છે.

આયરલેન્ડ સામે ડબ્લિનનાં એવેન્યૂ સ્ટેડિયમમાં ન્યૂઝીલેન્ડની એમેલિયા કેરે અણનમ ૧૪૫ બોલમાં અણનમ ૨૩૨ રન ફટકારી દીધા હતા. તેની આ ઝંઝાવાતી બેટિંગની મદદથી ન્યૂઝીલેન્ડે ૩ વિકેટે ૪૪૦ રન બનાવી દીધા હતા. આ સાથે જ એમેલિયાએ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ઓછી ઉંમરમાં બેવડી સદી ફટકારવાનો રેકોર્ડ પોતાના નામે કરી દીધો છે.

એમેલિયાએ ૧૭ વર્ષ ૨૪૩ દિવસની ઉંમરે બેવડી સદી ફટકારીને પાકિસ્તાનનાં દિગ્ગજ જાવેદ મિયાંદાદને પાછળ છોડી દીધો છે. મિયાંદાદે ન્યૂઝીલેન્ડ સામે ૧૯૭૬માં ૧૯ વર્ષ ૧૪૦ની ઉંમરે બેવડી સદી ફટકારી હતી. આ સાથે એમેલિયાએ મહિલા વનડેમાં ૨૩૨ રન ફટકારી મહિલા ક્રિકેટની સૌથી મોટી ઈનિંગ રમી છે. તેણે ઓસ્ટ્રેલિયાની બેલિંડા ક્લાર્કને પાછળ છોડી છે. ન્યૂઝિલેન્ડની મહિલા ટીમે સતત ૩ મેચમાં ૪૦૦થી વધુ રન ફટકારીને એક અલગ રેકોર્ડ કર્યો છે.

બેલ્જિયમ-પનામા મેચમાં રિષીતેજે ઈતિહાસ રચ્યો, બન્યો વર્લ્ડકપમાં પ્રથમ ભારતીય બોલ બોય

ફિફા ફૂટબોલ વર્લ્ડકપમાં ભારત ભાગ નથી લઇ રહ્યું પરંતુ ભારતીય તેમાં પોતાની ઉપસ્થિતિ દર્જ કરાવી રહ્યાં છે. ભારતીય રિષી તેજે આ વર્લ્ડકપમાં ઈતિહાસ રચી દીધો છે. તે ફૂટબોલ વર્લ્ડકપમાં બોલ બ્વોય બનનારો પ્રથમ ભારતીય બની ગયો છે.

ફિફા ફૂટબોલ વર્લ્ડકપમાં સોમવારે રાત્રે રમાયેલી મેચમાં બોલ બ્વોયની ભૂમિકા ભજવી હતી. તે મેચ પહેલા ખેલાડીઓ સાથે હાથમાં ફૂટબોલ લઈને મેદાનમાં ગયો હતો. આ મેચમાં

બેલ્જિયમે પ્રથમ વખત વર્લ્ડકપમાં ભાગ લઇ રહેલા પનામાને ૩-૦થી હરાવ્યું હતું. રિષી તેજે જણાવ્યુ કે તે આ મેચ માટે ઘણો ઉત્સાહિત હતો પરંતુ મેચ દરમિયાન તેનું ધ્યાન રમત પર જ હતું.

રિષી તેજે જણાવ્યુ કે જ્યારે તેને ખબર પડી કે તે ફૂટબોલ વર્લ્ડકપમાં બોલ બોયના રૂપમાં રશિયા જઇ રહ્યો છે, તો તેને વિશ્વાસ થયો નહતો. બેંગલુરૂના રિષીએ કહ્યું કે તેને આ સમાચાર સાંભળ્યા બાદ એક અઠવાડિયા સુધી ઉંઘ નહતી આવી.

સાઉથ આફ્રિકાની ટીમને મોટો ફટકોઃ વન-ડેમાંથી સ્પિનર તાહિરની બાદબાકી

આવતા મહિને શ્રીલંકામાં રમાનારી પાંચ મૅચની વન-ડે શ્રેણી માટેની સાઉથ આફ્રિકાની ટીમમાં સિલેક્ટરોએ વિશ્રૃવના છઠ્ઠી રૅન્ક ધરાવતા સ્પિનર ઈમરાન તાહિરનો સમાવેશ નહોતો કર્યો. તેના સ્થાને સ્પિન હરીફો લેફ્ટ-આર્મ રિસ્ટ સ્પિનર તબ્રેઇઝ શામ્સી અને લેફ્ટ-આર્મ સ્પિનર કેશવ મહારાજને ટીમમાં સમાવવામાં આવ્યા હતા.

પીઢ ફાસ્ટ બોલર ડેલ સ્ટેનને તાજેતરમાં ટેસ્ટ-ટીમમાં સ્થાન અપાયું હતું, પરંતુ વન-ડે ટીમમાં તેને નથી સામેલ કરાયો. બીજા ફાસ્ટ બોલર વર્નૉન ફિલૅન્ડરને પણ સિલેક્ટ નથી કરાયો. ડી’વિલિયર્સ નિવૃત્ત થઈ ગયો છે.

સાઉથ આફ્રિકાની વન-ડે ટીમઃ ફૅફ ડુ પ્લેસી (કૅપ્ટન), હાશિમ અમલા, જુનિયર ડાલા, ક્વિન્ટન ડી’કૉક (વિકેટકીપર), જે.પી. ડુમિની, રીઝા હેન્ડ્રિક્સ, ક્લાસન (વિકેટકીપર), કેશવ મહારાજ, એઈડન માર્કરમ, ડેવિડ મિલર, વિઆન મુલ્ડર, લુન્ગી ઍન્ગિડી, એન્ડીલ ફેલુકવેયો, કૅગિસો રબાડા, તબ્રેઇઝ શામ્સી.

હિંમતનગર ખાતે યોગ પ્રશિક્ષણ શિબિરનો પ્રારંભ

હિંમતનગર

સમગ્ર વિશ્વમાં ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં પણ યોગ દિનની ઉજવણી સંદર્ભે યોગ પ્રશિક્ષણ શિબિરનો હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતેથી પ્રારંભ કરવામાં આવ્યો છે.

મંગળવારના રોજ હિંમતનગરના પોલીસ પરેડ ખાતે શરૂ કરવામાં આવેલ યોગ પ્રશિક્ષણ શિબિરમાં અધિકારીઓ તેમજ પોલીસ જવાનો અને શાળાના બાળકો ઉપસ્થિત રહિ યોગ નિદર્શનનો લાભ લીધો હતો.

આજે આંતરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે બ્રહ્માકુમારીઝ દ્વારા સ્નેહમિલન યોજાશે

પાટણ

બ્રહ્માકુમારીઝ પાટણ સેવાકેન્દ્ર દ્વારા ૨૧ જૂન આંતરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે સ્નેહમિલન યોજાશે વર્તમાન સમયની સમસ્યાઓથી ઘેરાયેલી જનતાને મનની સાચી શાંતિ મેળવવા ,તન અને મનનું સ્વાસ્થ્ય સચવાય તે હેતુ પાટણ સેવાકેન્દ્ર દ્વારા તા. ૧૭ જૂન થી એક અઠવાડિયા માટે શહેરના જુદા જુદા વિસ્તારમાં યોગ ના કાર્યક્રમો યોજાયા ,શ્રીકુંજ સોસાયટી,યોગેશ્વર પાર્ક,કેદારેશ્વર , હીરામોતી સો. ,શાકુંતલ,અને હાઉસિંગ યોજાયા અને બાકીના કાર્યક્રમો યોજાશે. ૨૧ જૂન આંતરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે બ્રહ્માકુમારીઝ દ્વારા સ્નેહમિલન યોજાશે જેમાં દરેક ભાઈ બહેનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે. કાર્યક્રમ તારીખ :- ૨૧ જૂન ,ગુરુવાર, સમય :- સાંજે ૬.૦૦ વાગે સ્થળ :- દિવ્ય દર્શન,શ્રીકુંજ સોસાયટીના કોમન પ્લોટમાં બ્રહ્માકુમારી માર્ગ પાટણ

હડકાયા કૂતરાએ ૮૫ વર્ષના વૃદ્ધાનો ચહેરો કરડી ખાધો, ૨૨ ટાંકા આવ્યા

મહેસાણા

મહેસાણા તાલુકાના હિંગળાજપુરા ગામે મંગળવારે મકાનની બહાર ખાટલામાં બેઠેલા ૮૫ વર્ષનાં વૃદ્ધાનો હડકાયા કૂતરાએ ચહેરો કરડી ખાતાં લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર માટે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં લવાયા હતા. વૃદ્ધાને ચહેરાના ભાગે ૨૨ જેટલા ટાંકા અને નાકના ભાગે ફ્રેકચર હોવાનું સિવિલના તબીબે જણાવ્યું હતું. હિંગળાજપુરા ગામે મંગળવારે સવારે મકાનની બહાર ખાટલો પાથરીને બેઠેલા ૮૫ વર્ષનાં કુંવરબેન કરશનભાઇ પટેલ કંઇ સમજે તે પહેલાં જ એકાએક આવી ચડેલા હડકાયા કૂતરાએ તેમના પર તરાપ મારી હતી.

વિશ્વ યોગ દિવસઃ પાટણ ખાતે ૫ સ્થળોએ યોગ શિબિર યોજાશે

પાટણ

૨૧મી જુનના વિશ્વ યોગ દિનની પાટણ ખાતે ભવ્ય ઉજવણી થનાર છે.શ્રમ અને રોજગાર મંત્રીદિલીપકુમાર ઠાકોર, પી.કે. કોટાવાલા આર્ટસ કોલેજ ખાતે યોગ કાર્યક્રમમાં જોડાનાર છે. આ ઉપરાંત અનેક મહાનુભાવો, વરિષ્ઠ નાગરિકો અને સામાજીક અગ્રણિઓ, અધિકારીઓ, કર્મચારીઓ સહિત સેંકડો યુવક, યુવતિઓ યોગના કાર્યક્રમમાં જોડાનાર છે. પાટણ ખાતે પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ ખાતે ૪૫૦૦, એચ.એન.જી.યુનિ. ખાતે ૫૦૦૦, બી.ડી.હાઈસ્કૂલ ખાતે ૧૯૦૦ અને શાંતિ નિકેતન હાઈસ્કુલના પરિસરમાં ૨૧૦૦ લોકો યોગ કાર્યક્રમમાં ભાગ લેનાર છે. પાટણ જિલ્લામાં કુલ મળી ૨,૪૯૦૦૦ લોકો વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગના કાર્યક્રમમાં સહભાગી થવાના છે. જિલ્લામાં કુલ મળી ૩૧ જગ્યાએ ૧૦૮૬ સ્થળો પર યોગના કાર્યક્રમ યોજાનાર છે. જિલ્લાની ૭૫૦ પ્રાથમિક શાળામાં ૨૫૪, માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ૨૦ કોલેજ સહિત રોટરી એકટીવ ગ્રુપ, સમર્પણ ગ્રુપ, દિવ્ય જીવન યોગ, આર.એસ.એસ. જેવી સંસ્થાઓ જોડાનાર છે.

વિવિધ બજાર ભાવ

	થરા	જુવાર	૪૬૫-૯૬૧
જીરૂ	૨૫૦૦-૩૪૫૧	બાજરી	૧૯૫-૨૪૮
એરંડા	૭૬૫-૭૯૦		**પાટણ**
રાયડો	૬૯૦-૭૪૦	જીરૂ	૨૫૦૦-૩૦૫૪
ઘઉં	૩૨૨-૩૬૫	વરીયાળી	૧૩૫૦-૧૬૭૨
બાજરી	૨૩૯-૨૬૪	મેથી	૩૫૦-૪૮૧
જુવાર	૫૯૦-૭૨૫	સુવા	૮૫૦-૯૮૮
રજકો	૧૭૮૦-૨૩૮૦	રાયડો	૬૭૦-૭૮૦
	પાંથાવાડા	એરંડા	૭૬૦-૭૯૧
બાજરી -	૨૩૦/- ૨૪૦/-	અજમો	૮૫૦-૧૨૪૦
એરંડા-	૭૭૦/- ૭૮૦/-	ઘઉં	૩૨૫-૩૮૪
રાયડો -	૭૨૧/- ૭૨૧/-	બાજરી	૨૧૦-૨૪૪
મગફળી -	૭૦૦/- ૮૦૦/-	રજકા બા.	૪૦૦-૪૨૩
	ધાનેરા	ગવાર	૭૧૦-૭૨૩
ઘઉં	૩૩૦-૩૪૮	જુવાર	૫૧૮-૭૦૦
બાજરી	૨૩૬-૨૭૦	રજકો	૧૨૦૦-૨૬૦૦
જુવાર	૬૬૫	ચીકુડી	૧૧૧૧-૧૫૧૫
ગવાર	૬૭૦-૭૧૮	બંટી	૩૫૦-૩૫૮
બીજડા	૧૧૨૬		**થરાદ**
રાયડો	૬૬૦-૭૩૦	રાયડો	૭૨૦-૭૪૫
એરંડા	૭૬૦-૭૮૦	એરંડા	૭૬૦-૭૮૫
રજકો	૧૪૦૦-૨૧૭૧	બાજરી	૨૩૫-૨૬૭
મગફળી	૭૨૫-૭૫૫	ચિકુડી	૧૨૮૫-૧૪૯૦
સુવા	૮૯૬-૯૩૫	ગવાર	૬૨૬-૬૯૦
વરી.	૧૩૦૦-૧૩૧૮	મેથી	૬૦૬-૭૬૦
ઈસ.	૧૦૦૦-૧૪૪૬	વરીયાળી	૧૧૮૦-૧૨૯૦
જીરૂ	૨૯૫૧-૩૧૪૯	જીરુ	૨૪૦૦-૩૩૫૦
રાજગરો	૧૦૭૧-૧૧૦૯	અજમો	૧૦૦૦-૧૭૦૦
અજમો	૧૦૯૫-૧૦૯૫	ઈસબગુલ	૧૦૦૦-૧૪૬૮
અસાળીયો	૧૪૮૧-૧૫૭૧	સોવા	૮૮૨-૯૨૫
ચીકુડી	૧૩૦૦-૧૪૭૧		**રાહ**
ર.બાજરી	૩૮૦-૪૨૫	રાયડો	૭૧૫-૭૨૫
	સિધ્ધપુર	એરંડા	૭૭૦-૭૭૮
રાયડો	૬૧૫-૭૪૦	બાજરી	૨૩૦-૨૫૦
એરંડા	૭૫૦-૭૮૫	ચિકુડી	૧૩૦૦-૧૪૧૦
ઘઉં	૩૧૯		

સાબરકાંઠા જિલ્લાના પોશીના અને વિજયનગરમાં રૂ. ૧.૫૧ કરોડના ખર્ચે નવિન પાણીના નવા સ્ત્રોત ઉભા કરાશે

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ પોશીના અને વિજયનગર તાલુકાના ગામડાઓમાં પીવાના પાણી મળી રહે તે માટેના આયોજન અંગેની એક બેઠક જિલ્લાા કલેકટર શ્રી પ્રવિણા ડી.કેના અધ્યક્ષસ્થાભને કલેકટર કચેરી ખાતે યોજાઇ હતી

સાબરકાંઠા નર્મદાના નીર થકી પીવાના તેમજ સિંચાઇના પાણી ખેડૂતો તથા લોકોને મળી રહ્યા છે. ત્યાકરે હિંમતનગર અને ઇડર તાલુકાના ગામોમાં પીવાના પાણીની અછત ન વર્તાય તે હેતુથી જિલ્લા. જળ અને સ્વઠચ્છતા એકમ ધ્વા રા લોકોને પાણી મળી રહે તે માટે ખાસ વ્યેવસ્થાલ ઉભી કરવામાં આવી છે.

આ બેઠકમાં ઇડરના ભેટાલીમાં રૂ. ૬૫૨૯૦ તથા હિંમતનગરના હાંસલપુરમાં ૧૯.૨૮ લાખ, તલોદના કઠવાડામાં રૂ. ૪.૮૯ લાખ અને વિઠ્ઠલનગરમાં રૂ.૩.૫૮ લાખના ખર્ચે તૈયાર થનાર પાણી પુરવઠાની નવીન યોજનાનો લાભ મળશે. જયારે આદિજાતી વિજયનગરમાં ૧૧ અને પોશીનામાં ૩ નવીન યોજનાઓ રૂ. ૧.૫૧ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અંતર્ગત કુલ ૭૭૦ યોજનાઓ માટે રૂ. ૮૩૦૨.૦૧. લાખની મંજૂરી આપવામાં આવી છે. જે પૈકી રૂ. ૭૦૨૬.૯૩ લાખના ખર્ચે ૬૪૧ યોજનાઓ પૂર્ણ કરવમાં આવી છે. જયારે ૮૪ યોજનાઓનું અમલીકરણ પાણી સમિતિ ધ્વારા સુચારૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

રાધનપુર કોલેજમાં અભિમુખતા કાર્યક્રમ યોજાયો

કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં હિંમત વિદ્યાનગર સ્થિત આર્ટસ ૠ કોમર્સ કોલેજમાં પ્રથમ વર્ષ બી.એ. અને બી.કોમ.માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો અભિમુખતા કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં કોલેજના પ્રિન્સિપાલ ડો.સી.એમ.ઠક્કરે કોલેજની વિસ્તૃત માહિતી અને કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે સપ્તધારા, વુમનસેલ, એન.એસ. એસ.,એન.સી.સી.,સ્વામી વિવેકાનંદ સ્ટડી સેલ,સંધાન, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સીટી,

ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, એન્ટ્રી ઈન સર્વિસ, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ, વાલી મંડળ, પ્લેસમેન્ટ,યુ.પી.એસી.,જી.પી. એસ.સી.ની પરીક્ષાઓની તૈયારીઓ, નેટ-સ્લેટની માહિતી, રમત-ગમતની પ્રવૃત્તિઓ, સ્કોપ, લેન્ગવેજલેબ, વ્યક્તિત્વ વિકાસની માહિતી જે તે વિભાગની જવાબદારી સાંભળતા અધ્યાપકો દ્વારા આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં અમદાવાદના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અજીતભાઈ શાહ તથા મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર દ્વારા પણ ઉપયોગી જાણકારી આપવામાં આવી હતી.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.બી.એ. કાનાબારે કર્યું હતું.

રાધનપુરમાં ભારત વિકાસ પરિષદ દ્વારા આનંદનો ગરબો

કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં ભારત વિકાસ પરિષદની મહિલા પાંખ દ્વારા આદ્યશક્તિ માં જગદંબાની આરાધનાનો પ્રથમ આનંદના ગરબાનો કાર્યક્રમ ગાયત્રી મંદિર ખાતે ભક્તિમય વાતાવરણમાં રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ભારત વિકાસ પરિષદની ૧૦૦થી વધુ મહિલા સદસ્યોએ ભાગ લઈને શક્તિની આરાધના ખુબ જ ભાવપૂર્વક કરીને ધન્યતા અનુભવી હતી.

વડાલી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે બિનહરીફ જાહેર

નરેન્દ્રસીંહ રાઠોડ

પ્રતિ. વડલી

વડાલી તાલુકા પંચાયતમાં ગતરોજ પ્રમુખ, ઉપ પ્રમુખની ચૂંટણી મામલતદારની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે કોંગ્રેસ તથા ભાજપના સભ્યોના સંયુક્ત ઉમેદવાર પટેલ વિજયભાઈને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. અને ઉપપ્રમુખ તરીકે કવાણા હિનાબેન દિલીપભાઈને જાહેર કરવામાં આવ્યા હતા તાલુકા પંચાયત કોંગ્રેસે હસ્તગત કરી હતી છતાં કોંગ્રેસના જિલ્લાના તેમજ તાલુકાના પક્ષના મોટા માથાઓની ઉંઘ હરામ થઈ ગઈ હતી કે પ્રમુખ તરીકે કોને મેન્ડેટ આપવું જો કે ભારે મથામણ બાદ છેવટે હારી થાકીને પટેલ વિજયભાઈ જે પ્રમુખ જાહેર કરવા પડ્યા હતા જો પક્ષ મેન્ડેડના આપતો તો પણ વિજયભાઈ સાથે સભ્યોની બહુમતી હતી,

જેની તાકાતથી પ્રમુખ તરીકે નક્કી જ હતા. તમામ સરપંચો તથા જનતામાં ખુશીની લાગણી જોવા મળી હતી. ભાજપના સભ્યોએ પણ વિજયભાઈને ફુલહાર કરી સન્માન કર્યું હતું.

ઓવરલ બીએસસી માઈક્રો બાયોલોજીમાં મીઠીધારીઆલની છાત્રા અવ્વલ નંબરે પાસ

ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના મીઠીધારીઆલ ગામની વતની અને કડીની કે.કે.પટેલ સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતી ઠાકોર શીતલબેન પ્રહલાદજીએ ઓવરલ બીએસસી માઈક્રો બાયોલોજીમાં સીજીપીએ ૭.૯૩ મેળવી ગામ ઠાકોર સમાજ તેમજ કોલેજનું ગૌરવ વધાર્યુ છે. ઉલ્લેખનીય છે કે, શીતલના પિતા પ્રહલાદજી અમરતજી ઠાકોર ખેતી કરે છે. વિદ્યાર્થીનીને અભ્યાસમાં પ્રોત્સાહન તેમજ મદદરૂપ બની કાકા મુકેશજી અને દાદા અમરતજી જુહાજીએ યોગદાન પૂરૂ પાડ્યું હતું. શીતલનું સપનું લેબોરેટરી રિસર્ચ ક્ષેત્રે આગળ ભણવાનું છે.

આઈ.ટી.આઈ. સમી ખાતે ઓગષ્ટ-૨૦૧૮ ના નવા ભરતી સત્ર માટે ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરાશે

પાટણ

પાટણ જિલ્લા હેઠળ આવેલ સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા, (આઈ.ટી.આઈ.) સમી ખાતે ઓગષ્ટ-૨૦૧૮ ના નવા ભરતી સત્ર માટે ઓનલાઈ પ્રવેશ ફોર્મ તા.૨૨/૦૬/૨૦૧૮ સુધી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી શકાશે. ભરેલ પ્રવેશ ફોર્મનું તા.૨૩/૦૬/ ૨૦૧૮ સુધીમાં સંસ્થા ખાતે રજીસ્ટ્રેશન કરી શકાશે. વધુ માહિતી માટે સંસ્થાનો સંપર્ક કરવા ઔધોગિક તાલીમ સંસ્થા સમીના આચાર્યશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

વરસાદના વિલંબના કારણે...

ચાણસ્મા- બહુચરાજી પંથકમાં કપાસના વાવેતરને ખતરો

ચાણસ્મા

ચાણસ્મા - બહુચરાજી પંથકમાં બીટી કપાસનું વાવેતર થયા બાદ વરસાદનું આગમન નહીં થતાં આ પંથકના ખેડુતની ચિંતામાં વધારો થયો છે અને હવામાન ખાતાની આગાહી મુજબ ઉત્તર ગુજરાતમાં આગામી ૩૦ મી જૂન સુધી વાવણી લાયક વરસાદ થશે નહીં તેવી આગાહી કરવામાં આવતા હાલ પાકને બચાવવા ખેડુત પાતાળકૂવાથી સિંચાઈ કરી પાકને જીવતદાન આપી રહ્યો છે.

ચાણસ્મા- બહુચરાજી તાલુકામાં આગામી રવિ સિઝન માટે હાલમાં મોટાપાયે બીટી કપાસનું વાવેતર આજથી એક માસ પૂર્વે કરી દીધું છે. અને આ પાક પાછળ બિયારણ , ખેડ, ખાતર, જંતુનાશક દવાઓ સહિત મોટો ખર્ચ કરેલ છે અને પાતાળકૂવાઓ દ્વારા બીટી કપાસ બચાવવા આઠથી દશ જેટલા પિયત કરી દેવામાં આવ્યા છે અને હજુ નજીકના દિવસોમાં વરસાદનું આગમન થાય તેવા કોઈ ચિન્હો જણાતાં નથી. જેથી વાવેતર બચાવવા ખેડુત હવાતિયા મારી રહ્યો છે.

આ વિસ્તારમાંથી પસાર થતી નર્મદાની કેનાલ અને પેટા કેનાલમાં પિયત માટે પાણી બંધ કરી દેવામાં આવ્યું છે અને જયાં સુધી ચોમાસુ પાણીથી સરદાર સરોવર ડેમમાં પાણીનો સંગ્રહ ન થાય ત્યાં સુધી કેનાલમાં પાણી છોડવા માટે કોઈ જ શક્યતા રહી નથી. જેથી વરસાદ ખેંચાતાં હજુ પણ પાતાળકૂવા ઉપરથી બીટી કપાસ બચાવવા ખેડુતોને પિયત કરવાની નોબત આવી છે. વરસાદ ખેંચાય તો ઘાસચારાની પણ અછત ઉભી થશે તેમ ખેડુતનું માનવું છે. બોર ઉપર માત્ર આઠ કલાક વીજ પુરવઠો મળે છે. તેમજ પિયતના દર ઊંચા હોવાના કારણે ખેડુતોને આર્થિક દષ્ટિએ વેઠવાનો વારો આવ્યો છે. હાલમાં તો ચાતક પક્ષીની જેમ વરસાદની રાહ જોતો ખેડુત આકાશ સામે મીટ માંડીને બેઠો છે.

મોંઘા પાકને બચાવવા ખેડુતોના હવાતીયા

પાટણ જિલ્લામાં આજે યોગ દિવસની ઉજવણી કરાશે

પાટણ

આજે યોજાનાર વિશ્વ યોગ દિવસની ઉજવણી જિલ્લા મથક પાટણ ખાતે, તાલુકા કક્ષાએ અને નગરપાલિકા કક્ષાએ થશે. પાટણ જિલ્લામાં યોજાનાર યોગ દિવસના કાર્યક્રમોની સમીક્ષા બેઠક કલેકટર અનંદ પટેલની અધ્યક્ષતામાં યોજાઇ હતી. જિલ્લામાં પાટણ ખાતે પી.કે. કોટાવાલા આર્ટસ કોલેજ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બી.ડી. હાઈસ્કૂલ, એચ. એન.જી. યુનિવર્સિટી અને શાંતિનિકેત હાઇસ્કૂલ ખાતે યોગ શીબીર યોજાનાર છે. જિલ્લામાં તાલુકા કક્ષાએ પાટણ તાલુકાના રણુજ ખાતે પી.ટી.સી. કોલેજ, માધ્યમિક વિદ્યાલય-ડેર, સરસ્વતી તાલુકામાં સાર્વજનિક વિદ્યાલય-કિમ્બુવા, સાગોડીયા હાઈસ્કૂલ, સિધ્ધપુર તાલુકામાં સ્વામી નારાયણ સ્કૂલ, એલ.એસ. હાઈસ્કૂલ-સિધ્ધપુર, ચાણસ્મા તાલુકામાં પ્રા.શાળા જસલપુર, પ્રા.શાળા જીતોડા, હારીજ તાલુકામાં જે.પી. વિદ્યાલય-અડીયા, એસ.એન.પી. હાઈસ્કૂલ કુકરાણા, સમી તાલુકામાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સમી, કન્યા શાળા-૧ સમી, શંખેશ્વર તાલુકામાં પી.સી. પ્રજાપતિ હાઈસ્કૂલ-શંખેશ્વર, રાધનપુર ખાતે ભણસાલી ટ્રસ્ટ મેદાન, આદર્શ હાઈસ્કૂલ-રાધનપુર અને સાંતલપુર તાલુકામાં સાંતલપુર પ્રાથમિક શાળા નં.-૧, શૈનિક સ્કૂલ વારાહી ખાતે યોગ શિબિરો યોજાનાર છે.

નગરપાલિકા કક્ષાએ ચાણસ્મા ખાતે લાલેશ્વર મહાદેવ, શીશુ મંદિર, સિધ્ધપુર ખાતે રાજપુર કન્યા શાળા નં.-૪, કુમારશાળા નં.-૭, કુમાર પ્રા.શાળા નં.-૧/૬ તથા કન્યાશાળા નં-૨ જુનાગંજ બજાર, રાધનપુર ખાતે કે.બી. વકીલ હાઈસ્કૂલ, નાલંદા વિદ્યાલય અને હારીજ શીશુ મંદીર તેમજ કે.પી.હાઈસ્કૂલની બાજુમાં યોગના કાર્યક્રમો યોજાનાર છે.

બેઠકમાં અધિક નિવાસી કલેકટર બી.જી. પ્રજાપતિ, ડી.વાય.એસ. પી. સોનારા, પ્રાંત ઓફિસર એસ.ડી. ગીલવા, જિ.રામત ગમત અધિકારી વિરેન્દ્ર પટેલ, હેતલબેન પ્રજાપતિ, જિલ્લા પુરવઠા અધિકારી ગીતાબેન દેસાઇ, જિલ્લા શિક્ષણાધિકારી સંજય વ્યાસ સહિત કોલેજો, યુનિવર્સિટી સહીત સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

મિઝલ્સ અને રૂબેલા કેમ્પેઇન અંતર્ગત વર્કશોપ યોજાયો

પાટણ

પાટણ તાલુકાના રણુંજ હાઈસ્કુલ ખાતે પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના આચાર્યશ્રી તેમજ નોડલ શિક્ષકશ્રીઓનો મિઝલ્સ અને રૂબેલા કેમ્પેઇન અંતર્ગત વર્કશોપ રાખવામાં આવેલ. જેમાં અંદાજિત ૧૦૦ ની હાજરી હતી. તા.૧૫ જુલાઈથી મિઝલ્સ અને રૂબેલા(એમ.આર.)રસી ગુજરાત રાજયમાં અભિયાન શરૂ થનાર હોઈ ૯ માસથી ૧૫ વર્ષ સુધીના વયજૂથના તમામ બાળકોને આ રસી મૂકવામાં આવશે.ડૉ.અક્ષય કે.પ્રજાપતિ તાલુકા હેલ્થ ઓફિસર પાટણના માર્ગદર્શન હેઠળ ડૉ.હાર્દિક એસ.પટેલ મેડિકલ ઓફિસર મણુંદ તેમજ ડૉ. હાર્દિક પટેલ આર.બી. એસ.કે. મે.ઓ. દ્વારા પ્રેઝન્ટેશન કરી કેમ્પેઇનની અગત્યતા તેમજ થતા ફાયદાઓ વિશે અને આયોજન બાબતે વર્કશોપમાં હાજર તમામ પ્રિન્સીપાલશ્રી તેમજ નોડલ શિક્ષકશ્રીઓને સચોટ માહિતી આપી અને જણાવેલ કે શાળામાં અભ્યાસ કરતા તમામ બાળકો મિઝલ્સ અને રૂબેલાની રસીથી વંચિત ન રહી જાય અને બાળકના વાલીઓ સાથે મીટીગ કરી તેમને પુરતી માહિતી પુરી પાડી પ્રોત્સાહિત કરી રસી અપાવવા માટે આપના તરફથી અપીલ કરવા જણાવેલ.

યોગએ ભારતીય સંસ્કૃતિની યુગો પુરાણી પરંપરા છે : દિલીપકુમાર ઠાકોર

વિશ્વ યોગ દિવસ નિમિત્તે સહજ રાજયોગ અનુભૂતિ

પાટણ

બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલયના ઉપક્રમે પાટણ જિલ્લાના હારીજ ખાતે વિશ્વ યોગ દિવસ નિમિત્તે સહજ રાજયોગ અનુભૂતિ શિબિરના મુખ્ય મહેમાન પદે થી બોલતાં શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે, યોગ એ ભારતીય સંસ્કૃતિની યુગો પુરાણી પરંપરા છે. આજે માણસ પાસે સંપત્તિ વધી છે. પણ શાંતિ ગઇ છે. જીવનમાં સંપતિ નહી હશે તો ચાલશે પણ શાંતિ અને સમાધાન હોવાં જરૂરી છે. બ્રહ્માકુમારી બહેનો સાંપ્રત સમયની દેવીઓ છે. જેમના થકી સમાજમાં રાજયોગનો પ્રસાર થાય છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજીના યુગમાં પણ માણસ પોતાનાથી વિખુટો પડી ગયો છે. સ્વ સાથે અભિસંધાન માટે યોગા જરૂરી છે. સંગઠનના જિલ્લા પ્રમુખ મોહનભાઇ પટેલે ૨૧ જૂનના વિશ્વ યોગ દિવસને જગત ને ભારત તરફથી આપેલી અનુપમ ભેટ તરીકે સરખાવી હતી. રાજયોગિની ચન્દ્રીકાદીદી એ ઉપસ્થિત સેંકડો પાઠકોને સહજ રાજયોગની અનુભૂતિ કરાવી પ્રેરક પ્રવચન કર્યું હતું. બ્રહ્માકુમારી સરલાદીદીએ આશીર્વાદ પાઠવી જીવનમાં રાજયોગને જીવન પધ્ધતિ બનાવવા અનુરોધ કર્યો હતો. ભાવનગરના તૃપ્તિદીદી અને પાટણના નીલમદીદીએ યોગ પર ઉદ્દબોધન કર્યું હતું. ૫૦૦૦ ઉપરાંત પાઠકોએ સહજ રાજયોગની અનુભૂતિ કરી હતી.

યોગ શિબિરમાં માર્કેટ યાર્ડના ચેરમેન ભગાભાઇ ચૌધરી,હારીજના સતિશભાઇ ઠકકર, સહિત શિબરના આયોજક કૈલાશદીદી અને સમગ્ર ઉત્તર ગુજરાતની બ્રહ્માકુમારી બહેનો આ શિબિરમાં જોડાઇ હતી. કાર્યક્રમનું સુંદર સંચાલન બ્રહ્માકુમારી ધારાદીદીએ કર્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ દીપ પ્રજ્જવલન કર્યું હતું. અત્યંત પવિત્ર અને માંગલિક પ્રસંગે પાઠકોની શિસ્ત, શાંતિ નોંધપાત્ર બની રહ્યાં હતાં. પાટણ કેન્દ્રના નીધીદીદી, હેતલદીદી વગેરેએ સુંદર સંકલન કર્યું હતું.